

ભાગ-૪

# સંસ્કૃતિની રસધાર

પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. આચાર્ય શ્રી વિજય યુગચન્દ્રસૂરિજી મહારાજ પ્રેરિત
શ્રીમતી સૂરજબેન રીખવચંદ સંઘવી ગ્રંથમાળા-૧૬૨

# સંસ્કૃતિની રસધાર

## ભાગ-૪

આર્યાવર્તની અસ્મિતા દર્શાવતા ૨૦ પ્રસંગો

શબ્દશિલ્પી
સિદ્ધહસ્તલેખક પ્રવચન શ્રુતતીર્થ પ્રેરક પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

પ્રકાશક
**પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન**
૧૦-૩૨૬૮-A, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧

પ્રકાશન-નિમિત્ત
સૂરિમંત્ર પ્રભાવક
પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**
આચાર્યપદારોહણના ૨૫ વર્ષ
રજત ઉત્સવ પ્રસંગ
વિ.સં. ૨૦૪૭-૨૦૭૨

લેખક પરિચય
જૈનશાસન શિરતાજ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાવક
સિંહસત્ત્વના સ્વામી પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રદ્યોતક
પ્રશમરસ પયોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન
સિદ્ધહસ્તલેખક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**


| | | |
|---|---|---|
| નામ | : | **સંસ્કૃતિની રસધાર**<br>**ભાગ-૪**<br>**Sanskruti's Rasdhar**<br>**Part-4** |
| પ્રકાશન | : | વૈશાખ-૨૦૭૨, મે-૨૦૧૬ |
| આવૃત્તિ | : | પ્રથમ |
| સાહિત્યસેવા | : | ૪૦-૦૦ |
| પૃષ્ઠ | : | ૮ + ૧૨૦ |
| પ્રતિ | : | ૨૦૦૦ |

મુખ્ય સંપર્કસૂત્ર
**રમેશભાઈ સંઘવી - સુરત. (મો.) 9376770777**

પ્રાપ્તિસ્થાન
(૧) જિતેન્દ્ર જ્વેલર્સ ૧૦૦, ભંડારી સ્ટ્રીટ, ગોળદેવલ, મુંબઈ-૪ (મો.) 9819643462
(૩) ગૂર્જર પ્રકાશન રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અ'વાદ-૧ ફોન : 079-22144663
(૪) પ્રવચન શ્રુતતીર્થ વિરમગામ હાઈવે, શંખેશ્વર. (મો.) 8469377929



# ઓળખ

## સાહિત્ય તીર્થના યાત્રિકની

શ્રુત જેમનો શ્વાસ છે, બહુશ્રુતોને જેમના ઉપર વિશ્વાસ છે.

**એમને ભક્તોની જરૂર નથી, ભક્તોને એમની જરૂર છે.**

કારણ ? એમના હાથમાં જાદુ છે.

**એમણે પસંદ કરેલા ખૂણે, સાહિત્ય સર્જનની ક્ષણે**

ભક્તોને પ્રવેશવું હોય તો ભલે,

**સાહિત્યનો શુદ્ધ શ્વાસ ફેફસામાં ભરવો હોય તો ભલે,**

નહિતર આપણે આપણી રીતે રહેવું. 'નદીની જેમ નિરાંતે વહેવું'.

**આ પંક્તિમાં માનનારા આ સાહિત્ય પુરુષ**

કોઈને જોઈને પાણી પાણી થયા નથી.

**આચાર્ય હરિભદ્રસૂરિજી હોય કે ઉપાધ્યાય યશોવિજયજી,**

મહારાજા કુમારપાળ હોય કે મહારાણા પ્રતાપ,

**દંડનાયક વિમલ હોય કે મહામંત્રી વસ્તુપાલ**

તેઓશ્રી દરેકને મળી ચૂક્યા છે, જોઈ ચૂક્યા છે, સ્પર્શી ચૂક્યા છે,

**ઇતિહાસને એમણે પ્રામાણિકતાથી રજૂ કર્યો છે,**

એકાદ-બે ઉજળી બાજુ ધરાવનારા ચોર લૂંટારાઓને

**દેવના દીકરા જેવા બતાવનારા કે**

એકાદ-બે નબળી બાજુ ધરાવનારા રાજા મહારાજાઓને

**અધમપાત્ર રૂપે દર્શાવનારા લેખકોથી**

એમની કલમ અલગ તરી આવે છે.

**સુકૃત સાગર, પળપળના પલટા, મૃગજળની માયા,**

નળ દમયંતી, મહાસતી મૃગાવતી, મહારાજા ખારવેલ,

**૨૪ તીર્થંકર, વિમલ મંત્રીશ્વર, પાટલીપુત્ર**

આવી અઢળક કૃતિઓથી તેઓએ

**સામાન્ય જનમાનસમાં સંસ્કારનું સિંચન ને વૈરાગ્યનું વાવેતર કર્યું છે.**

'કો'કના તે વેણને વીણી-વીણીને વીરા ઊછી ઉધારા ન કરીએ'

**કવિના આ શબ્દો મુજબ**

સિદ્ધહસ્તસાહિત્ય સર્જક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્

**વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**

હંમેશા પોતાને તુંબડે જ તરતા રહ્યા છે.

**તેઓશ્રીના ચરણ કમલમાં નત મસ્તકે નમન... ભાવસભર વંદન...**

# પ્રકાશકીય

સાહિત્ય પ્રકાશન સમજ અને સમાજના ઘડતરનું પ્રેરક પરિબળ છે. આજના કરાળ કલિકાળમાં ચો તરફ વેર-વાસના-વિપ્લવ આદિની વિકૃતિએ માઝા મૂકી છે. જીવન જીવવાની દિશા અને દશાથી માનવ સમૂહ વિખૂટો પડતો જઈ રહ્યો છે, ત્યારે સંસ્કાર-સંસ્કૃતિ-સદાચાર-ધર્મ-તીર્થરક્ષા-અહિંસા કાજે પ્રાણ પૂરે તેવા સાહિત્ય પ્રકાશનની આવશ્યકતા અતિ વધતી જાય છે.

ધર્મને જીવનની મુખ્ય ધરી પર સ્થિર કર્યા પછી માનવ માત્રની પ્રગતિ સુનિશ્ચિત છે. વાસ્તવિક આધાર તરીકે જો કોઈ હોય, તો તે ધર્મ ને માત્ર ધર્મ છે. આવા ધર્મને પ્રાણાંતે પણ જાળવવાની નેક અને ટેક પેદા થાય, તેવા શુભ-આશયથી પૂજ્યશ્રીની કામણગારી અને કસાયેલી કલમે કંડારાયેલ સાહિત્ય સિંધુમાંથી નાનકડા બિંદુઓ રૂપે આ પુસ્તકો પ્રકાશિત કરતા અમારા અંતરનો આનંદ નિરવધિ બને છે.

સાહિત્ય સર્જક પૂજ્યશ્રીનો આપણા સહુ ઉપર અમાપ ઉપકાર છે. આવું સુષ્ઠુ-સરળ-સાત્ત્વિક-રોમાંચક-રસાળ-બોધપ્રદ સાહિત્યલેખન કરીને પૂજ્યશ્રીએ વિશાળ વાચક વર્ગને ઋણી બનાવ્યો છે.

સૂરિમંત્ર પ્રભાવક પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના આચાર્યપદારોહણના ૨૫ વર્ષના શુભ-આલંબનને પ્રાપ્ત કરીને પૂજ્યશ્રી લિખિત ૨૫ પુસ્તકોનું એક સાથે પ્રકાશન કરવાનો જે પુણ્યલાભ અમને પ્રાપ્ત થયો છે, તેથી અમો ધન્યતા અનુભવીએ છીએ.

શંખેશ્વર તીર્થના પ્રવેશદ્વાર સમા પ્રવચન શ્રુતતીર્થનાં પ્રાંગણે ચતુર્મુખ જિનાલયની પ્રથમ સાલગીરી ઉત્સવ દરમ્યાન સૂરિપદ રજત વર્ષ દિન વૈશાખ સુદ-૬ની પાવન ઘડીએ પ્રગટ થતા આ સાહિત્ય સંપુટના પ્રકાશન કાર્યમાં પૂજ્યશ્રીના શિષ્ય પરિવારરૂપ શ્રમણ-શ્રમણી ભગવંતોના સુંદર સહયોગ પૂર્વક અમારા સંસ્થાના માર્ગદર્શક હૃદયસ્પર્શી પ્રવચનકાર પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય યુગચન્દ્રસૂરિજી** મહારાજાના સદુપદેશથી જે ગુરુભક્તો-શ્રુતભક્તો ઉદારદિલે લાભાન્વિત બન્યા છે, તેની આ તકે હાર્દિક અનુમોદના કરીએ છીએ.

સેંકડો હાથોમાં શોભાવતા આ સાહિત્યને હજારો હાથોમાં રમતું કરવા આપ સહુ વાચકોના સહકારની સદાય અપેક્ષા સાથે......

**લિ. પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન વતી**

**રમેશ રીખવચંદ સંઘવી - સુરત**

સૂરિપદ રજતવર્ષ ઉત્સવ પ્રસંગે પ્રકાશિત ૨૫ પુસ્તક પ્રકાશનના

## લાભાર્થી પરિવારો

### મુખ્ય દાતા

- શ્રીમાન અશોકભાઇ ગજેરા - લક્ષ્મી ડાયમંડ, મુંબઇ
- માતુશ્રી હંસાબેનના આત્મશ્રેયાર્થે બંસીલાલ શાંતિલાલ દલાલ - મુંબઇ
- શ્રીમતી ચેતનાબેન રોહિતભાઇ જોગાણી - મુંબઇ
- શ્રીમતી સોનલબેન કેતનભાઇ ઝવેરી- મુંબઇ
- શ્રીમતી પારૂલબેન ભરતભાઇ કાપડીયા - અમદાવાદ
- શ્રીમતી સેજલબેનના ઉપધાન નિમિત્તે ચન્દ્રાબેન નવીનચન્દ્ર શાહ-મુંબઇ
- શ્રીમતી પરીદાબેન હીતેશભાઇ સરકાર - મુંબઇ
- શ્રીમતી સરોજબેન ભદ્રિકલાલ શ્રોફ - અમદાવાદ
- શ્રીમતી ગીતાબેન સ્વરૂપચંદ મહેતા - મુંબઇ
- શ્રીમતી ધર્મિષ્ઠાબેન સુધીરભાઇ શાહ - અમદાવાદ
- શ્રીમતી હંસાબેન જયંતીભાઇ શાહ - મુંબઇ
- શ્રીમાન નટવરલાલ મૂળચંદ શાહ - માસરરોડવાળા, મુંબઇ
- શ્રીમતી મમતાબેન લલિતભાઇ બી. પટવા - વિસનગર
- શ્રીમતી માયાબેન કેતનભાઇ વસંતલાલ કપાસી - અમદાવાદ
- શ્રીમાન ઉમેદમલજી બાબુલાલજી જૈન - તખતગઢ (રાજસ્થાન)
- તીર્થરત્ન કેવલચંદજી છોગાલાલજી સંકલેશા (રામા) - કલ્યાણ
- શ્રીમાન ભાગચંદજી ગણેશમલજી શ્રીશ્રીમાલ - કલ્યાણ
- પ્રવીણકુમાર પુખરાજજી ફોલામુથાના આત્મશ્રેયાર્થે (આહોર) - કલ્યાણ
- શ્રીમતી પારૂલબેન રાજેશભાઇ છગનલાલ શાહ - વાપી
- નગીનભાઇ પૌષધશાળાના આરાધક ભાઇઓ - પાટણ
- શ્રીમતી પંકુબાઇ ખેમચંદજી ચૌહાણ પરિવાર - દાંતરાઇ



- માતુશ્રી મંગનીબાઈ બાબુલાલજી પ્રતાપજી સતાવત (હરજી) - ભિવંડી
- ડૉ. ભાનુબેન જયંતીલાલ શાહ - સત્રા - મુંબઈ
- મનુભાઈ ત્રિકમલાલના આત્મશ્રેયાર્થે હ. શૈલેષભાઈ શાહ - અમદાવાદ
- સ્વ. રેવીબાઈ માંગીલાલજી જવાનલમજી પરમાર
  હ. ઘીસુલાલ, કુંદનમલ, ડૉ. શ્રેણિક, સંપ્રતિ, ડૉ.વિમલ - વલવણ-પૂના
- શ્રીમતી રશ્મિબેનના અઢારીયા ઉપધાનના ઉપલક્ષ્યમાં
  હ.મહેન્દ્રભાઈ જમનાદાસ દોશી, સાગર, સૌ. પ્રિયંકા તથા અંબર-કોલકાત્તા
- માતુશ્રી જયાબેન બેચરદાસ મહેતા પરિવાર - જેસર - મહુવા
  હ. રાજુભાઈ ડોંબિવલી
- શ્રીમાન ચુનીલાલજી ઘમંડીરામજી ચંદન - સાંચોર
  ચંદન સ્ટીલ લિમિટેડ-મુંબઈ
- ભાઈ કીર્તિકુમાર, માતુશ્રી શાંતાબેન, પિતાશ્રી મોહનલાલ ઝવેરચંદ ઝવેરી - ખેરલાવવાળા (તારાબાગ-મુંબઈ)ના સુકૃતની અનુમોદનાર્થે
  હ. મંજુલાબેન મહેન્દ્રભાઈ ગાંધી - મુંબઈ
- અ.સૌ. ઈન્દ્રાબેન રાકેશકુમાર છત્રગોતાના લગ્નજીવનના ૨૫ વર્ષના ઉપલક્ષ્યમાં - આહોર - કલ્યાણ
- કીરચંદભાઈ જે. શેઠ તથા મનોજભાઈ કે. શેઠના આત્મશ્રેયાર્થે
  હ. નીલાબેન, કલ્પક - સૌ.ઉર્વિ, કુ. ધન્વી શેઠ પરિવાર - સુરેન્દ્રનગર
- ઘોટી નિવાસી સ્વ. જયંતીલાલ ચંદુલાલ મહેતાના સ્મરણાર્થે
  હ. રતિભાઈ, વિશાલકુમાર, દર્શન, વર્ધન
- દોશી જબીબેન પૂનમચંદભાઈ પરસોત્તમદાસ - જેતડાવાળા - અમદાવાદ
  હ. વિપુલ - સૌ. સંગીતા, પિયુષ-સૌ. સેજલ
- સ્વ. ઈન્દુમતીબેન નાથાલાલ ચંપાલાલ શાહના આત્મશ્રેયાર્થે અનીલાબેન-ભુપેન્દ્રભાઈ. પુત્ર : ડૉ. અંકુશ, આતિશ, અનુપ, પુત્રવધૂ : ડૉ. દીપા, રૂપાલી, પન્ના, પૌત્ર : મોક્ષિત, આરવ, વિહાન, પૌત્રી : સ્વરા - કલ્યાણ



- પૂ.સા.શ્રી રમ્યશ્રેયાશ્રીજીના સદુપદેશથી માલેગાંવ નિવાસી શ્રીમતી કાંતાબેન રતિલાલ શાહ બંધુ પરિવાર ડૉ. શૈલેષભાઈ-સુનંદાબેન, અશોકભાઈ-સુનીતાબેન, આશિષભાઈ-નયનાબેન, શ્રીપાળ-નેહા, ઋષભ-ઋત્વી પુત્રી : શુક્લાબેન વિલાસકુમાર શાહ કુ. માન્યા-ટ્વીસા
- ભાભરતીર્થનિવાસી માતુશ્રી ધુડીબેન કાંતિલાલ જીવતલાલ શેઠ પરિવાર હ. રાજેન્દ્રકુમાર - ઉર્મિલાબેન, પુત્ર : દર્શન-વીતરાગ, પુત્રી : શીતલ, કીંજલ, પ્રપૌત્ર : હિતાંશ, પ્રપૌત્રી : સ્તુતિ, ક્રિયા.
- શ્રી ચંપતલાલજી જસરાજજી દોસી - સિરોહી (રાજ.) ધ.પ. લીલાદેવી, પુત્ર - મુકેશ, પ્રવીણ, વિમલ, વિપીન.

## સહયોગી

- શંખેશ્વર પ્રવચન શ્રુતતીર્થ (વિ.સં.૨૦૭૨)ના ઉપધાનતપના આરાધકો
- જાસુદબેનના આત્મશ્રેયાર્થે નવીનભાઈ ચંદુલાલ વિરવાડીયા જેતડા - સુરત
- શ્રીમતી દમયંતીબેન પ્રફુલચન્દ્ર શાહ - ખોડલા - મુંબઈ
- શ્રીમાન દિનેશભાઈ પોપટલાલ શાહ - ધાણધા - મુંબઈ
- શ્રીમતી ભાગવંતીબેન ચંપાલાલજી પાલરેચા - લખમાવા - મુંબઈ
- શ્રીમતી લલિતાબેન નવીનભાઈ ચોપડા - ઘોટી
- એક ગુરુભક્ત પરિવાર - કલ્યાણ
- શ્રીમાન દિનેશકુમાર પ્રવીણકુમારજી જૈન - વાશી - મુંબઈ
- શ્રીમતી દેવીબેન એવંતીલાલ કાંતિલાલ દોશી, રાધનપુર - મુંબઈ
- શ્રીમતી બદામીબેન દેવીચંદજી સિસોદીયાહરણ, પોસાલિયા - થાણા
- શ્રીમાન પારસમલજી પુખરાજજી છાજેડ - માલગઢ - અંધેરી, મુંબઈ
- માતુશ્રી મણીબેન ફુલચંદ કરણીયા - જામનગર - મુલુંડ-મુંબઈ

# કથાક્રમ

ક્રમ | પૃષ્ઠ


| ક્રમ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ગુરુ-સમર્પણની ગૌરવગાથા | ૧ |
| ૨ | પુસ્તકસ્થ વિદ્યા કંઠસ્થ અને હૃદયસ્થ ક્યારે બની શકે ? | ૯ |
| ૩ | સદાચારની સુવાસ | ૧૪ |
| ૪ | લેવાની લડાઈ નહિ, દેવાની દુહાઈ | ૧૯ |
| ૫ | મરીનેય જિવાડવા ઝઝૂમનાર | ૨૭ |
| ૬ | અણદાગ આબરૂ | ૩૫ |
| ૭ | સુષુપ્ત સંસ્કારોનું જાગરણ | ૪૪ |
| ૮ | ''ઉઘાડી રાખજો બારી''ના ગીત ગાયક | ૪૯ |
| ૯ | ભૂતકાલીન ભારતની જ્ઞાન-સમૃદ્ધિ | ૫૯ |
| ૧૦ | દર્દી તરફ કેવી હમદર્દી ! | ૬૫ |
| ૧૧ | અહિંસા પ્રેમી રાજવી | ૭૪ |
| ૧૨ | કુનેહભરી કોઠાસૂઝ | ૭૯ |
| ૧૩ | રૈયતના રક્ષણ કાજે | ૮૫ |
| ૧૪ | હિતકારક હોડદોડ | ૯૦ |
| ૧૫ | ધાર્મિકતા સાથેની ધનિકતા : સોનામાં સુગંધ | ૯૫ |
| ૧૬ | આયુર્વેદની આસ્થાને અખંડ જાળવવા કાજે | ૧૦૦ |
| ૧૭ | આવી હતી મહાજનની આણ, આન, બાન ને શાન! | ૧૦૪ |
| ૧૮ | સ્વમાનની સાચવણી કાજે | ૧૦૮ |
| ૧૯ | શેરની સામે સવા શેર | ૧૧૨ |
| ૨૦ | માલિકની ખાતર મરી ફીટનાર શ્વાનઃ મોતી | ૧૧૬ |

# ૧

# ગુરુ-સમર્પણની ગૌરવગાથા

ગુરુની માતૃસમી ગોદમાં તન-મન-ધન-જીવન દ્વારા બાળકની અદાથી સમર્પિત થઈ જવાની વૃત્તિના પ્રભાવે, પોતાના શિષ્યનો જીવનખેલ ખતમ થઈ જાય, એટલી હદ સુધીની ગોઝારી મનોવૃત્તિમાં રાચનારા ગુરુનીય હૈયાપલટ કરાવવામાં સફળ બનતો શિષ્ય ગુરુનો કૃપાપાત્ર થઈને કેવી રીતે ગુરુ કરતાંય સવાયો બની શકતો હોય છે, એની હૂબહૂ પ્રતીતિ કરાવતો શ્રી રામાનુજાચાર્યના અધ્યયન-કાળમાં બનેલો એક પ્રસંગ જાણવા જેવો છે, એ પ્રસંગ જાણીશું, તો મૂકને વાચાળ બનાવવાની અને લંગડાને પહાડ ચડી જવાની સમર્થતા બક્ષતી 'ગુરુકૃપા'ના પાત્ર બનવાની સિદ્ધિ સિદ્ધ કરવા પાછળ જ બધું ફના કરી દેવાના મનોરથ જાગ્યા વિના નહિ જ રહે.

કાંજીવરં નામક નગરમાં યાદવ પ્રકાશ નામના સંન્યાસી-કુલપતિનો એક આશ્રમ હતો, જે જ્ઞાનાર્જન માટે ખૂબ ખૂબ વખણાતો હતો, એથી દૂરદૂરથી ઘણા વિદ્યાર્થીઓ જ્ઞાનાર્જન માટે ત્યાં આવતા અને સંસ્કૃત ભાષા ઉપરાંત વેદ-વિદ્યામાં પારંગત બનીને એવી વિદ્વત્તા પ્રાપ્ત કરતા કે, જેથી એ વિદ્વાનની સાથે સાથે કાંજીવરં આશ્રમની પ્રસિદ્ધિ પણ ફેલાતી રહેતી. આવી ખ્યાતિ લક્ષ્મણ નામના પ્રજ્ઞા-પ્રતિભાથી સંપન્ન એક વિદ્યાર્થીને પણ એક દહાડો એ આશ્રમમાં ખેંચી લાવી.

યુવાનીના ઉંબરે ઊભેલો લક્ષ્મણ રૂપ-લાવણ્યથી સમૃદ્ધ એવી કામણગારી કાયા ધરાવતો હતો કે, પ્રથમ દર્શને જ એની પર આંખ ઠરી જતી. દર્શકની આંખમાં વસી ગયેલા લક્ષ્મણની સ્મૃતિ પછી ભૂંસવા

માંગે તોય ન ભૂંસાય, એવી રીતે દર્શકના દિલમાં અંકિત થઈ જતી. એનું આશ્રમમાં આગમન થયું અને જાણે આખોય આશ્રમ લક્ષ્મણની આભા-પ્રતિભાથી પ્રકાશિત થઈ ઊઠ્યો, રૂપેરંગે એ જેટલો રૂપાળો હતો, તેથી કેઈગણા વધુ પ્રમાણમાં બુદ્ધિનું તેજ એનામાં ઝગારા મારતું હતું. આવા વિદ્યાર્થીના આગમન-પ્રવેશ બદલ વિદ્યાર્થીઓ જ નહિ, અધ્યાપકો ઉપરાંત કુલપતિ યાદવપ્રકાશ પણ ગૌરવ અનુભવવા માંડ્યા અને બધાની છાતી ગજગજ ફૂલવા માંડી.

થોડા જ દિવસોમાં સહુનાં આકર્ષણનું કેન્દ્ર બની ગયેલો લક્ષ્મણ અધ્યયન કરવા બેસતો, ત્યારે કુલપતિને જાણે એમ જ થતું કે, સામે સરસ્વતી પાઠ લેવા બેસી છે કે શું ? નવા આવનારા વિદ્યાર્થીઓમાં જ નહિ, વર્ષોથી ભણતા વિદ્યાર્થીઓમાં પણ લક્ષ્મણ અગ્રેસર તરીકે ઊપસી આવવા માંડ્યો. એકાદ વર્ષના જ અધ્યયનના પ્રભાવે તો લક્ષ્મણની જ્ઞાન-સમૃદ્ધિ એટલી બધી સીમાતીત બની જવા પામી કે, ભણાવતાં-ભણાવતાં ખુદ કુલપતિ પણ જે શાસ્ત્રપંક્તિ ઉકેલવા જતાં મૂંઝાય અથવા તો એમની વિચાર-દશા વિપરીત-દિશામાં ફંટાતી જણાય, ત્યાં વિનયાવનત બનીને લક્ષ્મણ પોતાને સ્ફુરિત થયેલો સાચો અર્થ એ રીતે નમ્રતાથી જણાવે કે, કુલપતિજી ! આ પંક્તિનું આ જાતનું અર્થઘટન કરીએ તો કેમ ?

લક્ષ્મણની આટલી જ વિનમ્ર વિનવણી કુલપતિ માટે પણ સ્પષ્ટ માર્ગદર્શક બની જતી અને પઠન-પાઠનનો સ્ખલિત થયેલો એ જ્ઞાનપ્રવાહ ખળખળ નાદે પુનઃ વેગ સાથે આગળ વધવા માંડતો. આવું કોકવાર જ નહિ, અવારનવાર અને વારંવાર બનવા પામતું, એથી તો કુલપતિને એ જાતનું ગૌરવ મળતું કે, આવો તેજસ્વી વિદ્યાર્થી તૈયાર કરવા બદલ કુલપતિને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા જ ગણાય ! સાથે સાથે લક્ષ્મણની કીર્તિ પણ એ રીતે ગવાતી કે, કેવી આની પ્રજ્ઞા-પ્રતિભા કે ગુરુ દ્વારા પ્રાપ્ત જ્ઞાનને આ રીતે ઝીલીને એ આજે ગુરુને માટે પણ

સહાયક બનવાનું ઋણ અદા કરવાનો પ્રત્યુપકાર કરવામાં જરાય પાછો પડતો નથી. આ રીતે ગુરુ-શિષ્યનાં ગવાતાં ગાન આશ્રમને તો વધુ વિખ્યાતિ આપતાં જ રહ્યાં, પરંતુ ગુરુના હૈયાના એક ખૂણે ઈર્ષ્યાનાં આછાં આછાં ઈંધણ પેટાવીને એમાં ઘી હોમવામાંય એ ગાન નિમિત્ત બનતાં ગયાં. આમાં જો કે લક્ષ્મણની અંશ જેટલીય નિમિત્ત માત્રતા ન હતી. છતાં અતિ દુઃખદ વાત એ હતી કે, ખુદ કુલપતિ જ આવી હૈયાહોળી પેટાવીને એમાં ઘી હોમવાનું આત્મઘાતી વલણ અપનાવી રહ્યા હતા.

લક્ષ્મણનો એવો કોઈ આશય ન હતો કે, આ રીતે પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરવું ! એ તો માત્ર સહજભાવે જ સ્ફુરેલી સ્ફુરણાને વિનયાવનત બનીને એવા જ શુભભાવથી વ્યક્ત કરતો હતો કે, પઠન-પાઠનનો પ્રવાહ વધુ વાર માટે સ્ખલિત ન થતાં ખળખળ કરતો વહેતો રહે ! સહવિદ્યાર્થીઓ પણ લક્ષ્મણના સ્વયંસ્ફુરિત સ્ફુરણોને આવા જ ભાવથી આવકારી રહ્યા હતા. પરંતુ મનના અજોડ મોડ અને અવળચંડી મનોવૃત્તિને તો કોણ નાથી શક્યું છે કે, કુલપતિ એને નાથી શકે ? મનની અવળચંડાઈનો શિકાર બનેલા કુલપતિના કાળજાના કરંડિયામાં એ જાતના સંદેહનાં સાપોલિયાં સળવળવા માંડ્યાં હતાં કે, મારાથી આગળ આવેલો મારો જ શિષ્ય લક્ષ્મણ મને પછાડીને મારાથી તો આગળ નહિ નીકળી જાય ને ? અને જો આવું કંઈ બને, તો કુલપતિના પદ પરથી મને ભ્રષ્ટ કરીને લક્ષ્મણ જ કુલપતિ બની જાય, તો તો આશ્રમનો સર્વેસર્વા સ્વામી એ જ ગણાય અને પછી તો મારી હકાલપટ્ટી જ થાય કે બીજું કંઈ ?

સંદેહનાં આવાં સાપોલિયાં ધીરે ધીરે મોટાં બનીને એ રીતે સળવળવા માંડ્યાં કે, એ સળવળાટ કાળજે કાંટાની જેમ ભોંકાયા વિના ન રહે. એથી રાત-દિવસ સચિંત રહેતા અને ચિંતાની સગડીમાં સતત શેકાતા-સળગતા રહેતા કુલપતિનો મનસ્તાપ પઠન-પાઠન સમયે વિદ્યાર્થીઓને

પણ થોડો થોડો દઝાડવા માંડ્યો. આના કારણે અધ્યયન-અધ્યાપનમાં જેમ જેમ વધુ સ્ખલના થવા માંડી, એમ એમ લક્ષ્મણ વધુ ને વધુ સહાયક બનવાનું કર્તવ્ય અદા કરવા કટિબદ્ધ બનતો જ રહ્યો. પણ આનો વિપાક કોઈ ધારી-કલ્પી ન શક્યું હોય, એટલો બધો ગોઝરો નીવડવાનો હતો.

એક દહાડો લક્ષ્મણ નદીકિનારે સ્નાન કરવા ગયો. કારણસર એ મોડો પડ્યો હોવાથી સહાધ્યાયીઓનો સથવારો એને ગુમાવવો પડ્યો હતો. એથી એકલો એકલો એ સ્નાન કરી રહ્યો હતો. આવી જ એકલતાની શોધ દિવસો સુધી કરતા રહેલા બે ચાર મારાઓ કાતિલ કટારી ઉગામીને એકાએક ધસી આવ્યા.

સ્નાન પતાવીને નદીકિનારે આવેલા લક્ષ્મણને જોતાંની સાથે જ એ મારાઓની કટ્ટર ક્રૂરતા પાણીની જેમ પીગળી ગઈ અને હાથમાં રહેલી તમતમતી કટારી પણ નીચે પડી ગઈ. લક્ષ્મણનાં સો વરસ કાચી પળમાં જ પૂરાં કરી દઈને એનો જીવન-ખેલ ખતમ કરવા આવેલ એ હત્યારાઓ પહેલી વાર જ લક્ષ્મણને નિહાળીને આભા બની ગયા. એમને થયું કે, આવા તેજસ્વી વિદ્યાર્થીના હત્યારા તો કઈ રીતે બનાય ? આવા બ્રાહ્મણ-પુત્રની હત્યાનું ગોઝારું પાપ તો ભવોભવ સુધી પીછો પકડીને આપણને ખેદાનમેદાન કર્યા વિના નહિ જ રહે!

પથ્થર સમી કઠોર ક્રૂરતા જાણે પળવારમાં બરફની જેમ પીગળી ગઈ અને એ મારા-હત્યારા લક્ષ્મણના પગ પકડીને ધ્રુસકે ધ્રુસકે રડતાં ગુનાનો એકરાર કરીને લક્ષ્મણને વીનવી રહ્યા કે, કુલપતિના કાવતરાની કટારીનો હાથો બનીને અમે તમારા જીવનનાં સોએ સો વરસ કાચી પળમાં જ ઝૂંટવી લઈને તમારા જીવનનો ખેલ ખતમ કરવાનું ગોઝારું પાપ કરવા આવ્યા હોવા છતાં તમારી આ કુમળી કાયા, ઊગતી યુવાની અને લલાટે ઝગારા મારતું બ્રહ્મતેજ જોઈને અમે તો એટલા બધા અંજાઈ ગયા છીએ કે, અમારું કાળજું અમને આ પાપી પગલું ઉઠાવવાનો સાફ સાફ ઇન્કાર કરી રહ્યું છે, એથી કટારી અહીં જ ફેંકી દઈને ભાગી

છૂટતાં પહેલાં અમે તમને ચેતવતા જઈએ છીએ કે, હવે તમે પણ અહીંથી ભાગી છૂટજો. ભૂલેચૂકે હવે આશ્રમમાં પગ મૂકવાની કે કુલપતિના નજરે પણ ચડવાની ભૂલ ન જ કરતા. તમારા જીવન પર તોળાયેલું જોખમ જીવલેણ છે, તમારા પુણ્યે જ અમારી દુર્બુદ્ધિ ટળી જતાં આ ઘાત તો ટળી ગઈ છે. પણ હવે જો તમે આશ્રમનો પડછાયો પણ લીધો, તો જીવતા નહિ જ રહી શકો. માટે અમારી આ ચેતવણી મુજબ મોતના મુખ સમા આશ્રમમાં પ્રવેશવાની ભૂલ ભૂલેચૂકે પણ ન જ કરતા.

દીવા જેવી સ્પષ્ટ આટલી ચેતવણી આપીને હત્યાના કાવતરાનો ઘટસ્ફોટ કરવાપૂર્વક હત્યારાઓ ભાગી છૂટ્યા. આ સાંભળીને લક્ષ્મણને આજે ધરતીનો આધાર અને આકાશનું છત્ર આ બંને એકીસાથે હટી જતાં પોતે સાવ નોંધારો અને કિંકર્તવ્યમૂઢ બની ગયો હોય, એમ લાગ્યું. આજે આશ્રમથી આવવામાં એ જેમ મોડો પડ્યો હતો, એમ આશ્રમમાં પહોંચવામાં પણ મોડા જ પડાય એમ લાગતું હતું. લક્ષ્મણ નદીકિનારે એક વડલાની છાયામાં ફસડાઈ પડ્યો અને એની મનોસૃષ્ટિમાં સંકલ્પ-વિકલ્પોનું ઘમસાણ મચી ગયું.

વિચારોનાં વાવાઝોડાંમાં આમથી તેમ ને તેમથી આમ અથડાતાં લક્ષ્મણને એ જ સમજાતું ન હતું કે, મારી કઈ ભૂલના કારણે કુલપતિને આટલી હદ સુધીનું પગલું ભરવાની ફરજ પડી. એમના હૈયામાં તેમજ તમામ સહાધ્યાયીઓના મનમાં જેમ મારું સ્થાન-માન છે, એમ મારા હૈયે પણ આ બધા જ બિરાજમાન છે. પછી કઈ ભૂલ શૂલ બનીને કુલપતિના કાળજે ભોંકાવા માંડી કે, મારી પર આવી જીવલેણ અકૃપા કરવા એમને લાચાર બનવું પડ્યું ! વિચારોનો વેગ ખાળી ન શકતા, લક્ષ્મણ એકદમ શૂન્યમના બનીને પોતાની વૃત્તિ-પ્રવૃત્તિઓની અંધારઘેરી ગેબી ગુફાઓમાં આમતેમ અથડાઈ રહ્યો, ત્યાં જ એક તેજલિસોટો દેખાતાં લક્ષ્મણની નજર એની પર કેન્દ્રિત થવા પામી અને પોતાની એક ભૂલ એણે પકડી પાડી. ગાલ પર ચૂંટી ખણીને એ બોલી ઊઠ્યો : હા, હા.

ગુરુદેવને પઠન-પાઠનમા હું અવારનવાર સહાયક બનતો, આ જ મારી ભારેખમ ભૂલ! ભૂલ પકડી જતાં લક્ષ્મણની વિચારધારા આગળ વધીઃ આ રીતે મારી વિદ્વત્તાનું પ્રદર્શન કરવાનું ગાંડપણ મેં ન કર્યું હોત, તો મારે આવો વિપાક જોવાનો દહાડો ન જ આવ્યો હોત. હું રૂપેરંગે રૂડો છું. સરસ્વતીની ઠીક ઠીક કૃપા મારી પર વરસે છે. લોકો મારા ગુણ ગાતાં થાકતા નથી. આ અંગે તો હું લોકોના મોઢે મૌનનાં તાળાં મારવાનું ન જ કહી શકું. પણ હું મારી વિદ્વત્તાનો દેખાડો કરવાની ઘેલછાથી તો જરૂર મુક્ત રહી શક્યો હોત, તો આ રીતે જિંદગી જોખમમાં ન મુકાત. કંઈ નહિ, બીત ગઈ સો બીત ગઈ ! હવે તો જાગ્યા ત્યારથી જ સવાર નહિ, પણ હવે તો જાગી જઈને પણ સવાર માણવી જ છે. હતાશ-ભગ્નાશ લક્ષ્મણ તેજલિસોટાના દર્શને ઊભો થઈ ગયો. શરીર પર ચોંટેલી ધૂળ ખંખેરી નાંખીને એણે, મક્કમ મને એવો નિર્ણય લઈ લીધો કે, હત્યારાઓના કહેવા મુજબ મારે ભાગી છૂટવું નથી, પણ આશ્રમનો આશ્રય લઈને એ જ કુલપતિ-ગુરુની ગોદમાં નાના બાળકની અદાથી સમાઈ જવું છે. ભાગી છૂટીશ, તો આજીવન પીછો પકડીને ભયની ભૂતાવળો મને મોતથી ડરાવતી રહીને જીવનની મોજ નહિ જ માણવા દે, પણ ગુરુની ગોદમાં સમાઈ જવાની સિદ્ધિ જો હું સિદ્ધ કરી શકીશ, તો મારું સમર્પણ જ ગુરુની હૈયાપલટ કરાવીને એવી આશીર્વર્ષા કરાવવામાં સફળ બનશે કે, જેના બળે ગુરુ જ મારામાં એવો શક્તિપાત કરશે કે, ગુરુથી સવાયા આ શિષ્યને જોઈ-સાંભળીને એમની જ આંખેથી વહેતી આશીર્વાદથી છલોછલ અશ્રુધારાનો અભિષેક માણવા મારા જેવો અદનો આદમીય સૌભાગ્યશાળી નીવડશે.

લક્ષ્મણ નદીસ્નાન પતાવીને આવતાં મોડો પડ્યો હોવાથી સંપૂર્ણ આશ્રમ ચિંતિત જણાતો હતો. એકમાત્ર કુલપતિ જ નિશ્ચિત હોવા છતાં એ નિશ્ચિતતા કળાઈ ન જાય, એથી એમનો માત્ર ચહેરો જ ચિંતિત લાગતો હતો, ત્યાં તો સહુના આશ્ચર્ય વચ્ચે એકાએક જ લક્ષ્મણનું

આગમન સૌની નજરે ચડ્યું. સૌ એને ઘણું ઘણું પૂછવા આતુર હતા, પરંતુ કંઈ પણ જણાવવાની આતુરતા કરતાં ગુરુગોદમાં સમાઈ જવાની લગન એનામાં અગનની જેમ જાગી ચૂકી હતી, એથી ગુરુ સમક્ષ પહોંચી જઈને એણે બારણાં બંધ કરવા પૂર્વક દિલનાં દ્વાર ફટાક કરતાં ખોલી નાખતા એટલું જ કહ્યું કે, આ કટારી આપની આજ્ઞાનું પાલન કરવા કાયર સાબિત થઈ હોવાથી હું એને આપને સુપરત કરવા આવ્યો છું. મને જિવાડવો કે મારવો એ હવે આપને આધીન છે. જિવાડશો તો હું માનીશ કે, આપની કૃપા થઈ, એથી આજીવન આપની ગોદમાં સમાઈ જવાનો સંકલ્પ સિદ્ધ કરવા હું સદ્ભાગ્યશાળી નીવડી શકીશ, નહિ તો એવા મનોરથ સેવતો સેવતો ચરણ-કમળમાં કમળ-પૂજાના મનોરથની પૂર્તિ રૂપે આ મસ્તકનું સમર્પણ કરવા એવી ભાવના સાથે પ્રાણ છોડીશ કે, આવતા ભવમાં ગુરુઋણમાંથી મુક્ત થઈ શકું, એવો ભવ મળે અને એમાં મને ગુરુ તરીકે આપનો જ ભેટો થવા પામે.

આંખની પાંપણની પાળ પાછળ માંડમાંડ સુરક્ષિત રાખેલો અશ્રુપ્રવાહ, લક્ષ્મણે જ્યાં આટલું કથન પૂર્ણ કર્યું, ત્યાં જ પાંપણની એ પાળ તોડી ફોડીને પૂર રૂપે ફરી વળ્યો અને લક્ષ્મણસહિત કુલપતિનેય ભીંજવી રહ્યો. લક્ષ્મણની ભાવ-વિભોરતા અને લાગણીભીના શબ્દો કુલપતિના કઠોર કાળજાનેય પીગળાવી ગયા. એમને તો એમ જ લાગ્યું કે, આમાં તો પોતે જ ખરેખરા દોષિત છે, વહેમ, સંદેહ અને કલ્પનાના ભોગ જ નહિ, પણ શિકાર બનીને પોતાનું પેટ ચોળીને, પોતે જ આ પીડા ઊભી કરી હોવાથી એમના પોતાના હૈયામાં તો લક્ષ્મણ કરતાંય વધુ હલચલ, ખળભળાટ અને વલોપાત મચી ગયો. એઓ સમજી શકતા ન હતા કે, ક્યા શબ્દોમાં લક્ષ્મણની માફી માંગવી! એથી પોતાના બે બાહુ પ્રસારીને એમણે લક્ષ્મણને બાથમાં લઈને હૈયાસારસો ચાંપી લીધો. નાનો બાળક માની ગોદમાં સમાઈ જાય, એમ લક્ષ્મણ પણ ગુરુગોદ પામીને મુક્તકંઠે રડવા દ્વારા હૈયું ખાલી કરવા મથી રહ્યો. કુલપતિની

પણ આવી જ દશા હતી. થોડા સમય સુધી ગુરુશિષ્ય બંને મુક્તકંઠે રડતા જ રહ્યા. અંતરમાં આગ હતી, આંખોમાં આંસુ હતાં. વાદળી વરસી જતા આકાશ જેમ નિરભ્ર બની જાય, એમ ગુરુ-શિષ્ય વચ્ચે મૌનની મુદ્રામાં જ જાણે ઘણી ઘણી વાતો-ખુલાસાઓ થઈ જતાં બંને એકદમ નિઃશંક બની ગયા, કલંકિત એ ભૂતકાળ ભુલાતો-ભૂંસાતો ચાલ્યો અને સમર્પણની કીર્તિગાથા ગાતો નવો જ ઈતિહાસ સુવર્ણાક્ષરે અંકિત થવા માંડ્યો.

વાતે વાતે ગુરુના હૈયેથી એવો અંતર્નાદ રેલાતો જ રહ્યો કે, વત્સ! તું આજ પછીની આવતીકાલે ગુરુ કરતાં સવાયા શિષ્ય રૂપે આચાર્યપદે પ્રતિષ્ઠિત-અભિષિક્ત બનીને મારું પણ નામ રોશન કરી શકીશ. ઈતિહાસ સાખ પૂરે છે કે, કુલપતિના આ અંતર્નાદ સાવ સાચા સાબિત થયા. કેમ કે ગુરુસમર્પિત આ શિષ્ય લક્ષ્મણ જ આગળ જતાં ભવિષ્યમાં રામાનુજાચાર્યનાં નામે-કામે ભારતમાં વિખ્યાત થયા.

૨

# પુસ્તકસ્થ વિદ્યા કંઠસ્થ અને હૃદયસ્થ ક્યારે બની શકે ?

પુસ્તકસ્થ સૂત્રો-સ્તવનોને કંઠસ્થ કરવાની આપણી પ્રાચીન પરંપરા આજે 'ગોખણપટ્ટી'ના નામે વગોવાઈ રહી છે, એના જ એક વિપાક રૂપે પુસ્તકમાં જોઈને સૂત્ર-સ્વાધ્યાય કરનારો વર્ગ વધી રહ્યો છે અને ચોપડીમાં જોઈજોઈને સ્તવનગાન કરનારા ભક્તોની સંખ્યામાં ભરતી આવી રહી છે, વર્તમાનના આવા વિકૃત વાતાવરણમાં કંઠસ્થીકરણનો મહિમા સમજાવવાપૂર્વક કંઠસ્થ સૂત્ર-સ્વાધ્યાય તેમજ સ્તવનગાન માટેની સચોટ અને ભરપૂર પ્રેરણા પૂરો પાડવા સમર્થ એક પ્રસંગ ખાસ ખાસ જાણવા અને માણવા જેવો છે.

લોકસેવક તરીકે ગુજરાતમાં પ્રખ્યાત રવિશંકર મહારાજના જીવનનો વર્ષો પૂર્વેનો આ એક પ્રસંગ છે. સેવાકાર્ય માટે ગામડે ગામડે ઘૂમવાની એમની પ્રવૃત્તિ અને વૃત્તિ ત્યારે જાણીતી અને માનીતી હતી. ગીતાનો પાઠ એમના જીવન સાથે જોડાયેલો એક નિત્યક્રમ હતો. દિવસે સમય ન મળે, એથી રાતે બે ત્રણ વાગે જાગી જઈને તેઓ સંપૂર્ણ ગીતાપાઠ કરતા. ગામડા ગામમાં વીજળી-લાઇટનો ત્યારે પગપેસારો થયો ન હતો, એથી રાતે દીવો પેટાવીને એના અજવાળામાં ગીતાપાઠનો નિત્યક્રમ તેઓ અખંડ જાળવી જાણતા.

મહારાજ પ્રૌઢવય વટાવીને જીવનમાં આગળ વધી રહ્યા હતા, એથી ગીતાને કંઠસ્થ કરવાનો અને પુસ્તકની પરાધીનતા રાખ્યા વિના ગીતા

સ્વાધ્યાય કરવાનો એમનો મનોરથ હજી સફળ નહોતો થયો. એથી તેઓ જેના ઘરની મહેમાનગતિ સ્વીકારતા એને અનુભવવી પડતી તકલીફથી પૂરેપૂરા પરિચિત પણ હતા. આને ઉકેલવાનો ઉપાય એક જ હતો કે, પુસ્તકસ્થ ગીતાને કંઠસ્થ કરવી! કંઠસ્થ થયેલી ગીતાને પછી હૃદયસ્થ બનાવવી, એ સહેલું બની જાય. પણ આ ઉપાયની ઉપાસના કરવી હોય, તો સમયનો ભોગ આપવો પડે અને ગીતાને પોતાના નામની જેમ જ યાદ રાખવી પડે.

જેના ઘરે મહારાજ મહેમાન બન્યા હોય, એ ઘર આમ તો પૂરેપૂરું મહારાજની સેવામાં દિનરાત ખડેપગે સજ્જ જ રહેતું. એથી ગીતાપાઠ માટે રાતે દીવો કરવાના સેવાકાર્યને એ ઘરવાળા સહર્ષ અદા કરતા, આમ છતાં આ માટે ઘરમાંથી એકાદ વ્યક્તિને રાતે બે ત્રણ વાગે જાગવું પડતું. એ વાત મહારાજના મનમાં સતત ખૂંચ્યા જ કરતી હતી. એથી દૃઢપ્રણિધાન કરીને એમણે ગીતા કંઠસ્થ કરવાની શરૂઆત કરી. નાના બાળકની જેમ ગીતાના શ્લોકેશ્લોકનું રટણ કર્યા વિના ગીતાને કંઠસ્થ બનાવી શકાય, એ શક્ય જ નહોતું. એથી વ્યસ્ત જીવનમાંથીય સમય કાઢીને થોડા મહિનાઓને અંતે દિવસોથી સેવેલા મનોરથને મહારાજ સફળ કરીને જ જંપ્યા. આ પૂર્વે તો આંખોને પુસ્તકમાં સ્થિર રાખવી પડતી, એથી ગીતાપાઠમાં મનને એકાગ્ર ન બનાવી શકાતું. એથી અક્ષરો સાથે જ એકાગ્રતા સધાતી, પણ હવે ગીતા કંઠસ્થ થઈ જતાં એના પાઠ સમયે ગીતાના અર્થ સાથે મનની તન્મયતા કેળવી શકાતી. એથી ગીતા-સ્વાધ્યાય દ્વારા અનેરી આનંદાનુભૂતિ માણી શકાતી. આમ, પુસ્તકસ્થ ગીતા કંઠસ્થ થયા બાદ એને હવે હૃદયસ્થ બનાવવાની ભાવના પણ ધીરે ધીરે ફલિત બનવા માંડી.

પુસ્તકસ્થ-ગીતા પાઠ દ્વારા વર્ષોથી જે ગીતા સાથે એકાકાર નહોતું બની શકાયું, એ એકાકારતા કંઠસ્થ-ગીતાના પાઠ દ્વારા સાધી શકાતાં, મહારાજને ગીતાપાઠ દ્વારા કોઈ નવી જ દિશા અને નવા જ દેશનાં દ્વાર

ખુલ્લા થઈ રહ્યાં હોય, એ જાતની સ્વાનુભૂતિ થવા માંડી. ગામડે ગામડે ઘૂમવાની પ્રવૃત્તિ તો ચાલુ જ રહી. એમાં ઘણી વાર જે ગામમાં અને જે ઘરમાં એક વાર મહેમાન બનાયું હોય, ત્યાં બીજી વાર મહેમાનગતિ માણવાનો પ્રસંગ પણ આવતો, એ મુજબ મહારાજ ઈ.સ. ૧૯૫૮માં વિસનગર આવતાં પ્રાણશંકર મહેતાના મહેમાન બન્યા, વર્ષો પૂર્વે આ ઘરની મહેમાનગતિ માણી, ત્યારે ગીતાપાઠ માટે દીવો કરવા એક વ્યક્તિને જાગવું પડ્યું હતું, આ પછી નિદ્રા સાથે તૂટી ગયેલું એનું જોડાણ પુનઃ માંડ માંડ અનુસંધાન સાધી શકાતું હતું. આ વાતને મહારાજ વર્ષો પછી પણ ભૂલ્યા ન હતા. એથી રાત પડતાં જ એમણે સૂચના આપી દીધી કે, તમે બધા નિશ્ચિંત બનીને સૂઈ જજો. હવે ગીતાપાઠ માટે દીવો કરવાની આવશ્યકતા નહિ રહે.

આ સાંભળીને મહેતાએ આશ્ચર્ય અનુભવતાં પ્રશ્ન કર્યો કે, મહારાજ! ગીતાપાઠનો આપનો નિત્યક્રમ શું ખંડિત બની ગયો! મન એ માનવા તૈયાર નથી કે, સંકલ્પથી આપ ચલ-વિચલ બની જાવ.

જવાબ વાળતાં મહારાજે સાવ સાહજિકતાથી કહ્યું કે, મહેતા ! સંકલ્પથી ચલ-વિચલ થવાનું તો મને સ્વપ્નેય ન સૂઝે. ગીતાપાઠનો નિત્યક્રમ કંઈ તૂટે ખરો? ગીતાપાઠ તો આજ સુધી અખંડિત રીતે ચાલુ જ છે. પણ યજમાનને રાતે દીવો કરવામાં પડતી તકલીફ મારા દિલને ડંખ્યા કરતી હતી. માટે મેં ગીતાને કંઠસ્થ કરી લીધી હોવાથી હવે પુસ્તક કે દીવાની સહાય લીધા વિના જ ગીતાપાઠ થઈ શકે છે.

મહારાજનો આ જવાબ સાંભળીને મહેતા સાશ્ચર્ય પૂછી બેઠા કે, શું આટલી મોટી ઉંમરે આપે ગીતા કંઠસ્થ કરી? આખી ગીતા યાદ રાખવી કંઈ સહેલી વાત નથી! આપ કઈ રીતે ગીતા કંઠસ્થ કરી શક્યા? આટલો સમય મળવો જ મુશ્કેલ ગણાય, સમય મળે તોય ગીતાના અક્ષરેઅક્ષરને પોતાના નામની જેમ યાદ રાખવો, એ તો જરાય સહેલું ન જ ગણાય.

મહારાજે કહ્યું : કાળા માથાનો માનવી ધારે એ કરી શકે, આ કહેવત કંઈ ખોટી નથી! આપણે ધારતા નથી, માટે જ સહેલું કાર્ય પણ અઘરું જણાતું હોય છે. જો બરાબર સંકલ્પ કરીને ધારીએ, તો અઘરું ગણાતું કાર્ય પણ સાવ સહેલું અને સરળ બની જાય, મને પણ શરૂઆતમાં તો એમ જ લાગતું કે, આખી ગીતા કઈ રીતે કંઠસ્થ કરી શકીશ? પણ 'કરેંગે યા મરેંગે' જેવી ઢીલીપોચી વૃત્તિ નહિ, પરંતુ 'મરેંગે લેકિન કરકે રહેંગે' જેવા દૃઢ સંકલ્પ સાથે મચી પડ્યો, તો ગીતા કંઠસ્થ કરી શક્યો અને ગીતાપાઠનો ખરો આનંદ તો હવે જ લૂંટી શકું છું.

આ સાંભળીને મહેતા મહારાજની ગીતાભક્તિ પર આફરીન થઈ જવા ઉપરાંત એ સનાતન સત્યનો સાક્ષાત્કાર પામી શક્યા કે, પુસ્તકસ્થ જ્ઞાનને હૃદયસ્થ બનાવવું હોય, તો એને કંઠસ્થ કરવું અનિવાર્ય ગણાય.

આ પ્રસંગ પરથી એવો બોધપાઠ લઈએ કે, પુસ્તકસ્થ સૂત્રો-સ્તવનો-સજ્ઝાયોને સૌપ્રથમ વાંચીએ-વિચારીએ, પછી કંઠસ્થ કરવાના માધ્યમે વારંવાર પુનરાવર્તન કરીને અંતે હૃદયસ્થ બનાવીએ.

પુસ્તકસ્થ સૂત્ર-સ્તવનોનું વાંચીને પુનરાવર્તન કરવું અને કંઠસ્થ સૂત્ર-સ્તવનોનું પુનરાવર્તન કે ગાન કરવું. આ બે વચ્ચેના આભ-ગાભ જેવા અંતરને ઓળખી લેવા જેવું છે. પહેલી ક્રિયામાં પ્રત-પાનાં કે અક્ષરો પર જ આંખ કેન્દ્રિત કરવી પડતી હોય છે, બીજીમાં સ્વાધ્યાય સમયે અક્ષરોથી આગળ વધીને અંતર અર્થ પર કેન્દ્રિત થઈ શકાતું હોય છે અને ભગવદ્ભક્તિની પળોમાં વારંવાર ચોપડીમાં જ ચોટાડવી પડતી આંખોને પ્રભુજીની પ્રતિમા પર નિરંતર કેન્દ્રિત કરી શકાતી હોય છે. ચોપડીમાં આંખ રાખીને સ્તવનગાન થાય અને ભગવાન આંખ સમક્ષ હોય, ત્યારે જે ભક્તિગાન થાય, આ બે વચ્ચેનો તફાવત તો ચોપડીમાં જોઈને સ્તવન બોલી જનાર અને ભગવાન સમક્ષ આંખ સ્થિર કરીને ભગવત્ભક્તિમાં લયલીન બનનારા ભક્તની ભાવધારાને જોવાનો પ્રયત્ન થાય, તો તરત જ કળાઈ આવે.

કંઠસ્થ સૂત્રોના પુનરાવર્તન સમયે આંખ બંધ રાખી શકાતી હોવાથી યત્રતત્ર ભટકતા મનને પણ સ્થિર કરી શકાતું હોય છે, એથી તન પર પણ નિયંત્રણ આવી શકતું હોય છે. આ રીતે તન-મન-વચનની ચંચળતા દૂર કરવામાં કંઠસ્થનો સ્વાધ્યાય સફળ સાબિત થયો હોય છે. પુસ્તકસ્થ સૂત્રના સ્વાધ્યાય માટે અમુક જ પ્રકારના સ્થળ-કાળ-પરિબળ અપેક્ષિત હોય છે. કંઠસ્થનો સ્વાધ્યાય આવી અપેક્ષા વિના સ્વતઃ સ્વના સહારે જ થઈ શકતો હોય છે.

જ્ઞાની પુરુષોએ પોતાની વિદ્વત્તાના પ્રદર્શન માટે નહિ, પણ વાચકોના વર્તનમાં વણાઈ જાય, એ માટે ઉપદેશક સૂત્રો પુસ્તકસ્થ બનાવ્યાં છે અને આ હેતુ સૂત્રો જો હૃદયસ્થ બને, તો જ સિદ્ધ થઈ શકે અને આવી સિદ્ધિનું સંપાદન તો જ થઈ શકે કે, જો એ સૂત્રો કંઠસ્થ કરવામાં આવે! સો ટચના સુવર્ણ જેવી આટલી વાત જો સમજાઈ જાય, તો જ 'ગોખણપટ્ટી' તરીકે જેની વગોવણી આજે થઈ રહી છે, એ કંઠસ્થીકરણ પુનઃ પોતાના એ જ પ્રતિષ્ઠિત પદે પુનઃસુસ્થિરપ્રતિષ્ઠા પામી શકે!

3

# સદાચારની સુવાસ

વડવાઈઓની વણઝાર સાથે ધરતી પર વિસ્તરેલા વિશાળ વડલાને જોઈએ, ત્યારે એવું આશ્ચર્ય થાય કે, આવી વિશાળતા વડલાએ કઈ રીતે સિદ્ધ કરી હશે ? શું વડલાના ભાગે અને ભાગ્યે આવી વિશાળતા એકાએક જ આકાશમાંથી ટપકી પડી હશે? ના, બીજ રૂપે જે વિશાળતા વડલામાં ધરબાઈ હોય છે એ જ દિવસે દિવસે વૃદ્ધિંગત થતું બીજ જ વિશાળ વડલામાં પલટાઈ જતું હોય છે. વડલાને લાગુ પડતો આ નિયમ માનવને પણ એટલો જ લાગુ પડે. બીજ રૂપે બાલ્યાવસ્થામાં જે વિષયની રસરુચિ અંકુરિત હોય, એ જ રસરુચિ જ્યારે વૃદ્ધિંગત બનીને કોઈ સિદ્ધિના સ્વરૂપમાં દર્શન દે, ત્યારે આશ્ચર્યચકિત થઈ જતાં એવું અચરજ જાગ્યા વિના ન રહી શકે કે, આવી સિદ્ધિ આને સ્વયંવરા થઈને કઈ રીતે વરી ગઈ હશે?

પુરાતત્ત્વના ક્ષેત્રે ભગવાનલાલ ઈન્દ્રજીએ જે વિરલ સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી એથી એમનાં નામકામની સ્મૃતિ થતાં જ ભલભલાનાં મસ્તક નત-નમ્ર બની જતાં, કોઈથી ઉકેલી ન શકાય, એવો ખારવેલ વિષયક શિલાલેખ એમણે ભગીરથ જહેમત ઉઠાવીને ઉકેલ્યો, એથી જ કલિંગ ચક્રવર્તી તરીકે ખારવેલને આજની દુનિયા અને સવિશેષ રીતે જૈનજગત ઓળખી શક્યું. એ શિલાલેખનો ઉકેલ કોઈને શક્ય જ જણાતો ન હતો. પણ એમણે એ અક્ષરોને ઉકેલી આપ્યા, આ સિદ્ધિએ તો એમને પુરાતત્ત્વના આકાશમાં તેજસ્વી નક્ષત્રની જેમ ચમકાવી દીધા. એમનામાં વિકસેલા પુરાતત્ત્વના પ્રેમનું પ્રેરક-બળ ક્યું હતું ? બાલ્યવયમાં

'ભગા'તરીકે ઓળખાતા એઓ 'ભગવાનલાલ'તરીકેની વિખ્યાતિ કઈ રીતે વર્યા ? એ જાણવા જેવું છે. એ જાણકારી મેળવીશું, તો એ સનાતન સત્યનો આપણને સાક્ષાત્કાર થવા પામશે કે, જો વિષયની રસરુચિ બીજ તરીકે માનવીના જીવનમાં, મનમાં કે વચનમાં ધરબાઈ હોય, એ જ અનુકૂળ સંજોગો મળતા સિદ્ધિમાં પલટાઈને દુનિયાને દિંગ કરી જતી હોય છે.

સાધારણ પરિવારમાં જૂનાગઢ ખાતે જન્મેલા એક બાળકનું નામ તો 'ભગવાન' પાડવામાં આવ્યું હતું. થોડા મહિના સુધી તો સૌ એને ભગવાનના નામે જ બોલાવતા રહ્યા. પણ એ જ્યાં નિશાળમાં દાખલ થયો અને ભણવા કરતાં ભટકવામાં જ વધુ સમય ગાળતો ગયો, ત્યાં જ સૌ એને 'ભગો'ના નામે વગોવતા રહ્યા. નિશાળમાં પલાંઠી લગાવીને બેસવા કરતાં લાઠી લઈને આસપાસ ઘૂમતા જ રહેવાની 'રખડપટ્ટી' એને સદી ગઈ, ત્યારે સગાંવહાલાં તથા સ્વજનોએ પણ ભણવા માટેના ઘોંચપરોણા કરવા માંડી વાળીને ભગાને ભગાની રીતે જ જીવવા દેવાની છૂટ આપી દીધા જેવું વલણ અપનાવ્યું, એથી રખડપટ્ટીના એના 'શોખ'માં 'શોધખોળ'ની રસરુચિ ઉમેરાઈ અને એથી જંગલમાં ફરતાં ફરતાં એની નજર જૂનાં શિલ્પ, ખોદકામ કરતાં બહાર આવેલી સાવ સામાન્ય જણાતી ચીજો, ભગ્નાવશેષો જેવા ભંગારને શૃંગાર સમો ગણીને એનો સંગ્રહ કરવામાં જ તલ્લીન રહેવા માંડી.

ઘરને જાણે વખાર સમજીને જ ભગાએ જ્યારે આવો ભંગાર ઘરઆંગણે ઠલવી દેવા માંડ્યો, ત્યારે એક દિવસ માતા અને મોટા ભાઈએ જરા કરડાકીથી ભગાને ઠપકાર્યો કે, ભગા! ભટકી ભટકીને તેં આ બધું શું ભેગું કરવા માંડ્યું છે! આ કંઈ કચરો ઠલવવાની વખાર નથી, આ તો રહેવાનું ઘર છે. માટે તું આવો ભંગાર ભેગો કરતો જ રહીશ, તો એ ભંગારની સાથે તનેય ઘરવટો આપીને ઘરમાંથી બહાર કાઢી મૂકવો પડશે. માટે તારે આ ઘરમાં રહેવું હોય, તો હવેથી આવો ભંગાર ભેગો કરવાનું માંડી વાળ.

મોટા ભાઈની આ ચીમકી સાંભળીને ભગો જૂના જૂના એ અવશેષો પર નજર દોડાવીને એવું વિચારી રહ્યો કે, આમાં જે ચીજ સાવ નકામી લાગે, એને કાઢી નાખું, તો એની જગ્યાએ કામની જૂની જૂની જણસોને સ્થાન મળી શકે, ભગાને જૂના સાથે એવી જિગરી-દોસ્તી બંધાઈ ચૂકી હતી કે, ખૂબ ખૂબ વિચાર કર્યા પછી પણ કોઈ ચીજને ફેંકી દેતાં એનો જીવ ન ચાલ્યો. આ પછી એણે નક્કી કર્યું કે, આવી જૂની ચીજો હવે ઘરે ન લાવતાં જંગલમાં જ કોઈ જગાએ એકઠી કરતા રહેવું, એને કોઈ ચોરી તો જવાનું જ નથી. સોનું રૂપું હજી ચોરાય, પણ જૂનો ભંગાર ભેટમાં મળતો હોય, તોય કોણ એને સંઘરે?

જૂનાગઢનો ગઢ-કોટ-કિલ્લો ખરેખર નામ મુજબ જૂની જૂની જણસોનો ગઢ જ હતો, એથી ભગો એમાં ભટક્યા જ કરતો, તોય ધરાતો નહિ, ભ્રમણ દરમિયાન જે કંઈ જૂનું જોવા મળે, એનો એક જગાએ ભગાએ સંગ્રહ કરવા માંડ્યો, એથી ઘરને વખારમાં ફેરવી નાખવા જેવી એની પ્રવૃત્તિ આગળ વધતી અટકી ગયાનો સૌએ સંતોષ અનુભવ્યો, પણ એની રખડપટ્ટી તો ચાલુ જ રહી હતી, એ અંગેનો કચવાટ તો એમનો એમ જ રહ્યો.

ભગો હવે કંઈ ભગલો-કીકો નહોતો રહ્યો. ચૌદેક વર્ષની ઉંમરે એ પહોંચ્યો હતો, એથી એના ભાવિ અંગે સચિંત પરિવારના હૈયે ભગાનો રખડવાનો શોખ શૂળ બનીને નિશદિન ડંખતો જ રહે, એ સહજ હતું. પણ આ અંગે સૌ નિરુપાય હતા, ભગો તો ભગાની પોતાની દુનિયામાં મસ્ત હતો, એક દિવસ ફરતાં ફરતાં ભગાએ જમીનમાં એક છિદ્ર જોઈને એની ઊંડાઈ માપવાનો પ્રયત્ન કરી જોયો. આ માટે પોતાની પાસે રહેલી લાઠી-લાકડી એણે એ છિદ્રમાં ખોસી, તો આખી લાકડી સડસડાટ કરતી અંદર પેસી ગઈ, છતાં હજી અંદર વધુ પોલાણ હોવાની સંભાવના લાગતાં બીજે દિવસે મોટો લાંબો વાંસડો ક્યાંકથી ગોતી લાવીને ભગાએ એ છિદ્રમાં ખોસ્યો, તો લાંબો લાંબો એ વાંસડો પૂરેપૂરો અંદર પેસી ગયા

પછી પણ વધુ પોલાણ સંભવિત જણાયું, એથી આ પોલાણના પડદા પાછળનું રહસ્ય જાણવાની તાલાવેલી ભગા પાસે એ છિદ્રની આસપાસની જમીન પર થોડુંક ખોદકામ કરાવી ગયું. એ ખોદકામ જરાક ઊંડુ જતાં જ અંદર કોઈ ગુફા જેવું સ્થાપત્ય ધરબાયું હોય, એમ લાગતાં ભગો એકદમ હર્ષિત બનીને નાચી ઊઠ્યો. શોધખોળના એના શોખને આજે અણધારી જ સફળતા મળવા પામી હતી, એનો આનંદ એના હૈયામાં સમાતો ન હતો. એણે ઘરે આવીને મોટા ભાઈ સમક્ષ 'બગાસું ખાતાં ખાતાં મોંમાં પતાસું આવી પડ્યા' જેવી આ સિદ્ધિની વાત કરતાં, મોટા ભાઈ પણ આશ્ચર્યચકિત બનીને એ સિદ્ધિ નિહાળવા પહોંચી ગયા. જંગલના એ પ્રદેશમાં થયેલા ખોદકામની ભીતરમાં ગેબી ગુફા જેવું સ્થાપત્ય નિહાળીને એઓ પણ નાચી ઊઠ્યા અને ભગાની પીઠ થાબડવા ઉપરાંત તેઓ જાતે પણ એ ખોદકામમાં જોડાયા, એથી થોડાક વધુ ખોદકામના પ્રભાવે એકદમ સ્પષ્ટ ગુફાનું દર્શન થતાં જ, આજ સુધી નજરમાંથી સાવજ ફેંકાઈ ગયેલા ભગાને એમની નેહભરી નજર નવડાવી રહી.

ભગાના ભાવિ અંગે સતત સચિંત રહેતા મોટા ભાઈને એક એવો વિચાર આવી ગયો કે, જો પુરાતત્ત્વ ખાતા સાથે ભગાને જોડી દેવામાં આવે, તો આનું ભાવિ ઉજ્જવળ બની ગયા વિના ન રહે. એમણે ભગા આગળ પોતાના મનની આ વાત રજૂ કરી. પણ ભગો તો પોતાની દુનિયા છોડવા માંગતો જ ન હતો, અલગારી જેવી રખડપટ્ટીની સ્વતંત્રતા છોડીને પુરાતત્ત્વખાતાની દીવાલો વચ્ચે કેદી જેવું જીવન ગુજારવું, એને ક્યાંથી પસંદ પડે?

મોટા ભાઈ કોઈપણ હિસાબે ભગાનું ભાવિ સુરક્ષિત કરી દેવા માંગતા હતા, એમણે સમજાવ્યું કે, તારા રસ અને રુચિને પુષ્ટ બનાવે, એવું જ પુરાતત્ત્વનું આ ખાતું છે. તું એમાં જોડાઈ જઈશ, પછી તો આના કરતાંય ચડિયાતી સિદ્ધિઓ તને સામેથી વરવા સ્વયંવરા બનીને

દોડતી આવશે. આવી સમજાવટ સફળ થઈ. અને ભગો પુરાતત્ત્વખાતા સમક્ષ ખડો થઈ ગયો, શોધયાત્રા દરમિયાન મળી આવેલી ગુફાની વાત રજૂ કરીને એણે પુરાતત્ત્વ-વિભાગમાં જોડાવાની ભાવના રજૂ કરી, એથી તરત જ આ વિભાગના અગ્રણીઓ સૌ પ્રથમ તો એ ગુફા જોવા દોડી આવ્યા, એક છિદ્રની નીચે સંતાયેલી ગેબી ગુફા શોધી કાઢવા બદલ એમણે ૧૫ વર્ષની જ વય ધરાવતા ભગાને બિરદાવતાં એની પીઠ થાબડી અને તરત જ પુરાતત્ત્વ-વિભાગમાં એનો સપ્રેમ પ્રવેશ કરાવ્યો. આ પછી થોડાક જ સમયમાં 'ભગા'ની જિજ્ઞાસુવૃત્તિએ એને ઢબુના ઢ માંથી ઉગારી લઈને પ્રકાંડ-પ્રજ્ઞના 'જ્ઞ' સુધીની જ્ઞાનયાત્રાના સફળ યાત્રી બનાવતાં એ ભગવાનદાસ તરીકે પ્રસિદ્ધ બનવા માંડ્યો. બારાખડી-બારાક્ષરી પણ માંડ માંડ શીખી શકનારા એને ધીમે ધીમે સંસ્કૃત-પ્રાકૃત ભાષાનું પ્રકાંડ-પાંડિત્ય વર્યું અને એની શોધયાત્રા 'ગુફા' જેવાં અનેક ગેબી રહસ્યોને ઉકેલવામાં સફળ પુરવાર થવા માંડી.

નાની વયે 'ગુફા શોધ' દ્વારા કમાયેલી કીર્તિમાં સર્વતઃ સમૃદ્ધિની વૃદ્ધિમાં પુરાતત્ત્વ-વિભાગના વડા ડો. ભાઉજીનો ફાળો અવિસ્મરણીય ગણાય એવો હતો. એને સતત સ્મરણમાં રાખનારા ઇન્દ્રજીની વિદ્વત્તાથી આકર્ષિત બનીને યુરોપની ઇન્ટરનેશનલ કોંગ્રેસે એમને 'ડોક્ટર ઓફ લોઝ', વિયેના યુનિ.એ 'પ્રોફેસર ઓફ ફિલોસોફી' અને લંડન યુનિ.એ 'પ્રોફેસર ઓફ લિટરેચર' જેવી પદવીઓ એનાયત કરી. આ સિવાય પણ ઘણું ઘણું સન્માન પામનારા ભગવાન ઇન્દ્રજીનાં નામકામ આજેય પુરાતત્ત્વના ક્ષેત્રે ગૌરવભર્યું સ્થાનમાન ધરાવે છે.

૪

# લેવાની લડાઈ નહિ, દેવાની દુહાઈ

લેવા માટેની લડાઈ તો આ દુનિયામાં હરહંમેશ જોવા મળે, એમાં કંઈ નવાઈ નથી, પણ જ્યારે ન લેવા માટેની લડાઈ જાગે, ત્યારે દુનિયાની આંખે અહોભાવનાં આંસુ ઊભરાઈ આવ્યા વિના ન રહે અને એ લડાઈ જોવા લોકો ટોળે વળે, આવી જ એક લડાઈ લગભગ ૩૦૦ વર્ષ પૂર્વે સાતારા-નગરની રાજસભામાં રસાકસીપૂર્વક રંગ જમાવી રહી હતી અને જય-વિજયનો નિર્ણય સાંભળવા સંપૂર્ણ સભા ઉત્કંઠિત બની હતી. રાજસભામાં સત્તાના સિંહાસને શિવાજી મહારાજના પૌત્ર શાહુ મહારાજ બિરાજમાન હતા. એમનાં ચરણ સમક્ષ ૫૦ હજાર રૂપિયાની એક થેલી પડી હતી અને ગોખલે તથા ગોપાલ બંને એવો દાવો પેશ કરી રહ્યા હતા કે, 'આ થેલી પર મારો અધિકાર નથી, માટે અમે આ થેલીની માલિકી ન કરી શકીએ, શાહુ મહારાજ! અમે આપની સમક્ષ ન્યાય માંગવા ઉપસ્થિત થયા છીએ. આપ જે ન્યાય તોળશો, એ અમને માન્ય રહેશે.'

સભા આ દાવો સાંભળીને દિંગ રહી ગઈ. કારણ કે આ દાવામાં લઈને બથાવી પાડવાની લોહિયાળ લડાઈની લાલાશ ગંધાતી ન હતી, પણ ન લેવાની લાગણીની ભીની ભીની સુવાસ ફેલાઈ રહી હતી. આ દાવો સાંભળીને શાહુ મહારાજ વિચારમગ્ન બની ગયા, ત્યાં જ ગોખલેએ સ્પષ્ટતા કરતાં કહ્યું કે, મહારાજ! વર્ષો પૂર્વે ૫૦ હજારની આ થાપણ આ ગોપાલના પિતા વિશ્વાસરાવ મૂકી ગયા હતા. ઠીક ઠીક વર્ષો વીતી ગયા બાદ તેઓ જ્યારે આ થાપણને પાછી લેવા ન આવ્યા, ત્યારે મને ચિંતા

થઈ કે, તેઓ થાપણને પાછી લેવા ન આવ્યા, ત્યારે મને ચિંતા થઈ કે, તેઓ થાપણની વાત ભૂલી ગયા કે શું ? એમની શોધ કરતાં કરતાં એક દહાડો મને એમના પુત્ર ગોપાલનો ભેટો થઈ ગયો, ત્યારે જ મને એ દુઃખદ સમાચાર જાણવા મળ્યા કે, યાત્રાએ ગયેલા વિશ્વાસરાવ યાત્રા પૂર્ણ કરીને સાતારા પાછા આવે, એ પૂર્વે યાત્રા દરમિયાન જ એમની જીવનયાત્રા પર પૂર્ણવિરામ મુકાઈ ગયું હતું. આ સાંભળીને એક બાજુ મને દુઃખ થયું, તો બીજી બાજુ એ વાતનો આંનદ થયો કે, ૫૦ હજારની થાપણ એના માલિકને હું હવે પહોંચાડી શકીશ. એથી મેં ગોપાલને કહ્યું કે, હવે થાપણ લઈ જવાના તમે અધિકારી છો. માટે ૫૦ હજારની તમારા પિતાની થાપણ લઈ જઈને મને બોજમુક્ત બનાવવા વિનંતી. બોલો, રાજવી! હવે આ થેલીના અધિકારી ગોપાલ ખરા કે નહિ ?

ગોખલેના આ પ્રશ્નના પડઘા શમે, એ પૂર્વે જ ગોપાલ ઊભો થઈ ગયો. એણે પોતાની વાત રજૂ કરતાં કહ્યું કે, 'રાજવી! ગોખલેની આ વાતને મારે ખોટી નથી માનવી, પણ મારા પિતાજીએ ૫૦ હજારની થાપણ ગોખલેને ત્યાં મૂકી, એનો કોઈ પુરાવો તો મને મળવો જોઈએ ને? થાપણ અંગે પિતાજી મને કંઈ જ કહી ગયા નથી. આ વિષયમાં ગોખલેને ત્યાં ચોપડામાં કોઈ નોંધ જોવા મળતી નથી, એમ મારે ત્યાંના ચોપડા પણ આ વાતની સાખ નથી પૂરતા. બેમાંથી એકની પાસે પણ આનો કોઈ લેખિત પુરાવો હોત, તો હજી જુદી વાત હતી. બાકી આવા એક પણ પુરાવા વિના ગોખલેની વાતને સાવ સાચી માનીને મારાથી એ થાપણ પર નજર પણ કેમ કરી શકાય? આમ કરવાથી મારી નીતિમત્તા નંદવાયા વિના રહે ખરી ? માટે આ થાપણની થેલી પર મારો અધિકાર તો કઈ રીતે ગણાય?'

ગોપાલની આ વાત સાંભળીને સભામાં પથરાયેલું આશ્ચર્ય અને અહોભાવનું વાતાવરણ ઓર ગાઢ બન્યું. અણહક્કનું જતું કરવાની ગોખલેની આ મનોવૃત્તિ જો લાખ લાખ ધન્યવાદને પાત્ર હતી, તો પુરાવો

મળ્યા બાદ જ હક્કનેય સ્વીકારવાની નીતિમત્તાનો નેજો, આર્થિક ભીંસ હોવા છતાં ગોપાલે જે રીતે અણનમતા સાથે ધારણ કરી જાણ્યો હતો અને એને ફરકતો જ રાખવાની દૃઢતા જાળવી જાણી હતી. એ દૃઢતા તો કરોડ કરોડ કીર્તિવાદને પાત્ર હતી.

આ ઘટના કઈ રીતે બનવા પામી હતી, એ પણ જાણવા જેવું છે : સાતારા નગરમાં ગોખલેની નામના-કામના એ કારણે ફેલાયેલી હતી કે, જે ધંધામાં ઈમાનદારી જાળવી જાણવી ખૂબ જ દોહ્યલી ગણાય, એવો ધીરધારનો ધંધો અણિશુદ્ધ ઈમાનદારી જાળવીને તેઓ કરતા હતા. એમની છાપ એવી હતી કે, ગણ્યા કે લખ્યા/લખાવ્યા વિના પણ એમની પેઢીમાં લાખોની થાપણ મૂકી દેવામાં આવે, તો અડધી રાતે પણ દૂધે ધોઈને એ પાછી મળી જ જાય. આવી છાપ હોવાથી એમની પેઢીમાં થાપણ મૂકીને થાપણદારો નિશ્ચિંત બનીને ઊંઘી જતા.

ગોખલેની નીતિ-રીતિ એવી હતી કે, પોતાની પેઢીમાં થાપણ મૂકવા માટે સામેથી કોઈને કહેવું નહિ, જે કોઈ સામેથી મૂકવા આવે, એને પણ અન્યત્ર મૂકવાની ભલામણ કરવી. આમ છતાં એનો આગ્રહ ટાળી શકાય એવો ન હોય, તો જ થાપણ સ્વીકારવી, તેમજ લેખિત રૂપે નોંધણી કર્યા વિના ન રહેવું. એમની આવી આબરૂથી જ આકર્ષિત બનીને એક વાર વિશ્વાસરાવે એમની પેઢીમાં પગ મૂક્યો.

વિશ્વાસરાવની એ જાતની ભાવના હતી કે, ૫૦ હજારની મૂડી થાપણ રૂપે સુરક્ષિત પેઢીમાં મૂકીને પછી યાત્રાર્થે નીકળવું. આ ભાવનાની પૂર્તિ માટે વિશ્વાસરાવ સીધા જ ગોખલેની પેઢીમાં પહોંચી ગયા. એમણે મક્કમતાપૂર્વક એવી ભાવના વ્યક્ત કરી કે, તીર્થયાત્રાનો મનોરથ તો મેં સેવ્યો છે, પણ આની સફળતાનો આધાર એકમાત્ર તમે જ છો, જો ૫૦ હજારની થેલી થાપણ રૂપે સ્વીકારવાની તમે તૈયારી દર્શાવો, તો જ હવે પછી તીર્થયાત્રાનો કાર્યક્રમ આગળ વિચારી શકાય.

ગોખલે દ્વારા પોતાની રીતિ-નીતિ જણાવવામાં આવી, ત્યારે એને કાને ધર્યા વિના જ એકમાત્ર વિશ્વાસના આધારે જ વિશ્વાસરાવે ગોખલે પર વિશ્વાસ મૂકી દેતાં કહ્યું કે, મારે આવા કોઈ નીતિ-નિયમો જાણવા નથી. મને તો તમારી ઈમાનદારી પર જ પૂરો વિશ્વાસ છે. માટે સ્વીકારી લો, આ રૂપિયા ૫૦ હજારથી ભરેલી થાપણની થેલી! આ અંગે મારે કોઈ સહી પણ નથી કરવી કે નથી લેવી. જેને ઈમાનદારી પર પૂરો વિશ્વાસ ન હોય, એ જ લખાણ કે સહીના આવા લફરામાં પડે.

આ જાતનો જેને આંધળો ગણાય, છતાં આના જેવો દેખતો બીજો કોઈ ન હોઈ શકે, એવો વિશ્વાસ ગોખલે પર મૂકીને થાપણની એ થેલી આપવાપૂર્વક વિશ્વાસરાવે જ્યાં ઊભા થઈને ચાલવાની તૈયારી કરવા માંડી, ત્યારે ગોખલેએ કહ્યું કે, લખાણ હું લખું, પછી તમે સહી તો કરતા જાવ. ત્યારે સહી કરવા દ્વારા થોડોક પણ અવિશ્વાસનો અભાસ વ્યક્ત કરવાની વૃત્તિથી અળગા રહેવા વિશ્વાસરાવે કહ્યું કે, મને પૂરો વિશ્વાસ છે, પછી સહીની જરૂર જ શી છે ? આમ કહી ચાલતા થયેલા વિશ્વાસરાવને ગોખલેએ જતાં જતાં સલાહ આપી કે, કંઈ નહિ હવે ઘરે જઈને ચોપડામાં આ લખાણ તો કરી જ લેજો. જેથી ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઊભો થવા ન પામે.

ગોખલેની આ સલાહને પણ સાંભળી-ન સાંભળી કરીને વિશ્વાસરાવ ઘર ભણી ચાલતા થઈ ગયા. ઘરે ગયા બાદ આ શાણી સલાહને અમલમાં મૂકીને થોડાઘણા અંશેય અવિશ્વસ્ત થવા એમનું મન ન માન્યું, અને કોઈ પણ જાતની નોંધ પોતાના ચોપડામાં ટપકાવ્યા વિના જ થોડા દિવસો બાદ તેઓ યાત્રાર્થે ચાલી નીકળ્યા. આ વાતનો ઉલ્લેખ પરિવાર કે પુત્ર સમક્ષ કરવાની પણ એમને આવશ્યકતા ન જણાઈ. આ ભૂલનાં બે જાતનાં દુષ્પરિણામ આવવાની શક્યતા હતી. ભવિષ્યમાં વિશ્વાસરાવની ગેરહાજરીનો લાભ લઈને કાં ગોખલે થાપણ પચાવી પાડવાની લોભાંધતાનો ભોગ બને, પણ આ તો જોકે શક્ય જ ન હતું અથવા તો

પોતાનો પુત્ર ગોપાલ એ થાપણને અણહક્કની ગણીને સામેથી સોંપવામાં આવે, તોય સ્વીકારવા તૈયાર ન થાય. આવી શક્યતા હતી, જે અંતે સાચી સાબિત થઈ હતી.

પોતાની ભૂલ આવો કોઈ વિપાક આણવામાં નિમિત્ત નહિ જ બને. એવા વિશ્વાસપૂર્વક તીર્થયાત્રામાં આગળ ને આગળ વધતા વિશ્વાસરાવને એક દહાડો પોતાના જ શ્વાસોશ્વાસે દગો દીધો અને એનો ભોગ બનનારા વિશ્વાસરાવની જીવનયાત્રા પર અણધાર્યું જ પૂર્ણવિરામ મુકાઈ જવા પામ્યું. એમની ચિરવિદાય બાદ ધીમે ધીમે પરિવારનું ભાગ્ય પણ પલટો લેવા માંડ્યું. બધી જવાબદારી પુત્ર ગોપાલ પર આવી, નાણાંની સંપૂર્ણ સાચવણી એના ભાગ્યમાં નહોતી લખાઈ, પણ નીતિમત્તાને અણિશુદ્ધ જાળવવાનું એનું ભાગ્ય તો જોરદાર હતું એની સૌ કોઈને વધુ પ્રતીતિ ત્યારે જ થવા માંડી કે, જ્યારે એક દહાડો અચાનક જ ગોખલેનો ભેટો થઈ જવા પામ્યો, ત્યારે ગોખલે સાથે થયેલી વાતચીતમાંથી આર્થિક મૂંઝવણ ટાળવાનો રાહ ગોતવાનો વિચાર સુદ્ધાં ગોપાલને ન આવ્યો.

ગોખલેએ જ્યારે સહજભાવે ગોપાલ સમક્ષ પિતાજી અંગે પૂછપરછ કરી અને આઘાતજનક જવાબ મળ્યો, ત્યારે ગોખલે પૂછી બેઠો કે, શું તેઓની ચિરવિદાય થઈ ગઈ ! આ સવાલ સાંભળીને ગોપાલને થયું કે, ગોખલેને પિતાજી પાસેથી કોઈ રકમ લેવાની રહી ગઈ હોવાથી સવાલ રૂપે આઘાત વ્યક્ત થઈ જવા પામ્યો હશે?

પોતે આર્થિક રીતે સદ્ધર નહિ, અદ્ધર હતો. પરંતુ નીતિમત્તાની દૃષ્ટિએ સંપૂર્ણ સદ્ધરતાનો સૂચક જવાબ વાળતાં ગોપાલે કહ્યું : આપ ચિંતા ન રાખતા, પિતાજી પાસેથી કોઈ લેવાની રકમ નીકળતી હશે, તો એ રકમ વ્યાજ સાથે પૂરેપૂરી ભરી આપવા બંધાઉં છું, આજે ભલે હું તમારી લેવાની રકમ ભરપાઈ ન કરી શકું, પણ જેમ બને તેમ વહેલી તકે એ રકમ ચૂકતે કરવા વચનબદ્ધ બનું છું.

આ સાંભળીને ગોખલેએ સાશ્ચર્ય જણાવ્યું કે, મારે તો લેવાનું નહિ, દેવાનું-આપવાનું બાકી રહી જાય છે. આપના પિતા વિશ્વાસરાવે મારે ત્યાં ૫૦ હજારની થાપણ મૂકી હતી, પછી એને લેવા આજ સુધી ન આવ્યા, માટે શિર પરનો બોજો ઉતારવા હું એમની શોધ દિવસોથી કરી રહ્યો હતો. આજે તમારો ભેટો થઈ ગયા બદલ મારા આનંદનો પાર નથી. પિતાજીના બદલે પુત્ર તરીકે તમે આ થાપણ પાછી સ્વીકારી લો, તો હું મારા માથેથી મેરુભાર ઊતરી ગયા જેવો હાશકારો અનુભવી શકીશ.

લક્ષ્મી સામેથી ચાંલ્લો કરવા આવી હોય, એવી આ માંગણી હતી અને ગોપાલ જો આ માંગણીને વધાવી લે, તો આર્થિક સમસ્યાનો ઉકેલ પળવારમાં આવી જાય એમ હતો. પણ નીતિમત્તાનો જે નેજો ગોપાલને વારસામાં મળ્યો હતો, એ થોડો પણ ઝંખવાય, એ ઇષ્ટ ન હોવાથી ગોપાલે જવાબમાં જણાવ્યું કે, પિતાજી થાપણ રૂપે ૫૦ હજાર મૂકી ગયા હતા, એમ તમે કહો છો, પણ મને તો આ વાતની ગંધ પણ આજ સુધી નથી આવી, માટે ચોપડામાં આ વાતનો ઉલ્લેખ મળે, તો જ હું કંઈક વિચારી શકું. તમારા ચોપડામાં આ અંગેનો કોઈ ઉલ્લેખ હોય, તો જોઈ રાખશો. મારા ઘરના ચોપડા જોઈને હું કાલે આપને મળવા આવીશ.

ગોખલેને એ વાતનો આનંદ હતો કે, શોધ સફળ થઈ ખરી, હવે નિર્બોજ બની શકાશે. મારા ચોપડામાં તો થાપણ અંગેનો એકાદ પણ અક્ષર ક્યાંથી વાંચવા મળવાનો? પણ મારી સલાહ મુજબ વિશ્વાસરાવ પોતાના ચોપડામાં આ વાતનો ઉલ્લેખ ખૂણેખાંચરે પણ કર્યા વિના નહિ જ રહ્યા હોય, એથી થાપણનો સાપણ જેવો ભાર જરૂરી હું માથેથી ઉતારી શકીશ.

ગોપાલે ઘરે જઈને ચોપડાનાં બધાં પાનાં ઉથલાવ્યાં અને અક્ષરે અક્ષર ઉકેલી નાખ્યો, પરંતુ ગોખલે દ્વારા જે વાત રજૂ કરાઈ હતી, એનો સમ ખાવા પૂરતોય પુરાવો ન મેળવી શકાયો, ત્યારે એણે ગોખલેના

ઘરે જઈને એ થાપણને સ્વીકારવાની સ્પષ્ટ નામરજી દર્શાવી દીધી. આ પછી ગોખલે-ગોપાલ વચ્ચે વિચાર-વિમર્શ અને વિચારણાનું ઘણું ઘણું ઘમ્મરવલોણું થયું, પણ જ્યારે નિર્ણયનું નવનીત ન તારવી શકાયું, ત્યારે રાજદરબાર સમક્ષ આ અંગેનો ઉકેલ લાવવાનો નિર્ણય થયો. ગોખલેએ વિચાર્યું કે, આ થાપણને હવે ઘરમાં સાચવી રાખવાનો કોઈ જ અર્થ નથી, કેમ કે વિશ્વાસરાવ તો આને લેવા હવે આવવાના જ નથી. માટે નિર્ણય આવે, અને ગોપાલ આને સ્વીકારી લે તો તો બહુ સારું. નહિ તો આ થાપણને રાજદરબારમાં સુપરત કરી દઈને પણ મારે તો માથેથી બોજો ઉતારી નાખવો જ રહ્યો. આ નિર્ણય પર આવી ગયા બાદ એ થાપણને રાજદરબારમાં લઈ જઈને એણે શાહુ મહારાજના ચરણે ધરી દેવાપૂર્વક ઉકેલ માટે પ્રાર્થના કરીને પોતાની વાત સવિસ્તર રજૂ કરી. એ સાંભળીને રાજવીને એમની વાત એકદમ વાજબી જણાઈ.

આની સામે ગોપાલે પોતાના મુદ્દા રજૂ કર્યા, આદર્શની દૃષ્ટિએ એ મુદ્દા મનનીય પણ હતા, પણ વ્યવહારું દૃષ્ટિએ એ માન્ય રાખી શકાય, એવા ન હતા. વળી આર્થિક દૃષ્ટિએ સદ્ધર બનવાનો ઉકેલ પણ થાપણના સ્વીકારથી આવી જતો હતો. પણ ગોપાલે વ્યક્ત કરેલો સંદેહ એ પોતે સમજે, તો જ દૂર થઈ શકે એમ હતો. ઊંડે ઉંડે એના મનમાં એવો સંદેહ સળવળી રહ્યો હતો કે, મને આર્થિક રીતે સદ્ધર બનાવવા માટે જ થાપણની આ આખી ઘટના જ ઉપજાવી કાઢવામાં કેમ ન આવી હોય? આ સંદેહ જો સાચો હોય, તો થાપણનો સ્વીકાર અણહક્ક પર હક્ક જમાવવા જેવું પાપ જ ગણાય.

શાહુ મહારાજે ગોપાલને સમજાવવામાં કંઈ બાકી ન રાખ્યું, ત્યારે એનો જવાબ એક જ રહ્યો કે, મનને મનાવી લેવા માટે આપના મુદ્દાઓને માન્ય રાખીને મારે આ થાપણ સ્વીકારી લેવી જ રહી. પણ આ માટે મારું મન માનતું નથી. માટે બીજો જે કોઈ હુકમ કરશો, એને હું સહર્ષ શિરોધાર્ય કરી લઈશ.

રાજદરબારમાં યોગ્ય ખજાનચીની નિમણૂક માટે મહારાજ પોતે દિવસોથી સચિંત હતા. આનો ઉપાય અને ઉકેલ મનમાં એકાએક ચમકી જતાં મહારાજે ફેંસલો ફાડતાં જાહેર કર્યું કે, આ થાપણ થાપણ તરીકે જ અત્યારે ભલે રાજ્યના ખજાનામાં સચવાય, ગોપાલના લલાટ-લેખમાં મને ખજાનચીનું પદ વંચાઈ રહ્યું છે. માટે થાપણનો સ્વીકાર ભલે ગોપાલે જતો કર્યો હોય, પણ આ પદ તો સહર્ષ સ્વીકારી જ લે, એવો હું હુકમ કરું છું.

આ જાહેરાતને સાતારા નગરે તાળીઓના નાદથી વધાવી લીધી. જાળવી જાણેલી નીતિમત્તાનું વળતર જાણે ગોપાલને ચક્રવૃદ્ધિ વ્યાજ અને વધારામાં તાજ સહિત મળી રહ્યું હતું. થોડા સમય બાદ ખજાનચી તરીકેની કાર્યવાહીથી સંતુષ્ટ બનીને રાજવીએ ઇનામ તરીકે એક થેલી ગોપાલને જાહેરમાં સમર્પિત કરી.

સાતારાની રાજસભા એ દહાડે ગોપાલની નીતિમત્તાને ચાર મોઢે વખાણી રહી. રાજખજાનચીએ ઘરે જઈને ભેટણાંની એ થેલી જમીન પર ઠલવી, તો ૫૦ હજારની રોકડી રકમ જોઈને ગોખલે તરફથી સ્વીકારી લેવાનો અત્યાગ્રહ થયો હતો, એ થાપણની સ્મૃતિ થઈ આવી, પણ હવે તો એ રાજવી તરફથી ભેટણા રૂપે મળી હતી. એથી એના અસ્વીકારના વિચારનેય ક્યાં કોઈ અવકાશ જ હતો!

# ૫

# મરીનેય જિવાડવા ઝઝૂમનાર

ભારતીય ભૂમિના કણેકણ ઉપરાંત વાતાવરણમાંય ધર્મના ધબકાર અને સંસ્કૃતિની સોડમ વ્યાપ્ત હોવાથી અહીંની ધન્ય ધરતી પર જ પેદા થઈને પોષણ પામનારી વ્યક્તિ-શક્તિમાં 'જીવો અને જીવવા દો' ની સંસ્કારોપૂર્વક ' મરીને પણ જિવાડો' જેવી અબોલ જીવસૃષ્ટિ તરફની હમદર્દી જોવા મળે, એમાં તો શી નવાઈ ગણાય? પણ અમેરિકામાં જન્મેલા અને અંગ્રેજી સાહિત્યકાર તરીકેની નામના કામના કમાનારા કીપલિંગના કાળજે જ્યારે અબોલ ગણાતા હાથી જેવા પ્રાણી પર આવી કરુણાભરી હમદર્દી જોવા મળે, ત્યારે તો એવું આશ્ચર્ય થયા વિના ન જ રહે કે, કરુણાના આવા પાઠ એ અમેરિકનને શીખવનાર કોણ હશે? જવાબ છે : ભારતની દિવ્ય અને ભવ્યભૂમિ!

કીપલિંગ અમેરિકાના વતની હતા, છતાં ભારતમાં સરકારી અધિકારી તરીકે ઠીક ઠીક વર્ષો સુધી રહેવા ભાગ્યશાળી નીવડેલા. તેઓ એવું સૌભાગ્ય પણ ધરાવતા હતા કે, અહીંના સંસ્કારો સાથે લાગણીના અતૂટ બંધને બંધાઈ જવા ઉપરાંત એની સુવાસને અમેરિકામાં પાછા ફર્યા બાદ પણ તેઓશ્રી તાજી ને તાજી જ રાખી શક્યા હતા. એનો જ એ પ્રભાવ હતો કે, અમેરિકાના પ્રખ્યાત એક સરકસના હાથીને જ્યારે એના મેનેજરે જ બંદૂકની ગોળીથી 'શૂટ' કરી દેવાનો હુકમ કર્યો, ત્યારે એ હાથીના સાથી બનીને એને મોતમાંથી ઉગારી લેવાની જવાબદારી જાન પર જોખમ તોળીનેય, તેઓ સામે પગલે ચાલીને ઝડપી લેવા ઉપરાંત એ હાથીને જીવનદાન આપવામાં પણ સફળ સાબિત થઈ શક્યા. પૂરો

પ્રસંગ જાણવા-માણવા જેવો અને આની પરથી ભારતીય તરીકે મૂંગા-અબોલ જીવો તરફ આપણું કર્તવ્ય શું હોઈ શકે? એનો બોધ પણ સાચે જ ગ્રહણ કરવા જેવો છે.

હાથી આમ પણ એક સમજદાર પ્રાણી ગણાય છે, એમાં પણ ભારતીય હાથીની સમજદારી વખણાતી હોવાથી અમેરિકાની એક પ્રખ્યાત સરકસ કંપનીને ભારતીય હાથી મેળવવાનો મનોરથ જાગ્યો, થોડાઘણા પ્રયાસ બાદ કેળવાયેલો એક હાથી મળી જતાં કંપનીનો મનોરથ સફળ થયો. કેળવાયેલા એ હાથીની ઉંમર નાની હતી, અને જેવી કેળવણી આપવી હોય, એવી કેળવણી ગ્રહણ કરવાની એની શક્તિ અને ક્ષમતા આશ્ચર્યજનક હતી. બાળકોને પ્રિય ખેલ ભજવવા માટે એ સરકસ વધુ પ્રખ્યાત હતું. એનું નામ પડતું ને બાળકો ખુશખુશાલ બની જઈને એના ખેલ જોવા ઊમટી પડતા. અમેરિકામાં આવ્યા બાદ થોડા સમયમાં એ હાથીને 'બોંઝો'ના હુલામણા નામે સૌ કોઈ ઓળખવા - બોલાવવા લાગ્યા. બીજા બીજા હાથીઓની સરખામણીમાં 'બોંઝો'ની વધુ આશ્ચર્યકારી કરામત અને કુશળતા જોઈને સૌ ભારતની વિશેષતા-ભવ્યતાનાં પણ વખાણ કર્યા વિના ન રહી શકતા.

થોડાં વર્ષો સુધી 'બોંઝો'ના પ્રભાવે સરકસના મેજ પર નાણાની ટંકશાળવરસવા માંડી. 'બોંઝો'ના કારણે એ સરકસ અને સરકસના કારણે એ 'બોંઝો' વધુ ને વધુ પ્રખ્યાતિ મેળવવામાં ધારણાતીત સફળતા પામતા રહ્યા. પણ એક દહાડો 'બોંઝો'માં એ જાતનું પરિવર્તન અણધાર્યું જ આવવા માંડ્યું કે, ધીરે ધીરે એ હાથીમાં 'પાગલતા' વેગ પકડવા માંડી. આ પૂર્વે સરકસને ધૂમ કમાણી કરી આપતા 'બોંઝો'ની એ પાગલતાને દૂર કરવાના ઉપાયો અને ઉપચારો પાછળ ધૂમ ખર્ચ થતો જ ગયો, પણ પરિણામ શૂન્ય જ આવતું ગયું. હાથીની પાછળ પાણીની જેમ પૈસા વેરાતા ગયા, એમ એની પાગલતા વધતી જ ગઈ. ઉપચારો કારગત નીવડવાની કોઈ આશા કે શક્યતા ન જણાતાં, ભારત માટે જેની શક્યતા

ન જ ગણાય, એવો નિષ્ઠુર એક નિર્ણય અમેરિકાની એ સરકસ-કંપનીએ લઈ લીધો. એ નિર્ણય હતો: પાગલ બનેલા હાથીને ગોળી મારીને એનાં સો વરસ કાચી પળમાં જ પૂરાં કરી નાખવાનો!

ભારતની ભૂમિ પર આવો કોઈ હાથી પાગલ બન્યો હોત, તો ચોક્કસ આવો નિષ્ઠુર વિચાર પણ ન આવત, આવા નિર્ણયની તો કલ્પનાય ક્યાંથી આવે? કદાચ લોભાંધ કોઈ કંપની આવો નિર્ણય લઈ લે, તોય એની વિરુદ્ધ પ્રચંડ જનજુવાળ જાગ્યા વિના ન રહેત, અને એથી એ નિર્ણયને પાછો ખેંચી લેવા, કંપનીને મજબૂર બનવું જ પડત. પણ હાથી અત્યારે ભારતના બદલે અમેરિકામાં હતો, એથી અમેરિકાની સરકસ-કંપની પાસે તો આવી આશા રાખવી જ વ્યર્થ હતી. હાથીની હત્યાનો નિર્ણય લઈ લેવાયા બાદ એના ઝડપી અમલ માટેનાં વિચારચક્રો ગતિમાન બન્યાં, જીવતો રહીને જે હાથી લાખનો પુરવાર થયો હતો, અને લખલૂટ લક્ષ્મીને દર્શકો પાસેથી ઘસડી લાવી શક્યો હતો, એને હવે શાંતિથી જીવવા દઈને કુદરતી મૃત્યુ સુધી પાળવા-પોષવાનું સરકસ કંપનીનું  જ કર્તવ્ય હતું, પણ આ કર્તવ્ય અદા કરવાની વાત તો દૂર રહી, ઉપરથી એ કંપનીએ મૃત્યુનો મલાજો જાળવવાની ફરજ પણ ફગાવી દઈને, એના મોતમાંથી પણ કરોડોની કમાણી કરી લેવા માટેનું એક નિષ્ઠુરાતિનિષ્ઠુર આયોજન જાહેર કર્યું.

લાખોની લક્ષ્મી અને કરોડોની કીર્તિ કમાવી આપનાર એ બોંઝોની નિર્દય હત્યાને 'ખેલ-તમાશા'નું સ્વરૂપ આપીને જાહેરમાં 'હાથીહત્યા'નો એ શો ભજવવાનું નક્કી કરીને પ્રેક્ષક તરીકે એમાં હાજર રહેનાર માટે મોંઘીદાટ ટિકિટ જાહેર કરવામાં આવી. આ તો અમેરિકી-પ્રજા હતી, આવો ખતરનાક ખેલ પાછો ક્યારે જોવા મળવાનો હતો, એમ માનીને ટિકિટ લેવા પડાપડી થઈ. ખેલનું મેદાન ચિક્કાર ઊભરાઈ ઊઠ્યું. હાથીની જાહેરમાં થનારી હત્યાના એ સમાચાર કોઈ ચકચારની જેમ ચોતરફ ચર્ચાઈ રહ્યા. કુતૂહલપ્રેમી પ્રજાને મન જે તમાસો હતો, એવા આ

સમાચાર ભારતીય-સંસ્કારોથી સુવાસિત કીપલિંગના કાને અથડાતાં એમના કાને કંપારી અનુભવી અને એમનું દયાળુ દિલ દ્રવી ઊઠ્યું. ભારતના વસવાટ દરમિયાન એમણે હાથીના જીવન અંગે પણ અભ્યાસાત્મક દષ્ટિકોણથી ઘણી ઘણી જાણકારી મેળવી હતી, એથી એમના અંતરમાંથી એક એવો આત્મનાદ જાગ્યો કે, મોતના મોંમાં ધકેલાઈ જનારા હાથીના સાથી બનીને તારે એને ઉગારી લેવો જ જોઈએ. હાથી અંગેની તારી જાણકારી જો અત્યારે કામ નહિ આવે, તો ક્યારે કામ આવશે.?

કીપલિંગને થયું કે, ભારતીય-વાતાવરણની તીવ્ર યાદ આવી જવાના કારણે જ બોંઝામાં પાગલતા આવી હોવી જોઈએ, એથી દવાદારૂ નહિ, એની પાગલતા દૂર કરવાનો ઉપાય એની સ્મૃતિને સંતોષવી, એ જ હોવો જોઈએ. હું આ અંગે પ્રયત્ન કરું, તો કદાચ મારી આ છેલ્લી ચાવીથી બોંઝાનાં ભાગ્યદ્વાર સડાક કરતાં ખૂલી જાય, તો ખૂલી જાય. માટે મારે અવિલંબે સરકસના મેદાનમાં પહોંચી જઈને હાથીના સાથી બનવાની આ તક જાન પર જોખમ તોળી લઈને પણ ઝડપી જ લેવી જોઈએ. આમાં હું સફળ થઈશ, તો અમેરિકાને એક નવો જ ભારતીય સંદેશ સાંભળવા મળશે કે, કોઈને મારવા ભેગા થયેલા હજારો-લોકો કરતાં બચાવવા કૂદી પડનાર એકની તાકાત વધુ ગણાય.

'હાથી-હત્યા' જ્યાં શો-ખેલની ઢબે થવાની હતી, એ મેદાનમાં કીપલિંગ પહોંચી ગયા. મેદાન હકડેઠઠ ભરાઈ ગયું હતું. સૌની આંખો લોહીના લાલરંગને જોવા તલપાપડ હતી. બંદૂકમાંથી ક્યારે ગોળી છૂટે, એની જ રાહ જોવાતી હતી. ત્યાં અચાનક જ રંગમાં ભંગ પાડતી કીપલિંગની રાડ સંભળાઈ! થોભો,થોભો. એક મિનિટ થોભો! બોંઝોને હું બચાવી લેવા માંગું છું મને વિશ્વાસ છે કે, હું બોંઝોને પાછો ડાહ્યો-ડમરો બનાવી શકીશ. માટે એની પાગલતા દૂર કરવાનો ઉપાય અજમાવવાની એક તક મને મળવી જ જોઈએ.

જામી રહેલા રંગમાં ભારે ભંગ પાડતા આ શબ્દો સાંભળીને સૌ સન્ન થઈ ગયા. રિંગમાસ્ટરને વિશ્વાસ જ ન હતો કે, બોંઝો હવે પાગલપનથી મુક્તિ મેળવી શકે. એમણે સામેથી એવી જ રાડ પાડતાં કહ્યું કે, હજારો રૂપિયા પાણીની જેમ વહાવી દેવા છતાં જ બોંઝોને અમે ડાહ્યો બનાવી શક્યા નથી, એ બોંઝો કંઈ આ રીતના તમારા આત્મવિશ્વાસથી જ ડાહ્યો થઈ જાય, એ વાતમાં કંઈ માલ નથી. હજારો રૂપિયાની ટિકિટો ખરીદીને આ મેદની 'હાથી હત્યા'નો ખેલ નિહાળવા તલપાપડ છે. હવે બંદૂકની અણીએ આવી ગયેલી ગોળી છૂટે એટલી જ વાર છે. આ દૃશ્ય જોવા સૌ અધીરા બન્યા છે. માટે રંગમાં ભંગ પાડવા જેવી તમારી આ વાતો હું સાંભળવા માંગતો નથી. એથી પાગલ હાથીને ડાહ્યો બનાવી દેવાની આવી ગાંડી વાતો કરવી રહેવા દો અને અમને અમારો ખેલ ભજવી લેવા દો.

કીપલિંગ તો જાનના જોખમે જ કૂદી પડ્યા હતા. એમણે પોતાની વાત બીજી રીતે દોહરાવી : હું તમારો ખેલ અટકાવવા માંગતો નથી. પણ પહેલા મને મારો આ એક ખેલ ભજવી લેવા દેવાની તક આપો, એટલી જ મારી માંગણી છે. મારે જે કંઈ ઉપાયો અજમાવવાના છે, એ આ પાગલ હાથીના પાંજરામાં પ્રવેશીને જ અજમાવવાના છે. માટે એક વાર મને પાંજરામાં પ્રવેશવાની છૂટ આપો, માની લો કે, હું સફળ નથી જ થવાનો, તો આ પ્રેક્ષકોને તો એક વધુ તમાશો જોવા મળશે. આ બધા તો હાથીની હત્યા જોવા જ ભેગા થયા છે, પણ પાગલ હાથી દ્વારા મારી હત્યા પણ આ લોકોને જોવા દેવા માંગતા હો, તો મને એક વાર આ પાંજરામાં પ્રવેશ કરવાની તક આપવી જ પડશે.

હાથીના સાથી બનવા સજ્જ એ સાહસવીરના લાગણીભર્યા આ શબ્દો પ્રેક્ષકોના દિલને અપીલ કરી ગયા. એથી પ્રેક્ષકોમાંથી જ પ્રચંડ પોકાર ઊઠ્યોઃ હાથીની હત્યાનો ખેલ પછી જોઈશું, પહેલા એ જોવાની અમારી ઉત્સુકતા છે કે, આ સાહસવીર કઈ કરામતથી હાથીને ડાહ્યો-

ડમરો બનાવી દેવાનો ચમત્કાર સરજી શકે છે. માટે આ માંગણી સ્વીકૃત થવી જ જોઈએ. ચારે બાજુથી આવો પોકાર ઊઠતાં જ રિંગ માસ્ટરને મજબૂરીથી એ પ્રસ્તાવ માન્ય રાખવો જ પડ્યો. એમને તો એવો જ વિશ્વાસ હતો કે, આ હાથી કરતાં તો આ હાથીને બચાવવાની હઠ લઈને બેઠેલો આ માણસ જ વધુ પાગલ છે. એ મરવા માટે જ પાંજરામાં પ્રવેશ ઈચ્છી રહ્યો છે. એનું મૃત્યુ થાય, તો કાયદા-કાનૂનના સકંજામાં સરકસને સપડાવું ન પડે, એ માટે એના મૃત્યુપત્ર પર એની સહી મારે લઈ લેવી જ જોઈએ! આ જાતના મૃત્યુપત્ર પર એ સાહસવીરની સહી કરાવી લઈને રિંગ માસ્ટરે એની તરફ ઉપેક્ષાવૃત્તિ દાખવતાં કહ્યું કે, મોતના મુખમાં સામેથી પ્રવેશ મેળવવાનું ગાંડપણ તમારે કરવું જ હોય, તો તમે જાણો, બાકી અમે તો હજી પણ એમ જ ઈચ્છી રહ્યા છીએ કે, આવું ગાંડું સાહસ કરવાનું માંડી વાળો તો સારું.

રિંગ માસ્ટરની આ છેલ્લી અપીલનેય કાને ધર્યા વિના કીપલિંગ પાંજરાના બારણા તરફ આગળ વધ્યા. કોઈ ત્રાટક કરવાની અદાથી એમણે બોંઝોની આંખ સાથે આંખ મેળવવાનો પ્રયત્ન કર્યો. રિંગ માસ્ટરના રોફથી વધુ આક્રમક બનતો બોંઝો મહાવત જેવી માયાળુ બોલી દ્વારા સ્નેહથી સંબોધાયા બાદ જાણે એકાએક જ પલટાતો ગયો. આક્રમતાની જગાએ એનામાં વિચારમગ્નતા જોવા મળતાં કીપલિંગ એ હાથીને ભારતીય-ભાષામાં બુચકારવા માંડ્યો. થોડા જ બુચકારના અંતે જાણે એક ચમત્કાર સરજાયો. આ પછી પાંજરાનાં બારણાં ખોલી દઈને કીપલિંગ અંદર પ્રવેશી ગયા અને જરાય ડર રાખ્યા વિના હાથીને હેતભર્યા હાથે અને હૈયે પંપાળવા માંડ્યા.

હજારો પ્રેક્ષકોની આંખો આશ્ચર્યચકિત હતી.થોડી ક્ષણો પૂર્વે સહુની આંખ અને અંતર સમક્ષ એમ જ ભાસતું હતું કે, પળવારમાં આ સાહસવીર હાથીના પગ નીચે ચગદાઈ જશે અને એ જ પળે બંદૂકમાંથી ધડાધડ છૂટતી ગોળીઓથી આ બોંઝો પણ તરફડી તરફડીને મૃત્યુના

મુખમાં હોમાઈ ગયા વિના નહિ જ રહે. સહુની આવી ધારણાને ધૂળધાણી કરતું એક દશ્ય નજર સમક્ષ જ પ્રત્યક્ષ હોવા છતાં આવું બની શકે, એમ માનવા કોઈનું મન માનતું ન હતું.

કીપલિંગ પાંજરામાં પ્રવેશીને હાથીને પંપાળવા માંડ્યા અને પાગલપનને ફગાવી દઈ એ બોંઝો ડાહ્યોડમરો અને સાવ શાંત બની ગયો. જાણે એ પાગલ હતો જ નહિ, એની વૃત્તિ-પ્રવૃત્તિ જોઈને કીપલિંગ કૂદકો મારીને એની પર સૂંઢના સહારે ચડી બેઠા. રિંગ માસ્ટરનો રોફ જ્યાં સાવ નિષ્ફળ નીવડ્યો, ત્યાં મહાવત જેવી વહાલભરી વર્તણૂકને ધારણાતીત સફળતા સાંપડવા પામી હતી. બોંઝો પર સવાર થઈને કીપલિંગે જ્યારે ગજગતિએ પાંજરામાં જ બે-ત્રણ ચક્કર લગાવ્યાં, ત્યારે હજારો પ્રેક્ષકો આશ્ચર્યથી નાચી ઊઠ્યા. ત્યારના માહોલમાં મહાલતા પ્રેક્ષકોને પણ એમ લાગવા માંડ્યું કે, હાથી જો હત્યાનો ભોગ બન્યો હોત, તો કદાચ આવો માહોલ જોવા-અનુભવવા ન જ મળ્યો હોત!

સૌથી વધુ આનંદ તો સાહસવીર કીપલિંગના ચહેરા પર ઉછાળા મારી રહ્યો હતો, ત્યારે આશ્ચર્યની આ જાતની અનુભૂતિ પામનારા રિંગ માસ્ટરના મોઢેથી એવો પ્રશ્નપ્રવાહ વહી રહ્યો કે, આવું શક્ય બન્યું જ કઈ રીતે? કઈ જાતનાં મંત્રતંત્ર માન્યામાં ન આવે, એવો ચકચારભર્યો આ ચમત્કાર સરજી ગયાં? શું હવે બોંઝોનું આ ડહાપણ કાયમ ટકશે ?

અમેરિકાના વાસી કીપલિંગના મુખેથી કલ્પી ન શકાય, એવો જવાબ સરી પડ્યો કે, હું તો નિમિત્તમાત્ર પણ નથી, આ ચમત્કારના સંપૂર્ણ યશની ભાગીદારી જો કોઈનાય ભાલે અંકિત કરી શકાય, એમ હોય તો તે એકમાત્ર ભારતીય-ભૂમિના ભાલે! ઠીક ઠીક વર્ષો સુધી ભારતની ભૂમિ પર વસવાનું મને સૌભાગ્ય સાંપડ્યું હતું. એથીય આગળ વધીને ત્યાંની સંસ્કૃતિથી હું થોડોઘણો પણ સુવાસિત બની શક્યો હતો અને કહી શકું કે, એ સુવાસ હજી આજેય તાજી જ છે. ત્યારે મેં હાથીના વિષયની પણ ઊંડી જાણકારી મેળવી હતી. એના આધારે બોંઝોની વિગત

જાણવા મળતાં જ મને એમ લાગ્યું કે, ભારતમાં પેદા થઈને પોષણ પામનાર બોંઝોને ભારતભૂમિના વાતાવરણની તીવ્ર યાદ આવી જવાના કારણે જ પાગલપન ઘેરી વળ્યું હોવું જોઈએ. એથી એને હત્યામાંથી ઉગારી લેવા હું દોડી આવ્યો અને મહાવતની જેમ વહાલનું વહેણ વહેતું કરીને મેં એને ભારતીય બોલીમાં બુચકાર્યો. અપેક્ષિત માહોલ અને વાતાવરણ મળતાં જ ગાંડપણની અસર ધોવાઈ જવા પામી. આપણા દેશવાસીઓ મરતાને મારવામાં મજા માણે છે, ત્યારે ભારતીય લોકો મરતાને જિવાડવા મથે છે. અને હંમેશાં મારનાર લાખ ભેગા થાય, એના કરતા જિવાડવા જાનના જોખમે ઝઝૂમનાર એક હોય તોય એ એકની તાકાત વધી જાય છે, એ તમે બધાએ સાક્ષાત્ અનુભવ્યું. માટે તો 'એકે હજારા' આવી કહેવત પ્રચલિત છે. ભારત પાસેથી અમેરિકાએ ઘણુંબધું શીખવા જેવું છે. 'જીવો અને જીવવા દો'ની પ્રેરણાથીય આગળ વધીને 'મરીને પણ જિવાડો'નો આદર્શ સતત સ્મરણમાં રાખવાનો બોધપાઠ તો આજનો આ ચમત્કાર જોઈને તમામ પ્રેક્ષકો ગ્રહણ કરે, એવી કામના રાખું છું.

મરીનેય જિવાડવા ઝઝૂમનાર સાહસવીરને મળેલી સફળતા-સિદ્ધિ પર પ્રશંસાની પુષ્પાંજલિ વેરતા વેરતા પ્રેક્ષકો વિદાય થયા, દરેકની આંખ સમક્ષ દિવસો-મહિનાઓ સુધી આજનો ચમત્કાર ચમકતો-દમકતો જ રહ્યો.

૬

# અણદાગ આબરૂ

સુકાળના કારણે કોઈ સાલ ઓળખાતી હોય, એવું ઓછું જોવા મળે છે, જ્યારે દુકાળના કારણે ઘણી સાલ-સંવતો ઓળખાતી હોય, એવું અનેક વાર નોંધાયેલું જોઈ શકાય છે. ચોત્રીસા (સંવત ૧૯૩૪) દુકાળ તરીકે ઓળખાતા સમયગાળામાં કાઠિયાવાડમાં બનેલી એક ઘટના પર દૃષ્ટિપાત કરીશું, તો દેવાણંદ ચારણની આશ્રિત કૂતરા તરફની વફાદારી પર અને આથીય વધુ તો શેઠને આપેલા વચનની વફાદારી જાળવવાની ટેક પર પણ આફરીન બની ગયા વિના નહિ જ રહી શકાય. ઘટના કંઈક આ રીતે ઘટવા પામી હતી.

કાઠિયાવાડમાં આવેલ ખાગેશ્રીના વીડનો એક નેસ દેવાણંદ ચારણના નામે-કામે ખૂબ જાણીતો હતો. એનું ટૂંકું નામ દેવા ભેડાં હતું. પણ ચારણોમાં એ અગ્રેસર હતો અને પૈસા, પરિવાર, પશુધનની એની સમૃદ્ધિ વખણાતી હતી, એથી દેવાણંદ ચારણ તરીકે જ એને સહુ ઓળખતા હતા. આસપાસના પ્રદેશમાં સુખ-સમૃદ્ધ ચારણ તરીકેની જે નામના-કામના એને વરી હતી, એની તો ભલભલાને ઈર્ષા થતી હતી.

કચ્છ-કાઠિયાવાડ પર ચોત્રીસા દુકાળ તરીકે કુદરતનો જે અભિશાપ ખાબક્યો હતો, એણે દેવાણંદ ચારણ જેવાની પણ કેડ ભાંગી નાખી હતી, ત્યાં બીજા બીજાની હાલત તો કેવી થવા પામી હશે, એની કલ્પના બરાબર આવી શકે. આ દુકાળના ઓળા એ રીતે કાઠિયાવાડમાં પણ ઊતરી પડ્યા હતા કે, પશુધનને મોતના મોંમાંથી ઉગારી લેવા દેવાણંદ

ચારણને કોઈ શેઠ-શાહુકાર સમક્ષ હાથ લાંબો કરવાની ફરજ પડે એમ હતું. થોડા ઘણા વિચારને અંતે દેવાણંદે નક્કી કર્યું કે, અવારનવાર ધીરધારનો વ્યવહાર જેમની સાથે ચાલતો હતો, એ માકુ શેઠ પાસેથી વ્યાજે પૈસા લઈને પણ પશુઓને ઉગારી લેવાં!

ચારણને પોતાની આબરુ-પ્રતિષ્ઠા ખૂબ ખૂબ વહાલી હતી, પણ એથીય વહાલી તો ઢોરઢાંખરની જિંદગી હતી, એથી આબરુના વિચારને વચમાં લાવ્યા વિના ચારણે માકુ શેઠ પાસે જઈને માંગણી કરી કે, ચોત્રીસા દુકાળની અગનઝાળ જે રીતે ફેલાઈ રહી છે, એનાથી આપ પણ અપરિચિત નહિ જ હો, માણસ તો જેમતેમ કરીનેય પોતાનું પેટ ભરી લેશે, પણ અબોલ જીવોનું શું ? આમ તો પશુમાત્રને જિવાડવાની ફરજ છે, પણ ઘરમાં જે આશ્રિત છે, એ ઢોરઢાંખરને જિવાડવા એ તો મારો ધર્મ બની રહે છે. એ માટે હું દાનની અપેક્ષા નથી રાખતો, મને માત્ર વ્યાજે થોડા પૈસા મળે, એ જ અપેક્ષા સાથે હું હાથ લંબાવવા આવ્યો છું. મને વિશ્વાસ છે કે, મારી ઝોળી આપ ખાલી નહિ જ રાખો.

શેઠને ચારણ પર પૂરો વિશ્વાસ હતો અને ચારણને શેઠ પર પૂરેપૂરી શ્રદ્ધા હતી. પણ દુકાળ એટલો બધો ભયંકર હતો કે, આ વિશ્વાસ અને *શ્રદ્ધાના પાયા પણ ડગમગી ઊઠે, તો નવાઈ ન ગણી શકાય!* ચારણે જેની કલ્પનાય ન હતી, એવો જવાબ શેઠ તરફથી મળ્યો. શેઠે કહ્યું : ચારણ ! તમારી ભાવના અને અબોલા જીવો તરફની લાગણી પર તો અંતર ઓવારી જાય એમ છે. તમને વ્યાજે પૈસા ધીરવામાં તો બીજું કઈ વિચારવાનું જ શું હોય ? પણ ... ?

શેઠ આગળ બોલતા અટકી ગયા. ચારણે પોતાની એ જ માંગણી ફરી દોહરાવી કે, દુકાળના આ વરવા દિવસોય થોડા સમય બાદ વીતી જશે અને પુનઃ સુકાળનું સામ્રાજ્ય ફેલાતાં વાર નહિ લાગે. ત્યારે આપના પૈસા દૂધે ધોઈને વ્યાજ સાથે પરત કરવામાં જરાય ઢીલ થાય, તો ઊભી બજારે મને કાન ઝીલીને અને મને ઊભો રાખીને એમ પૂછવાનો આપનો

અધિકાર અબાધિત રહેશે કે, ચારણ ! ધરતી પર તો સુકાળ સરજાયો પણ તમારા ખજાનામાં શું હજી પણ દુકાળનાં ડાકલાં જ વાગી રહ્યાં છે કે જેથી ધીરેલા પૈસાની ચુકવણી હજી પણ લંબાઈ જ રહી છે ! આપને મારી આ જાતની જડતી લેવાની છૂટ આપું છું. પણ અબોલ જીવોની દયા ખાતર પણ મારી આટલી અરજ તો આપે સ્વીકારવી જ પડશે.

ચારણ નહિ, ચારણનું હૈયું આ રીતે બોલી રહ્યું હતું. પણ શેઠનું દિલ હજી દ્રવતું ન હતું. એથી પૈસા ન ધીરવા પડે, એવો ઇરાદો રાખીને એમણે શરત મૂકી કે, ચારણ ! પૈસા ધીરવામાં તો મને શો વાંધો હોય? પણ તમે કંઈક ગીરવે મૂકો, તો હજી પૈસા ધીરવાની વાત પર કંઈક વિચારી શકાય?

ચારણે જવાબ વાળતાં કહ્યું કે, શેઠ! બીજું તો કંઈ ગીરવે મૂકી શકું એમ નથી. આપ સ્વીકારવા તૈયાર હો, તો મારી આબરૂ ગીરવે મૂકી દેવા તૈયાર છું.

શેઠે કહ્યું : ચારણ  આબરૂ કંઈ ગીરવે મૂકવા જેવી ચીજ થોડી જ છે! એમ કરો : આ બૂચિયા-કૂતરાને ગીરવે મૂકી જાવ, અને જોઈએ એટલા પૈસા લઈ જાવ.

દેવાણંદ ચારણના પરિવારમાં પુત્ર જેવા સભ્ય તરીકે એક કૂતરાનું પણ સ્થાન હતું. વર્ષોથી પરિવાર સાથે હળીમળી ગયેલો કૂતરો 'બૂચિયા'ના હુલામણા નામે સ્થાનમાન પામી ચૂક્યો હતો. એથી ચારણ પળવારને માટેય એને અળગો કરવા તૈયાર થાય, એ શક્ય જ નહોતું. ચારણે ગદ્‌ગદ બનીને જવાબ વાળતાં કહ્યું : શેઠ ! પ્રાણપ્યારો બૂચિયો મારા વિના રહી શકે કે બૂચિયા વિના મારો પરિવાર રહી શકે, એ સ્વપ્નેય શક્ય ન હોવાથી આપ બીજી કોઈ ચીજ પર પસંદગી ઉતારો. હા પાડતા હો, તો એકાદ ભેંસને ગીરવે મૂકવાની મારી તૈયારી છે. પણ બૂચિયાને ગીરવે મૂકવાનો તો મારો જીવ ચાલતો નથી.

ખરેખર બૂચિયો એવો વફાદાર, આજ્ઞાંકિત અને સમજદાર કૂતરો હતો કે, એને અળગો કરવો કે એનાથી અળગા થવું, બંનેમાંથી એકેયને પણ ગમે જ નહિ. પત્ર કે સંદેશાઓની આપ-લે કરવામાં એ ઉપયોગી થતો. એના ગળે સંદેશવાહક પત્ર બાંધી દેવામાં આવે, તો અમુક અમુક નિયત કરાયેલાં ગામોમાં એ એકલો જ પહોંચી જાય અને ત્યાંથી જવાબ લઈને એકલો જ પાછો આવી જાય. ઘર-પરિવારમાં સગા સંતાનથીય સવાયું સ્થાનમાન ભોગવતા 'બૂચિયા'ને ગીરવે મૂકતા જીવ ન ચાલે, એ માટેના આ અને આવાં અનેક કારણો આગળ કરી શકાય. શેઠને તો એવી જ ખાતરી હતી કે, ચારણ બૂચિયાને ગીરવે મૂકવાની તૈયારી નહિ જ દર્શાવે અને એથી મારે પણ ચારણને પૈસા ધીરવાનો વખત નહિ જ આવે ! એથી શેઠે સ્પષ્ટ સંભળાવી દીધું કે, ચારણ! બૂચિયાને ગીરવે મૂકવાની તૈયારી હોય, તો જ મેળ ખાય. ગીરવે તરીકે ભેંસને સ્વીકારું, તો ભેંસ તો મારા માથે જ પડે. એને ખવરાવવું, ચરાવવા લઈ જવી, આમાં જે ખર્ચ આવે, એના ચોથા ભાગ જેટલીય રકમ વ્યાજ પેટે ન મળે, ઉપરથી આ બધી બાબતોના ખર્ચનો આંકડો જ વધી જાય. માટે એક વણિક તરીકેય ભેંસને ગીરવે રાખવી તો પોસાય જ નહિ.

શેઠનો આવો નન્નો સાંભળીને ચારણનું હૈયું પડી ભાંગ્યું, વ્યાજે પૈસા લીધા વિના પશુધનને જિવાડી શકાય, એ શક્ય નહતું અને પૈસા મેળવવા 'બૂચિયા'ને ગીરવે મૂકવો, એ કોઈ પણ હિસાબે પાલવે એમ ન હતું, આવી દુવિધાભરી પરિસ્થિતિની સૂડી વચ્ચે ભીંસ અનુભવતા ચારણનો આશ્રિત પશુધન ઉપરનો પ્રેમ થોડાઘણા વિચારને અંતે વિજયી નીવડ્યો. ચારણે મનોમન નક્કી કરી નાખ્યું કે, પશુઓના જીવતરને વધુ વહાલું ગણીશ, તો જ કર્તવ્યનિષ્ઠ રહી શકીશ. થોડા સમય માટે બૂચિયાનો મોહ ફગાવી શકીશ, તો જ પશુધન પ્રત્યેની જવાબદારી મેં જાળવી ગણાશે. માટે કાળજું કઠણ કરીને રડમસ સાદે એણે શેઠની વાત સ્વીકારતાં કહ્યું કે, શેઠ! આપની વાત સ્વીકારતાં હૈયે ચીરો પડે છે

અને એનો અસ્વીકાર કરતાં આત્મહત્યારા બનવા જેવી હાલત અનુભવાય છે. માટે કાળજું કપાવા દઈને પશુઓને ઉગારી લેવાનું કર્તવ્ય અદા કરવા કાળજાની કોર સમા બૂચિયાને ગીરવે મૂકવાની મારી તૈયારી છે. આ રીતેય પશુઓનું જીવતર જળવાઈ જતું હોય, તો મેં કંઈ જ ગુમાવ્યું નથી, ઘણું ઘણું મેળવ્યું છે, એમ માનીને હું મનને મનાવી લઈશ.

શેઠ વચનબદ્ધ બની ગયા હતા, એથી હવે પૈસા ધીર્યા વિના ચાલે એમ જ ન હતું. થોડાઘણા પૈસા પ્રાપ્ત કરવા કાળજા જેવું કાળજું ગીરવે મૂકીને ચારણ દેવાણંદે વિદાય લીધી, ત્યારે એની આંખમાંથી અનરાધાર આંસુની ધાર વહી નીકળી હતી. ચારણ તરફથી સંકેત થતાંની સાથે જ બૂચિયો તો જોકે શેઠના આંગણે બંધાઈ ગયો હતો, પણ જાણે એનું ખોળિયું જ બંધાયું હતું, એનું મન-જીવન તો ચારણના પગલે પગલે જ કૂચકદમ આગે બઢાવી રહ્યું હતું.

ચારણના પરિવારથી વિખૂટો પડેલો બૂચિયો વફાદાર અને આજ્ઞાંકિત હોવાથી શેઠની વફાદારી અને આજ્ઞાંકિતતા બરાબર અદા કરી રહ્યો. ચારણનો પરિવાર એને હરઘડી હરપળ યાદ આવે, એ સહજ હોવા છતાં ચારણના સંકેત અને આજ્ઞામંત્ર અનુસાર શેઠની ચાકરી બરાબર અદા કરવી, એને એ કૂતરો પોતાની ફરજ સમજી રહ્યો હતો. એથી થોડા જ દિવસોમાં એ શેઠના પરિવાર સાથે હળીભળી જઈને પરિવારના જ એક અભિન્ન અંગ સમો બની ગયો. દિવસો પર દિવસો વીતવા માંડ્યા, એમ શેઠને પણ એ વાતની વધુ ને વધુ પ્રતીતિ થવા માંડી કે, ચારણ ક્યા કારણે બૂચિયો ગીરવે મૂકવા તૈયાર થતો ન હતો.

ચારણના ચરણની વર્ષોની ચાકરી સ્વીકારવા છતાં ગીરવે તરીકે પોતાને ત્યાં રહેલો બૂચિયો જે વફાદારી અને આજ્ઞાંકિતતા અદા કરી રહ્યો હતો, એની વધુ સ્વાનુભૂતિ એક દહાડો શેઠને થઈ જવા પામી. બૂચિયો જે દિશામાં ચોકીપહેરો કરતો હતો, ત્યાં તો ચોરો ચોરી કરી શકે એ શક્ય જ ન હતું, કેમ કે અજાણી વ્યક્તિની સામે ભસવાનો

સ્વભાવ એ બૂચિયાને મૌન ન રાખી શકે. અને એના ભસવાનો અવાજ સાંભળીને લોકો જાગી ગયા વિના ન જ રહે. પછી ચોરો કઈ રીતે ચોરી કરી શકે? પણ ચોરો બીજી દિશામાંથી આવ્યા હોવાથી બૂચિયાને ચોરોનો કોઈ અણસાર ન મળી શક્યો. એથી ચોરોને ફાવટ મળી જવા પામી, થોડાઘણા દરદાગીનાની લૂંટ ચલાવીને ચોરો ભાગી છૂટ્યા. શેઠ એટલા અંશે ભાગ્યશાળી હતા કે, ચોરેલા મુદ્દામાલ શેઠની હવેલીથી થોડાક દૂર આવેલા અવાવરા પ્રદેશમાં જ દાટી દઈને નાસી જવાનો વિચાર ચોરોને આવ્યો હતો. રાતે આ રીતે થયેલી ચોરીની ઘટનાનો ખ્યાલ આવતાંની સાથે જ શેઠને બૂચિયો સાંભરી આવ્યો. કોઈના સગડ પારખવાની કળાનો કસબ બૂચિયાને સિદ્ધ હતો. એથી શેઠનો સંકેત સમજી જઈને ચોરોનું પગેરું શોધતો શોધતો એ કૂતરો જે પ્રદેશમાં ચોરોએ મુદ્દામાલ દાટ્યો હતો, ત્યાં આવીને અટકી ગયો. એ અવાવરી જગા તાજી ખોદાઈ હોય, એમ જણાતું હતું. એથી શેઠને એમ લાગ્યું કે, અહીં જ ચોરોએ ચોરીનો મુદ્દામાલ દાટ્યો હોવો જોઈએ. શેઠે એ જમીન ખોદાવવા માંડી, તો થોડી જ વારમાં ચોરાયેલા દરદાગીના મળી જવા પામ્યા. આથી શેઠના આનંદનો પાર ન રહ્યો.

શેઠને એવો વિચાર આવ્યો કે, બૂચિયો જો આ રીતે વહારે ન ધાયો હોત, તો આ બધા જ દરદાગીના લૂંટાઈ જાત. ખરેખર આ બધું પાછું મળી જવા પામ્યું, એ ઉપકાર બૂચિયાનો જ ગણાય, એટલે ચારણ દેવાણંદ પણ એટલો જ ઉપકારી ગણી શકાય. આ ઉપકાર-ઋણને અદા કરવું હોય, તો ધીરેલા પૈસા મળી ગયા, એમ માનીને મારે બૂચિયાને સામેથી ચારણના ઘરે પાછો મોકલી આપવો જોઈએ.

શેઠને આવો વિચાર આવતાં જ એમણે મનોમન નક્કી કરી નાખ્યું કે, ચારણ પાસેથી ધીરેલા પૈસા હવે મારાથી ન જ સ્વીકારાય, એટલું જ નહિ, આ કૂતરાને પણ હવે એના માલિકથી અળગો ન રાખી શકાય. માટે એક ચિઠ્ઠી ગળે બાંધીને આ કૂતરાને મારે વહેલી તકે ચારણના નેસ

તરફ વળાવી આવવો જોઈએ. આ વિચારને અમલી બનાવવા જતાં જોકે ધીરેલા પૈસા ગુમાવવા પડતા હતા, સાથે સાથે બૂચિયાનેય ખોવાનો વારો આવતો હતો. પણ માકુ શેઠ હવે ચારણના ઉપકારનો બદલો વાળ્યા વિના રહી શકે એમ ન હતા. એથી શેઠે રડતી આંખે લખાયેલો એક પત્ર કૂતરાના ગળે બાંધ્યો અને એ બૂચિયાને વળાવીને ભારે હૈયે પાછા ફર્યા.

બૂચિયાને ચારણના નેસ તરફ વળાવીને પાછા ફરેલા શેઠ જ્યારે ઉપકારનો બદલો વાળવા બદલ કંઈક સંતોષની લાગણી અનુભવી રહ્યા હતા, ત્યારે ચારણની મનોદશા એ રીતે મૂંઝવણ અનુભવી રહી હતી કે, સુકાળનું સામ્રાજ્ય છવાઈ જવા છતાં હજી એનો પોતાનો ખજાનો એવો છલકાયો ન હતો કે, જેથી વ્યાજે લીધેલા પૈસા શેઠને ચૂકતે કરીને ગીરવે મુકાયેલા બૂચિયાને પાછો ઘરે લાવી શકાય! ખજાનો છલકાય, ધીરેલાં નાણાં પરત કરી શકાય અને પ્રાણપ્યારા બૂચિયાને પાછો લાવી શકાય, આ માટે દિનરાત મહેનત કરનારા ચારણના ચહેરા પર સતત એવી જ ચિંતાની રેખાઓ અંકિત રહેતી કે, ક્યારે હું ધીરેલાં નાણાં શેઠને પરત કરું અને શેઠ પાસેથી છોડાવીને બૂચિયાને પાછો ઘરે લઈ આવું!

આમ, બૂચિયાના આગમનને ચારણ સતત ઝંખી રહ્યો હતો, એમાં એક દહાડો સામેથી આવી રહેલા બૂચિયા પર નજર જતાં જ ચારણનું કાળજું કપાઈ ગયું અને આંખો લાલઘૂમ થઈ ગઈ. કાળજે કાપો પડવાનું કારણ એ હતું કે, પોતે શેઠને આપેલા વિશ્વાસનો ભંગ કરીને બૂચિયો ભાગી છૂટીને આવ્યો હોવાની કલ્પના ચારણને આવી હતી. આંખ લાલઘૂમ થવાનું કારણ એ હતું કે, આવા ખૂટલ કૂતરાના માલિક તરીકે હું પણ હવે કઈ રીતે મોઢું ઊંચું રાખીને લોક વચ્ચે ફરી શકીશ. આ રીતે દેવાણંદના અંગેઅંગમાં આવેશ ફરી વળ્યો, એથી હાથમાં રહેલી ડાંગ ચારણે બૂચિયા પર એવા વેગથી ફેંકી કે, બૂચિયાનું માથું લોહીલુહાણ

બની ગયું. સામાન્ય શિક્ષા કરવાના આશયથી થઈ ગયેલો ઘા આ રીતે જીવલેણ નીવડશે, એની તો ચારણને કલ્પના જ ન હતી. લોહી વમતા બૂચિયાને જોતાં જ ચારણને પોતાના ક્રોધાવેશ તરફ ધિક્કાર છૂટ્યો. એ એકીશ્વાસે કૂતરા પાસે પહોંચી ગયો. બૂચિયાને બચાવવા એ ઠીકઠીક મથ્યો. પરંતુ કૂતરો જીવે એમ જણાતું ન હતું. એના ગળા પર બંધાયેલા એક કાગળ પર ચારણની નજર અચાનક જતા જ અને એ પત્ર વાચતાં જ ચારણ ધ્રુસકે ધ્રુસકે રડવા માંડ્યો. કારણકે પોતાને જે કલ્પના આવી હતી, એ સાવ પાયા વિનાની હતી, ન તો બૂચિયો ખૂટલ નીકળ્યો હતો, ન તો એ વિશ્વાસઘાત કરીને ભાગી છૂટ્યો હતો. એને તો શેઠે જાતે જ વળાવીને વિદાય આપી હતી.

લોહી વમતા અને જીવનની છેલ્લી ઘડી-પળ ગણતા કૂતરાના ગળે બંધાયેલો પત્ર વાંચવા મળતાંની સાથે જ ચારણની સમક્ષ સત્યનો સાક્ષાત્કાર થઈ જવા પામ્યો. શેઠને ત્યાં ગીરવે મુકાયેલા બૂચિયાએ જ શેઠના ચોરાયેલા દરદાગીનાના મુદ્દામાલને પાછો મેળવી આપવામાં મુખ્ય ભાગ ભજવ્યો હતો, એના આ ઉપકાર-ઋણથી મુક્ત થવા શેઠે જાતે જ કૂતરાને વિદાયમાન આપીને ચારણને પાછો સુપરત કર્યો હતો.

સત્યના આવા સાક્ષાત્કાર બાદ ચારણ દેવાણંદના પશ્ચાત્તાપનો પાર ન રહ્યો. કૂતરો ગીરવે તરીકે શેઠને સોંપાયો, આ પછી પણ એણે વફાદારી પૂરેપૂરી જાળવી જાણી હતી. એ બદલ આનંદ અને અહોભાવ અનુભવતા ચારણને પોતે જે જાતની મિથ્યાકલ્પનાનો ભોગ બન્યો હતો અને આવેશને વશ બનીને કૂતરાના કમોતમાં નિમિત્ત બન્યો હતો, એનો પશ્ચાત્તાપ પાવક બનીને ચારણના ચિત્તને આજીવન બાળતો જ રહ્યો. ઈતિહાસ કહે છે કે, કૂતરો બૂચિયો જ્યાં મૃત્યુ પામ્યો, ત્યાં એની સ્મૃતિમાં બંધાયેલી વાવ કુત્તાવાવ તરીકે પ્રખ્યાત બની. ત્યાં એક દેરી પણ ચણવામાં આવી. ચારણ દેવાણંદના વંશજો તરફથી પ્રતિવર્ષ ત્યાં નૈવેદ્ય-ફૂલ ધરાતાં રહ્યાં.

ચારણનો રોષ જો કે અક્ષંતવ્ય ગણાય, પરંતુ આબરૂને અણદાગ રાખવાની ચારણની તમન્ના-કામનાની તો જેટલી આરતી ઉતારાય એટલી ઓછી જ ગણાય. ઈતિહાસે એ વાતની ખાસ નોંધ લીધી કે બૂચિયા-કૂતરાના મોત પર અશ્રુધારા વહાવનાર ચારણ દેવાણંદના ચહેરા પર એ પછી આજીવન પ્રસન્નતાની એકાદ રેખા પણ અંકિત બની શકી ન હતી. જાણે વફાદાર બૂચિયાના મૃત્યુ બદલ ચારણે આજીવન શોક પાળ્યો હતો.

વફાદારીનું વાતાવરણ આજે જ્યારે વેરવિખેર બની રહ્યું છે અને આબરુને અણદાગ રાખવાની તમન્નાનાં દર્શન તો સ્વપ્નેય સુલભ નથી રહ્યા, ત્યારે વફાદારી અને આબરૂના દ્વિભેટે સર્જાયેલી દેવાણંદ ચારણની આ ઘટના અદ્ભુત અનુપમ આદર્શ પૂરો પાડનારી નહિ બની જાય શું?

૭

# સુષુપ્ત સંસ્કારોનું જાગરણ

સંસ્કૃતિના સંસ્કારોથી સુવાસિત ભારતની ધૂળ અને ધાન્યમાં ઊછરીને જે ઘડતર પામ્યો હોય, એની કાયા જ નહિ, એનું કાળજું પણ એ જાતનું સાંસ્કારિક-પોષણ પામતું હોય છે કે, દુર્ભાગ્ય એને કદાચ ડાકુ તરીકેની ખૂંખાર જિંદગી જીવવા માટે મજબૂર બનાવે, તોય એની ભીતરમાં ધરબાયેલી સંસ્કૃતિનો સર્વનાશ તો થવા પામતો જ નથી, અવસર આવતાં જ એ સંસ્કારો પુનઃ ઝળકી ઊઠ્યા વિના નથી રહી શકતા. એના હાથમાં ભાલા ઘૂમતા દેખાતા હોય, ત્યારેય હૈયામાં માળા ફરતી રહેતી હોઈ શકે છે. આની પ્રતીતિ ભૂરાસિંહ ડાકુના જીવનનો એક પ્રસંગ કરાવી જાય છે.

આજમગઢ જિલ્લો આ ડાકુના નામથી જ થરથર કંપારી અનુભવતો, ભલભલા ભડવીરો પણ એની સમક્ષ ઢીલાઘેંસ બની જતા, બાળપણમાં તો એ ડાકુ સંસ્કારી વાતાવરણ વચ્ચે ઊછરેલો, પણ યુવાની દીવાની નીવડી. એક તરફ એણે સત્તા ગુમાવી, બીજી તરફ સંપત્તિના સાંસા પડવા માંડ્યા, આવી કટોકટીની પળ ભૂરાસિંહને રક્ષકમાંથી ભક્ષક બનવા તરફ ઘસડી ગઈ અને થોડાં જ વર્ષોમાં એક ખૂંખાર ડાકુ તરીકે એ ચોમેર નામચીન બની ગયો. એની હાકધાકથી આજમગઢની આસપાસનો ચંબલ-ઘાટીનો એ પ્રદેશ ગાજવા લાગ્યો.

ડાકુ ભૂરાસિંહથી સૌ ડરતા હતા, એમ ડાકુના મનમાંય પકડાઈ જવાનો ડર રહેતો. એથી એ ગુપ્તવેશમાં જ ફરવા નીકળતો. એ વખતે એનો લઘરવઘર વેશ જોતાં કોઈનેય એવી શંકા ન જાય કે, આવા

ભોળપણની ભીતરમાં કોઈ ડાકુ ઘૂરકી રહ્યો હશે! આ રીતે લઘરવઘર વેશમાં ફરવા નીકળેલા ડાકુને જંગલમાં એક વાર છ સાત યુવાનોનો ભેટો થઈ ગયો. યુવાનીનો તોર હતો, સરખેસરખાનો સમાગમ હતો, ઠઠ્ઠા મશ્કરીમાં મશગૂલ એ ટોળાની નજર લઘરવઘર વેશમાં આવી રહેલા એક માણસ પર પડતાં જ ટીખળી-ટોળું વધુ તોફાને ચડ્યું. બધા જુવાનિયા રખડુ જેવા જણાતા એ માણસને ઘેરી વળ્યા. કોઈએ સાદ નાખ્યો : એ ડોસા, આગળ જવાની શી ઉતાવળ છે? થોડી વાર ઊભો રહી જા, તો અમે મજા માણી લઈએ.

બીજો પોકાર આવ્યોઃ દાદા, દાદા! આ થેલામાં ક્યો ખજાનો છુપાવ્યો છે? ખજાનો જરા ખુલ્લો કરો, તો જોવાની મજા પડે. આ ખજાનો અમે લૂંટી નહિ લઈએ હોં!

ત્રીજે અવાજ વળી વિચિત્ર હતો : દાદા, તમારી આ કફનીનું પહેરણ તો અમને ખૂબ જ પસંદ પડી ગયું છે. તમે અમને દાનમાં ન આપી દો શું?

પળ બે પળમાં તો એ રખડુને કેન્દ્રમાં રાખીને ચારે તરફ ગોઠવાઈ ગયેલા યુવાનોએ ધિંગામસ્તી મચાવી દીધી. એથી જે વાતાવરણ સરજાયું એ જોઈને વિચારમગ્ન બની ગયેલા ડાકુના દિલમાં સુષુપ્ત રીતે સચવાયેલા સંસ્કૃતિના સંસ્કાર જાગ્રત બની જતાં એને એવો એક વિચાર આવી ગયો કે, મેં તો ભલે મારું જીવતર એળે ગુમાવ્યું અને આ રીતે જડતર સમા જીવનને આજે વેડફી રહ્યો છું, પણ આ માટે મારે ભલે થોડુંક નાટક ભજવવું પડે. એણે જુવાનિયાઓને જવાબ વાળ્યોઃ 'હું તો રખડુ તરીકે જીવન વિતાવી રહ્યો છું. છતાં રમકડાની જેમ તમને મારા માધ્યમે મોજમજા અને આનંદ મળતો હોય, તો એથી વળી વધુ ખુશીની બીજી કઈ વાત હોઈ શકે! મારે આગળ જવાની જરાય ઉતાવળ નથી, તમે ઇચ્છશો, એટલી વાર હું અહીં રોકાઈ જવા તૈયાર છું, એટલું જ નહિં, તમે જે જે કહેશો, એ પણ કરી બતાવવાની મારી તૈયારી છે.

મારા માધ્યમે તમને આનંદ-પ્રમોદ મળતો હોય, તો એના જેવું રુડું વળી બીજું શું હોઈ શકે?'

આવો પ્રતિભાવ મળ્યા બાદ તો હવે જુવાનિયા અટકચાળાં ને અડપલાં કરવામાં શી કમીના રાખે? એ રખડુ પાસે જેણે જેણે જે જે ચીજની માગણી મૂકી, એ એ ચીજ ખભે ભરાવેલા થેલામાંથી કાઢીને એ જાણે ઉદારભાવે આપતો જ રહ્યો. અંતે કોઈની માંગણી આવી : દાદા, દાદા! તમારી આ કફની તો ખૂબ જ કામણગારી છે, એ આપશો ખરા ?

'કેમ નહિ?' આટલું બોલતાંની સાથે એ રખડુએ જ્યાં પોતાના શરીર પરથી કફની ઉતારી દીધી, ત્યાં જ કમ્મરે ભરાવેલી કરપીણ કટારી પર નજર જતાં જ બધાના મોતિયા મરી ગયા : અરે, આ તો ડાકુ ભૂરાસિંહ ! આપણામાંથી એકેને આ ડાકુ હવે જીવતો છોડશે ખરો? રખડુ જેવા જણાતા આની સાથે કરેલી અવળચંડાઈનો અંજામ હવે તો મોત સિવાય કોઈ જ ન હોઈ શકે!

ડાકુ ભૂરાસિંહના નામથી અંકિત કટારીને જોતાં જ જુવાનિયાઓએ પોતાની ભયંકર ભૂલનો ખ્યાલ આવી ગયો. વિકરાળ વાઘના મોંમાં કોળિયા તરીકે પ્રવેશી ચૂકેલો હજી બચી શકે, પણ આ ડાકુની ક્રૂરકટારીના જીવલેણ પ્રહારથી ઊગરી જવું, એ હવે તો સાવ જ અશક્ય ગણાય. એથી બધા જ જુવાનિયા કટારી જોઈને થરથર ધ્રૂજવા માંડ્યા હતા.

અત્યાર સુધી ધિંગામસ્તીમાં જ મસ્ત યુવાનોનું ટોળું જે રીતે કંપારીનો ભોગ બન્યું હતું, એ જોઈને સૌને અભયવચન આપી દેતાં એ ડાકુએ કહ્યું : ડરો નહિ, તમને સૌને હું અભયવચન આપું છું. બીજા બધા ભલે મને ભક્ષક સમજે, પણ હું તો તમારો જીવનરક્ષક અને માર્ગદર્શક બનવા માંગું છું માટે મનમાંથી ડર કાઢી નાખીને મારાં થોડાં હિતવચનો સાંભળી લો.

ડાકુનાં આ વચનો માત્ર હોઠમાંથી જ નીકળ્યાં ન હતાં, પણ હૈયાના ઊંડાણમાંથી પ્રગટેલા નાભિ-નાદ સમાં હતાં. આવી પાકી પ્રતીત થતાં જ બધા જુવાનિયા નિશ્ચિંત બની ગયા. પોતાની સામે પ્રતીક્ષાભરી આંખે અને અંતરે તાકી રહેલા એ ટોળાને ઉદ્દેશી ડાકુએ કહેવા માંડ્યું:

'જુવાની દીવાની છે. દીવાની ન બનતી યુવાનીમાં જે શાણો રહી નથી જાણતો, એનું જીવતર કેવું ઝેર બની જાય છે, એનો તાગ પામવો હોય, તો બીજે ક્યાંય જવાની જરૂર નથી. હું જ એનો જીવતો નાદર નમૂનો પૂરો પાડી શકું એમ છું'

યુવાનિયાઓના મગજમાં હજી એ બેસતું ન હતું કે, ડાકુના મોઢામાંથી શબ્દોની વાટે આવું અમૃત ઝરી શકે! એકીટસે પોતાને સાંભળી રહેલા ટોળાને જોઈને ડાકુના મનમાં એવો વિશ્વાસ જાગ્રત થઈ ગયો કે, ધાર્યા કરતાં પણ સારું પરિણામ આવશે. એણે વાતનું વહેણ આગળ લંબાવ્યું : 'જુવાની મારા માટે દીવાની બની ગઈ, એનાં કડવાં ફળ ભોગવવાનો વારો આજે મારે આવ્યો છે. જેથી નથી તો હું શાંતિથી સૂઈ શકતો કે જાગ્રત રહી શકતો. ભયની ભૂતાવળોએ મારી ચોમેર એવો ઘેરો ઘાલ્યો છે કે, આ રીતના લઘરવઘર લેબાશમાં મારે બહાર નીકળવું પડે છે. માત-પિતા, ભાઈ-ભાંડુ, પત્ની-પુત્ર આદિ પરિવારની વાડી લીલીછમ હોવા છતાં આજે નમાયા-નબાપા-નોંધારા જેવી કફોડી હાલતમાં હું જો મુકાયો હોઉં, તો આ માટે એક માત્ર દોષિત તરીકે મને મારી જાત જ જણાય છે. જેથી જાત અનુભવ દ્વારા તમારા જેવા નવલોહિયા યુવકોને હું ચેતવી દેવા માંગું છું કે, તમારે બધાએ તો સ્વયં પ્રકાશિત રહીને જગતને જાગ્રત રાખવાનું કર્તવ્ય અદા કરવાનું છે. તમે જો અત્યારથી જ આ રીતે રઝળપાટ અને રખડપટ્ટીમાં જ જુવાની વેડફી નાખશો, તો પછી તમારા દુર્ભાગ્યમાં આખી જિંદગીને રડતાં રડતાં જ વેંઢારવાનો વસમો વખત આવશે. માટે તમે મને વચન આપો કે, આજની આ પળથી જ જીવતરને તારાજ બનાવતી રખડપટ્ટીને રામ રામ કરીને,

જીવતરને જડતર જેવું જ્વલંત બનાવતા પુણ્ય-પંથના જ અમે પ્રવાસી બનીશું.'

કથન પૂર્ણ કરતાં કરતાં તો ડાકુની આંખમાં જ નહિ, સાંભળનારા યુવાનિયાઓની આંખોમાં પણ આંસુ છલકાઈ રહ્યાં. ડાકુએ વધુ ગદ્ગદિત બનીને કહ્યું કે, હું હવે સુધરી શકું, એ તો મારા માટે શક્ય જ જણાતું નથી, પણ તમારા માટે મને વિશ્વાસ બંધાયો છે કે, વધુ બગડતા અટકી જઈને હવે તમે તો જાગ્યા ત્યારથી સવાર ગણી પ્રકાશના પંથે જરૂર આગે કદમ ભરતા રહી શકશો.

આટલું કથન પૂર્ણ થતાં જ એ ડાકુએ થેલામાંથી નોટોની થપ્પી બહાર કાઢીને એ રીતે ઉછાળી કે, જાણે નવજીવનના પંથે પ્રયાણ કરતા યુવાનોને એ અક્ષતના બદલે રૂપિયા રૂપિયાની નોટોથી વધાવી રહ્યો હોય! ડાકુના માધ્યમે એના હૈયામાં સુષુપ્ત સંસ્કૃતિના સંસ્કારોનો આ સાદ સાંભળીને આ યુવાનિયાઓએ મનમાં ગાંઠ વાળી કે, દેશ-દિશા અને ઉદ્દેશવિહોણી રઝળપાટ નહિ, હવે તો આ ત્રણેને નજર સમક્ષ રાખીને આપણી જીવનયાત્રા આગે ને આગે બઢતી રહેશે. યુવાનિયા જ્યારે આ રીતે વચનબદ્ધ બન્યા, ત્યારે ડાકુના આનંદનો પાર ન રહ્યો. યુવાનિયાઓના મુખ પર જે આનંદ છવાયેલો જોવા મળતો હતો. એનો તાગ પણ પામી શકાય એમ નહોતો.

## ૮

# "ઉઘાડી રાખજો બારી"ના ગીત ગાયક

**દુઃખી-દર્દી કે ભૂલેલા કોઈ માર્ગવાળાને**
**વિસામો આપવા ઘરની ઉઘાડી રાખજો બારી ..........**
**ગરીબની દાદ સાંભળવા અવરના દુઃખને દળવા**
**તમારા કર્ણ-નેત્રોની ઉઘાડી રાખજો બારી......**

આ ગીતપંક્તિની રચના ભાવનગર જેવા રાજ્યના દીવાન તરીકેની જવાબદારી વહન કરનારી કોઈ વ્યક્તિ-શક્તિએ કરી હશે, એમ કોઈ કલ્પી-માની શકે ખરું ? નહિ જ ને. તો અંતરના આરસની તક્તી પર લખી-કોતરી લઈએ કે, આ ગીતના રચયિતા ભાવનગર રાજ્યના દીવાન પ્રભાશંકર પટ્ટણી હતા. માત્ર ગાવા-ગવડાવવા માટે જ આ ગીત રચાયું ન હતું, આ જાતની પરગજુ વૃત્તિ-પ્રવૃત્તિ ધરાવનારા પટ્ટણીનું જીવન જ જાણે આ પંક્તિ રૂપે પડઘાતું હતું. આદર્શ શિક્ષક, ઊંડા ચિંતક અને સંવેદનશીલ વ્યક્તિત્વના વાહક પટ્ટણી માત્ર ભાવનગરના દીવાન અથવા તો કોઈ રાજ્યના ગવર્નર તરીકે જેટલા સુપ્રસિદ્ધ અને શ્રદ્ધેય હતા, એટલા જ માન-અપમાનને ઝાઝું મહત્ત્વ આપ્યા વિના સામાને સહાય ને સધિયારો પૂરો પાડનારા પરગજુ તરીકે પટ્ટણી વધુ સુપ્રસિદ્ધ હતા.

પટ્ટણીના કેટલાક જીવન-પ્રસંગો પર દૃષ્ટિપાત કરીશું, તો ચોક્કસ એવી પ્રતીતિ થવા પામશે કે, સાચે જ પટ્ટણીજી વડલાના આવા વિસામા સમા તેમજ ઘર ઉપરાંત અંતરની પણ બારીઓ ઉઘાડી રાખનારા વિશાળ હૈયું ધરાવનારા મુઠ્ઠી ઊંચેરા માનવી હતા.

એ વખતનાં દેશી રાજ્યોમાં ભાવનગરનું રાજ્ય 'મીઠા રાજ્ય' તરીકે એકી અવાજે આવકારાયું હતું. આનું શ્રેય રાજવી ભાવસિંહજીને દીવાન તરીકે મળેલા પ્રભાશંકર પટ્ટણીને આપી શકાય. રાજવી અને પટ્ટણીએ એવી કુનેહપૂર્વક રાજ્યનું સંચાલન કર્યું કે, ભાવનગરને ભાલે પ્રજાએ પ્રસન્નતાપૂર્વક 'મીઠા રાજ્ય' તરીકેનું સન્માન-તિલક કરતાં અનેરી રોમાંચિતતા અનુભવી હતી. ભાવસિંહજીના અવસાન બાદ પાટવીકુંવર કૃષ્ણકુમારસિંહજી સગીર વયના હોવાથી ૨ વર્ષ સુધી રાજ્યસંચાલન કરવા દ્વારા ભાવસિંહજી તરફની ભક્તિ-વફાદારી અદા કરી જાણનારા પ્રભાશંકર પટ્ટણીને એક વાર થોડા કામ માટે મુંબઈ જવાનું બન્યું. મુંબઈમાં જ રહેતા એક ભાવનગરવાસીને આ સમાચાર મળી ગયા. મોટી વય ધરાવતી એ વ્યક્તિને થયું કે, મુંબઈ આવેલા પટ્ટણીજીને મારી વીતક જણાવીશ, તો મને જરૂર થોડીઘણી સહાયતા મળી જ રહેશે. એને વિશ્વાસ હતો કે, વતનના વતની તરીકે પટ્ટણીજી મને સાંભળશે અને બનતી મદદ પણ કર્યા વિના નહિ જ રહે.

ગામડિયા જેવી જણાતી ગણાતી એ વ્યક્તિએ નાનાથી મોટા થયેલા પટ્ટણીને નજરોનજર જોયેલા, એથી દીવાન હોવા છતાં એને મન તો પટ્ટણી સામાન્ય પ્રજાજન જેવા જ જણાતા હતા. મુંબઈના રાજમાર્ગ પરથી પસાર થતાં એની નજર પટ્ટણી પર પડતાં સહજભાવે એના મોઢામાંથી એવા શબ્દો સરી પડ્યા : એ પટ્ટણા! તું અહીં બનીઠનીને ફરી રહ્યો છે, અને મારાં પહેરવાનાં કપડાંનાંય ઠેકાણાં નથી. મારી સ્થિતિ બહુ ખરાબ છે. હું ભાવનગરનો છું. માટે વતન પરસ્તી અદા કરવા તારી આગળ હાથ લંબાવી રહ્યો છું.

'પટ્ટણા' શબ્દ સાંભળીને એકવાર તો ચોંકી ઊઠેલા પટ્ટણીજીએ પાછળ નજર કરી, તો વતનના વડીલ સમા વતનીને તેઓ ઓળખી ગયા. 'પટ્ટણા' શબ્દ સાંભળીને એમને ગુસ્સો ન આવ્યો, પ્રજાનો પોતાની ઉપરનો પ્રેમભાવ અને મદદ માટેનો વિશ્વાસ નજર સામે તરવરી ઊઠતાં

એમણે ખીસામાંથી સો સોની બે નોટ મળી આવતાં તરત જ એને આપી દીધી. અને કહ્યું કે, અત્યારે તો આટલા જ રૂપિયા ખીસામાં છે, વધારે રકમની જરૂર હોય તો મળવા આવજો.

એકદમ તોછડી રીતે ઔચિત્ય-વિવેકનો સરાસર ભંગ કરીને 'પટ્ટણા' શબ્દથી સંબોધનારને પણ આ રીતે મદદ કરનારા પ્રભાશંકર પટ્ટણીને સાથેના મિત્રે સાશ્ચર્ય પૂછ્યું કે, આવું તોછડાઈભર્યું વર્તન કરનારને વળી બસો રૂપિયા જેવી મદદ કરવાનું કારણ ? જવાબ મળ્યો : ભાવનગર રહેનારો આ મારી પ્રજાનો જ એક અંશ છે. એના શબ્દો ભલે તોછડા હોય, પણ મારા પરની ભક્તિ અને મદદ મળવાના વિશ્વાસમાં તો મને જરાય ખામી નથી જણાતી. માટે આવાને અણીના અવસરે તો મદદ કરવી જ જોઈએ ને? આ બિચારો ગામડિયો હોવાથી કોઈ ભૂલનો ભોગ બને, પણ દીવાન તરીકે તો મારાથી આને તરછોડવાની ભૂલ તો ન જ કરી શકાય ને ?

માન-અપમાનને બહુ મહત્ત્વ આપ્યા વિના દુઃખીને વિસામો આપવાની પરગજુ વૃત્તિ દાખવનારા પ્રભાશંકર પટ્ટણીનું આ જાતનું જીવનપાસું જોઈને તો એ મિત્રનું મન મહોરી ઊઠ્યું.

●

ભાવનગરના રણીધણી બાપુ ભાવસિંહજીનું રાજ્ય તપતું હતું, ત્યારનો આ એક પ્રસંગ છે. બાપુને એક વાર ડાંગ જિલ્લામાં આવેલા ધરમપુરમાં જવાનું થયું. પોલો-રમતના શોખીન હોવાથી બાપુ ઘોડેસવાર બન્યા. ઘણી ઘણીવાર આ રમતમાં બાપુ જીતી જતા હતા, પણ આ વખતે વિધિના વળાંક વિચિત્ર-વિપરીત નીવડ્યા. રમત શરૂ થયાને થોડોઘણો સમય થયો, ત્યાં જ બેલેન્સ ગુમાવતાં બાપુ ઘોડા પરથી નીચે પડી ગયા. મૂઢ માર વાગવાથી થોડી જ વારમાં બેભાન બની ગયેલા બાપુના સમાચાર ભાવનગર પહોંચતાંની સાથે જ સમગ્ર સૌરાષ્ટ્ર ચિંતામગ્ન બની ગયું.

આ સમાચાર દીવાન પ્રભાશંકર પટ્ટણીને મળતાંની સાથે જ તેઓ મારતી મોટરે ધરમપુર જવા રવાના થઈ ગયા. અદશ્ય તત્ત્વો પ્રત્યે ભારે આસ્થા ધરાવતા એમણે ધરમપુર જતાં જતાં રોકડા રૂપિયાથી ભરેલી નાની નાની થોડી થેલીઓ સાથે લઈ લીધી. પટ્ટણીજીને દવા પર જેટલી શ્રદ્ધા હતી, એથી કેઈ ગણી વધુ શ્રદ્ધા દુઆ પર હતી. ગરીબ ગુરબાંઓ દ્વારા મળતી દુઆ અને દવા બાપુની વહારે ધાશે, એવો નાદ એમના અંતરમાંથી રેલાતો હતો.

મનમાં સંકલ્પ-વિકલ્પોનું ઘમસાણ ચાલુ હોવા છતાં ધરમપુર તરફ મારતી મોટરે આગળ વધી રહેલા પટ્ટણીના દિલમાં બાપુના આરોગ્ય અંગે આશાદીપ જલી જ રહ્યો હતો. ધરમપુર પહોંચતાંની સાથે જ રસ્તે જે ગરીબ-ગુરબાં ઉપરાંત ઓલિયા-ફકીર મળે, એને ખોબે ખોબે રૂપિયા આપવાપૂર્વક બાપુના આરોગ્ય માટે પ્રભુને પ્રાર્થના કરવાની વિનંતી કરતા બાપુની સેવામાં હાજર થવાનો સંકલ્પ કરીને તેઓ ધરમપુરમાં પ્રવેશ્યા.

પૂરા ધરમપુરમાં બાપુની બેભાનાવસ્થા જ ચર્ચાઈ રહી હતી. એમની લોકપ્રિયતા ભાવનગર ઉપરાંત ધરમપુરમાં પણ એટલી જ ફેલાયેલી હતી કે, ઠેર ઠેર બાપુના આરોગ્ય માટેની પ્રાર્થનાઓ ગુંજી રહી હતી. ગરીબ-ગુરબાં ઉપરાંતના ઓલિયા-ફકીરોને આ રીતે પ્રાર્થના કરતા જોઈને પટ્ટણીજીએ રૂપિયાની થેલીઓ ખુલ્લી કરી દીધી અને ખોબે ખોબે દાન કરતા તેઓ આગળ વધવા માંડ્યા.

એક અંધ ફકીરે પોતાના હાથમાં પડતા ખણખણતા રૂપિયાનો રણકાર સંભળાતાં એના મોંમાંથી એવા શબ્દો સરી પડ્યા કે, યા અલ્લાહ યહ કૌન આયા હૈ?

અવાજની મધુરતા અને કાંસા જેવા રણકારે પટ્ટણીજીના પગને થંભાવી દીધા. પોતાનો પરિચય આપતાં એમણે કહ્યું : આપને સુના હી

હોગા કિ, ભાવનગર કે રાજવી ભાવસિંહજી અશ્વ સે ગિર કર બેહોશ બન ગયે હૈ. ઉનકી સેવા કે લિયે ભાવનગર સે મૈં આ રહા હૂં મેરા નામ પ્રભાશંકર પટ્ટણી હૈ.

ફકીરે પ્રશ્ન કર્યો : આપ હી ભાવનગર કે દીવાન પ્રભાશંકર પટ્ટણી હો ક્યા? હકારમાં જવાબ આણીને પટ્ટણીએ ફકીરને વિનંતી કરી કે, આપ ભી રાજવી કે સ્વાસ્થ્ય કે લિયે પ્રાર્થના કરના.

ફકીરે જવાબમાં એટલું જ કહ્યું કે, અચ્છા બચ્ચા જા, તેરે પહુંચને કે બાદ તુરંત તેરા બાદશાહ હોશ મેં આ જાયેગા. તુજે મેરે પાસ બૈઠના હોગા.

પટ્ટણીએ ફકીરને એવો જવાબ વાળ્યો કે, મૈં જરૂર વાપિસ આકે બૈઠુંગા, અભી તો આપ મુજે જાને કી ઇજાજત દેને કી કૃપા કરે.

ફકીરની આ આગાહી સાંભળીને પટ્ટણીજીએ વધુ આશ્વસ્ત બનવાપૂર્વક બાપુના ઉતારા તરફ અત્યુકંઠ અંતરે દોટ મૂકી. પટ્ટણીજી બાપુના ઉતારે પહોંચ્યા, ત્યાં સુધી કોઈને આશા ન હતી કે, બેહોશીનાં વળતાં પાણી થાય, પણ જ્યાં પટ્ટણીજીએ પ્રવેશ કર્યો ત્યાં જ બાપુની કાયામાં જરીક સળવળાટ જોવા મળ્યો. પટ્ટણીજીએ ફકીરની આગાહીની વાત કરતાં સૌના ચહેરા પર આશાનૃત્ય જોવા મળવા માંડ્યું અને થોડા સમય બાદ તો ભાવસિંહજી પૂરા હોશમાં આવીને બેઠા થઈ ગયા. પટ્ટણીજીને સામે બેઠેલા જોઈને ભાવસિંહજીના આશ્ચર્યાનંદને કોઈ સીમા ન રહી.

આગાહી અક્ષરશઃ સાચી સાબિત થઈ હોવાથી પટ્ટણીજી હવે વચન પાળવા તલપાપડ બની રહ્યા હતા, એથી વિના વિલંબે તેઓની મોટર જે માર્ગેથી આવી હતી, એ જ માર્ગે પાછી ફરી અને જ્યાં પેલા ઓલિયા ફકરીનું સ્થાન આવ્યું. ત્યાં જ મોટરમાંથી નીચે ઊતરીને પટ્ટણી ફકીરની સામે નીચે બેસતાં બેસતાં બોલી ઊઠ્યા : આપ કી આગાહી એકદમ

સચ્ચી સાબિત હુઈ. આપકી દુઆ કે ચમત્કાર સે મેરે બાદશાહ હોશ મેં આકર અબ એકદમ સ્વસ્થ હો ગયે હૈ.

પટ્ટણીની આ વાત સાંભળીને ફકીરે કહ્યું : ચમત્કાર કરનેવાલા મૈં કૌન? યહ તો ખુદા કી દુઆ કા પ્રતાપ હૈ. આટલું બોલીને ફકીરે ખોબે ખોબે મળેલા રૂપિયાને પાછા સુપરત કરતાં પટ્ટણીજીને કહ્યું : મૈં ઈસકો રખકર કયા કરુંગા ? લે, ઈસે વાપિસ લે લે. ઈસસે તૂ મુઝકો છુટકારા દે દે.

પટ્ટણીએ કહ્યું : ઈસ દાનકો વાપિસ લેને કા મુઝે અધિકાર નહી હૈ.

ફકીરે તરત જ જવાબ વાળતાં કહ્યું કે, તો તું મેરે પાસ બૈઠ કર ઈસ રૂપૈયે કો જરૂરતમંદ લોકો કો બાંટ દે.

પ્રભાશંકર પટ્ટણી હવે કઈ બોલી શકે એવી સ્થિતિમાં જ ન હતા. પોતાનું દીવાનપણું ભૂલી જઈને પટ્ટણી એ ફકીરની પાસે બેસી ગયા. જરૂરતમંદ લોકોને દાન કરતા પટ્ટણીજીને જોઈને ફકીરના મોંમાંથી એવા શબ્દો સરી પડ્યા કે, આજ મુઝે એક સચ્ચે ફકીર કે દર્શન કા મૌકા પ્રાપ્ત હુવા. ફકીર સે ફકીર મિલે, ઐસા અવસર અબ કબ દેખને કો મિલેગા!

કોઈની હાય લાગી જતાં સાજા-તાજા માણસોને કરમાઈને રાખમાં રગદોળાઈ જતા પટ્ટણીજીએ ઘણી ઘણી વાર જોયા હતા, પરંતુ એ દહાડે પહેલી જ વાર ફકીરો - ઓલિયાઓની દુઆના પ્રભાવે મોતના બિછાનેથી ખડા થઈ ગયેલા બાપુ ભાવસિંહજીનું દર્શન મળતાં તો પટ્ટણીજી વધુ ધન્ય ધન્ય બની ગયા.

●

ઉપકારી પર ઉપકાર કરનારા તો હજી મળી આવે, પણ જેણે હેરાન કરવામાં કંઈ બાકી રાખ્યું ન હોય, એની પર કિન્નાખોરી રાખ્યા વિના

કરુણા વહાવનારા તો કોક જ મળવા પામે, આવી કરુણાથી નીતરતો, પ્રભાશંકર પટ્ટણીના જીવનમાંથી જડતો એક પ્રસંગ જાણવા જેવો છે.

ભાવનગરના વહીવટ-કાળ દરમિયાન પટ્ટણીના માર્ગમાં પથરા-રોડાં નાખતા રહીને એમને કનડતી રહેતી એક વ્યક્તિનું નામ હતું મિ.કીલી ! આ અંગ્રેજ અધિકારી હોવાથી આની સામે પડવામાં પણ બહુ સાર કાઢવા જેવો ન હોવાથી પટ્ટણી એમની કનડગતને ઝાઝું મહત્ત્વ આપ્યા વિના કુનેહ અને કોઠાસૂઝથી રસ્તો કાઢીને વહીવટ ચલાવવામાં સફળ બનતા રહેતા, એ જોઈને અંગ્રેજ અધિકારીને વધુ ઈર્ષ્યા આવતી અને રસ્તામાં રોડાં નાખવાની એની વૃત્તિ-પ્રવૃત્તિમાં પણ ઉછાળો આવતો.

મિ. કીલીનો કાર્યકાળ પૂરો થતાં આ અધિકારીને ઇંગ્લેન્ડ ભેગા થવાનો વારો આવ્યો અને ધીરે ધીરે એનું ભાગ્ય પલટાયું, ભારત અને ભાવનગરમાં રોફપૂર્વકની રહેણીકરણીમાં રાચતા આ અધિકારી માટે 'ચાર દિવસની ચાંદની પછીની ફિર અંધેરી રાત'માં રઝળપાટ કરવાનો વખત આવી પહોંચ્યો.

કામપ્રસંગે પટ્ટણીજીને એક વાર ઇંગ્લેન્ડના પ્રવાસે જવાનું થયું, અંગ્રેજ અધિકારીનું ભાગ્ય કંઈક જાગ્યું હશે, એથી પટ્ટણી સાથે એમનો ભેટો થઈ જવા પામ્યો. મિ. કીલીનો ભાવનગર ખાતે એ દોરદમામ અને વર્તમાનની આ દયનીય દશા જોઈને પટ્ટણીજી આશ્ચર્ય અને આઘાત અનુભવી રહ્યા. કિન્નાખોરીના ઘરનો વિચાર આવવાના બદલે પટ્ટણીજી કરુણાથી દ્રવિત બનીને વિચારી રહ્યા કે, આંખની ઓળખાણ હું ભૂલી ન શકું, મારી પરગજુવૃત્તિ અત્યારે આ પળે સક્રિય નહિ બને તો ક્યારે બનશે?

પટ્ટણીને જોતાં જ અંગ્રેજ અધિકારીનું મોં શરમથી નીચું બની ગયું. પટ્ટણીજી એમને ભોજન માટે આગ્રહપૂર્વક આમંત્રીને પોતાના ઉતારે લઈ ગયા. બધી પરિસ્થિતિ જાણીને એમણે મિ.કીલીને બાળકોના ભણતર

માટે ઠીકઠીક આર્થિક મદદ કરી, ત્યારે મિ.કીલી ગળગળા બની ગયા, પોતાની ભૂલ કબૂલતાં એમણે કહ્યું : મારા કાર્યકાળ દરમિયાન આપને હેરાન - પરેશાન કરવામાં મેં કોઈ કચાશ રાખી નહોતી. એ ભૂલી જઈને આ રીતે અણીના અવસરે મદદગાર બનનારા આપનો હું આજીવન ઋણી રહીશ.

જવાબ વાળતાં પટ્ટણીજીએ કહ્યું : ત્યારે અંગ્રેજ અધિકારી તરીકેનો પાઠ આપે ભજવવાનો હતો, આજે આંખની ઓળખાણ સાર્થક બનાવીને માનવતા તરીકેનું કર્તવ્ય અદા કરવાની તકને ઝડપી લેવાનો અવસર સામેથી મારે આંગણે આવ્યો છે, ત્યારે એ ભૂતકાળને યાદ પણ કરવાનો હોય ખરો?

•

'તડકી-છાંયડી'ના ખેલ સમા સંસારમાં વિપત્તિની વેળા તો કોને વેઠવાની નથી આવતી ? પણ જેનું મન સ્વસ્થ હોય, એ ગમે તેવી અવસ્થામાંય રમૂજ-વૃત્તિનો આશ્રય લઈને પ્રસન્નતા જાળવી જાણતો હોય છે.

શેઠિયાઓની શેઠાઈ ટકી રહી હતી, પણ રાજાઓનાં રાજ લૂંટાઈ-ઝૂંટવાઈ ગયાં હતાં, એવા કટોકટીભર્યા કાળે પણ દીવાન પ્રભાશંકર પટ્ટણીએ કાશ્મીર-રાજ્યમાં સારામાં સારા પદ-હોદ્દા માટે સામેથી આવેલા આમંત્રણને ઠુકરાવી દઈને ભાવનગર રાજ્યના રેવન્યુ કમિશનર તરીકેની જવાબદારી જ સ્વેચ્છાએ સ્વીકારી હતી, એ દિવસોમાં કોઈ પોતાના બળદ ચોરાઈ ગયાની ફરિયાદ નોંધાવવા પટ્ટણી સમક્ષ હાજર થયો. એણે ગળગળા અવાજે પોતાની વ્યથા-વીતક વર્ણવતાં કહ્યું કે, સાહેબ! મારા બળદ ચોરાઈ જતાં હું નોંધારો બની ગયો છું. મારી આંખે ઝોકું આવી ગયું, આનો લાભ લઈને મારા બળદ ચોરાઈ જતાં હવે ખેતી કઈ રીતે કરવી, એ મારા માટે પ્રશ્ન થઈ પડ્યો છે.

જવાબમાં રમૂજવૃત્તિનો આશ્રય લઈને પટ્ટણીજીએ સહાનુભૂતિ દર્શાવતાં કહ્યું કે, અલ્યા, તને તો ઝોકું આવ્યું અને તારા માત્ર બળદ જ ચોરાઈ ગયા,પણ રાજાઓ તો જીવતા જાગતા હતા, અને એમનાં રાજ્ય લૂંટાઈ ગયાં, માટે બળદો ચોરાઈ ગયા બદલ આમ હાયવોય કરવી તને શોભે ખરી? તું મર્દ થઈને આમ ઢીલોઘેંસ જેવો કેમ થઈ ગયો? બળદ લાવવા માટે લે, આ પૈસા, નવા બળદ લઈ આવજે, મહેનત કરીશ, તો ખેતર ધાન્યથી લચી પડશે.

રડમસ ચહેરો લઈને આવેલો ખેડુત આ રમૂજવૃત્તિના પ્રભાવે હસતો હસતો વિદાય થઈ ગયો અને પટ્ટણીજીના પરગજુ-વૃત્તિનાં ઓવારણાં લેતો જ રહ્યો.

રાજ-રજવાડાં લૂંટાઈ ગયા બાદ ભાવનગરની અને પ્રજાની સેવા માટે જ રેવન્યુ કમિશનરનો હોદો સ્વીકારનારા પટ્ટણીજીને એક દહાડો સામેથી કાશ્મીર-રાજ્ય તરફથી આમંત્રણ મળ્યું કે, ભાવનગર તો ખાબોચિયા જેવડું છે. તમારી કુશળતા સહસ્રદલ કમળ જેવી છે. કાશ્મીરના સરોવરમાં એ વધુ ખીલી ઊઠશે, માટે આપ કાશ્મીર પધારો. માસિક પાંચ હજારથી ઓછો પગાર તો નહિ જ હોય, વધુ પગાર માટેય આ રાજ્યની તૈયારી છે. આપના કુશળ અને કોઠાસૂઝપૂર્વકના વહીવટને ઝંખતા કાશ્મીરની આ કામનાપૂર્તિ વહેલી તકે કરશો, એવી આશા રાખીએ છીએ.

ભાવનગર અને સૌરાષ્ટ્રે પટ્ટણીજીને નામ-દામ-ઠામ આવું બધું જ મુક્તમને આપ્યું હતું. એથી સંપૂર્ણ સંતુષ્ટ પટ્ટણીજી કઈ લક્ષ્મીની લાલચમાં લપેટાઈ જઈને વતનનો વિદ્રોહ આચરવા તૈયાર થઈ જાય ખરા? એમના તરફથી એવો જવાબ વાળવામાં આવ્યો કે,

'બાપુ ભાવસિંહજી અને ભાવનગરની વફાદારીપૂર્વક સેવા કરવાની ફલશ્રુતિ રૂપે મને જે કંઈ મળ્યું છે, એમાં મને પૂરેપૂરો સંતોષ છે. એથી

વતનનું જ જતન આજીવન કરતા રહેવાનો મારો સંકલ્પ છે. આમ છતાં કાલે કદાચ લક્ષ્મીનો લોભ મને કાશ્મીર જવા લલચાવી જાય અને હું આપની સેવા કરવા સજ્જ થઈ જાઉં, તોય આપ મારો વિશ્વાસ એ દૃષ્ટિકોણને નજર સામે રાખીને ન કરતા કે, લક્ષ્મીની લાલચ ખાતર જે વતનની વફાદારી વીસરીને કાશ્મીરની સેવા સ્વીકારવા તૈયાર થઈ જાય, એની પર વિશ્વાસ કઈ રીતે મૂકી શકાય! એ શક્ય છે કે, વધુ લક્ષ્મીની લાલચે કદાચ કાશ્મીરને ઠુકરાવતાય એને વાર ન લાગે!'

કાશ્મીર-રાજ્યમાં મળનારા હોદ્દાને આ રીતે ઠુકરાવનારા અને રેવન્યુ કમિશનરની કામગીરી બજાવતા બજાવતા શિહોર-વિસ્તારના ગામડે ગામડે ઘૂમવાની મુસાફરી દરમિયાન ૧૬ ફેબ્રુઆરી, ૧૯૩૮ના દિવસે સ્વર્ગવાસી બની જનારા દીવાન પ્રભાશંકર પટ્ટણી 'ઉઘાડી રાખજો બારી'ના ગીત દ્વારા આજેય જીવતા જાગતા જ છે, એમ નથી લાગતું શું?

૯

# ભૂતકાલીન ભારતની જ્ઞાન-સમૃદ્ધિ

દાનની ગંગા વહાવવા માટે જિનશાસનમાં મુખ્યત્વે સાત ક્ષેત્રો દર્શાવાયાં છે : જિનમૂર્તિ, જિનમંદિર, જિનાગમ, શ્રમણ, શ્રમણી, શ્રાવક અને શ્રાવિકા : આ સાત ક્ષેત્રો પૈકી આજે વધુમાં વધુ ઉપેક્ષિત જો કોઈ ક્ષેત્ર જોવા મળતું હોય, તો તે જિનાગમ તરીકે દર્શિત ત્રીજું ક્ષેત્ર ગણી-ગણાવી શકાય. બીજાં બીજાં ક્ષેત્રો અંગે જો દાનની ટહેલ પડે, તો હજારની અપેક્ષા હોય, ત્યાં લાખ ભેગા થઈ જવા પામે. પણ જિનાગમ એટલું ઉપેક્ષિત ક્ષેત્ર જોવા મળે છે કે, આ ક્ષેત્ર માટે ટહેલ પાડવાની અત્યાવશ્યકતા હોવા છતાં કેટલા સંઘોમાં જ્ઞાન અંગે ટહેલ પડતી હશે, એ જ સવાલ છે. પછી જ્ઞાન માટે દાનની ગંગા વહી નીકળવાની તો વાત જ ક્યાંથી સંભવે?

જિનાગમ એટલે શ્રુતના અધ્યયન-અધ્યાપનની આજે તાતી આવશ્યકતા છે. ભવિષ્યમાં પણ શ્રુતના અધ્યયન-અધ્યાપનનો પ્રવાહ વહેતો રહી શકે, એ માટે શ્રુત ગ્રંથો ચિરંજીવ રહે એની તો અત્યાવશ્યકતા ગણાય, ત્યારે આ અંગે પ્રેરક બની શકવા સમર્થ ભારતના પડોશી દેશ ચીનના કેટલાક જ્ઞાનયાત્રીઓએ ધર્મગ્રંથો કાજે કરેલો પ્રચંડ પુરુષાર્થ જાણવા જેવો છે.

ભારત જેની ઉદ્‌ગમભૂમિ ગણાય, એ બૌદ્ધ ધર્મનો વિશેષ ફેલાવો ચીનદેશમાં જોવા મળતો હોવા છતાં બુદ્ધનો જન્મદેશ ભારત હોવાથી પહેલેથી જ ચીની બૌદ્ધાનુયાયીઓ માટે ભારતદેશ તીર્થભૂમિ સમો રહ્યો હોવાથી ભારતની યાત્રાએ જેમ ચીની યાત્રિકોનું ગમનાગમન ચાલુ રહ્યું

હતું એમ ફાહિયાન જેવા જિજ્ઞાસુઓએ 'વિનયપિટક' જેવા બૌદ્ધ ગ્રંથોની પ્રાપ્તિ માટે જે પુરુષાર્થ ખેડ્યો હતો, એને અજબગજબની કક્ષાનો ગણ્યા વિના ન રહી શકાય.

ચીનમાં બૌદ્ધ ધર્મનો ખાસ્સો પ્રભાવ હોવા છતાં બૌદ્ધ ધર્મનો મહત્ત્વનો ગ્રંથ 'વિનયપિટક' ચીનમાં એ વખતે ઉપલબ્ધ ન હતો. આ ગ્રંથ ભારતમાં ઉપલબ્ધ હોવાની પાકી માહિતી મળી જતાં ફાહિયાન આદિ છ ચીની-જિજ્ઞાસુઓ ભારત જવા અને ત્યાંથી 'વિનયપિટક'ની પ્રતિનકલ કરીને ચીન લઈ આવવા તૈયાર થયા. એ યુગમાં ચીનથી ભારતનો પ્રવાસ ખેડવો મોતની મુસાફરીએ નીકળવા જેવો જોખમી-પ્રવાસ ગણાતો હતો. પણ ફાહિયાન તો ગમે તે ભોગે 'વિનયપિટક'નાં દર્શન કરવા માગતો હતો. એની સાથે ભારતની મુસાફરી માટે સજ્જ થયેલા પાંચ સાથીદારો પણ એવા જ સાહસિક હતા કે, જે મોતનો પણ મુકાબલો ધર્મગ્રંથ ખાતર કરવા સજ્જ હોય!

ચીન અને ભારતની વચ્ચે હજારો માઈલોનું વિરાટ અંતર હતું. વચ્ચે વિઘ્ન તરીકે ખડકાયેલાં નદી-નાળાં અને સાગર-સરોવરોનો તો પાર જ ન હતો. માર્ગમાં અવરોધક તરીકે માઈલો સુધી લંબાયેલી એવી સૂમસામ અટવીઓ ઓળંગવી પડે એમ હતી કે, જે અટવીઓમાં ઊડતાં નાનાંમોટાં પંખીઓનું દર્શન પણ થવું અતિદોહ્યલું હતું. આવો કપરો પ્રવાસ પગના સહારે જ ખેડવાનો હતો, જ્યાં જળમાંથી પસાર થવાનું હતું, ત્યાં જ બહુ બહુ તો હોડીઓ સહારો પૂરી પાડતી. એમાંય મોટાભાગનો જળમાર્ગ તો પગે ચાલીને અથવા તરીને જ વટાવવો પડે એમ હતો. ભારત તરફના પ્રવાસની આવી ભયાનકતાનો પૂરેપૂરો ખ્યાલ હોવા છતાં ફાહિયાન આદિ છ ચીની યાત્રિકોએ ઈ.સ.૩૯૯ના કોઈ શુભ દિવસે ભારત તરફની મુસાફરીનો પ્રારંભ કર્યો.

એ મુસાફરી આગળ વધતી ગઈ, એમ મુશ્કેલીઓ વધુ ને વધુ ઘેરી બનતી ગઈ. છતાં ફાહિયાન પોતાના સાથીઓની સાથે હિંમત હાર્યા

વિના આગળ ને આગળ જ વધતો ગયો. એ બધાની નજર સામે સતત તરવરતો રહેતો 'વિનયપિટક' ગ્રંથ જાણે એમનામાં એવો અજબગજબનો શક્તિપાત કરી રહ્યો હતો કે, મરણતોલ વિપત્તિઓ પણ એ યાત્રિકોની ગતિને થંભાવી ન શકતી. મન ગમે તેટલું મક્કમ હોય, પણ તનની તાકાત તો અસીમ ન હોઈ શકે ને? કુદરતી કષ્ટોની સામે તનનું શું ચાલે? એક યાત્રિક કુદરતી તોફાનોની સામે ટક્કર ન ઝીલી શક્યો અને 'વિનય પિટક'નું રટણ કરતો કરતો મૃત્યુ પામ્યો.

મુખ્યત્વે બરફવર્ષાનાં જે તોફાનોએ યાત્રિકનો ભોગ લીધો હતો, એ ફાહિયાનને તો નાહિંમત ક્યાંથી કરી શકે? પણ એના બે સાથીઓ આ તોફાનથી ડગમગી ગયા, અને ભારતનો પ્રવાસ અધવચ્ચે જ અધૂરો છોડી દઈને એ બે સાથીઓ ચીન તરફ પારોઠનાં પગલાં ભરીને પાછા વળી ગયા. ફાહિયાનનો દૃઢ સંકલ્પ હતો કે મરેંગે લેકિન કરેંગે. એક સાથી મૃત્યુના મુખમાં હોમાઈ ગયો અને બે સાથીઓ અધવચ્ચેથી પાછા વળી ગયા. આવી વિકટ પરિસ્થિતિમાંય ફાહિયાને બે સાથીઓના સહારે સહારે પ્રવાસ ચાલુ રાખ્યો. પેશાવર સુધીનો પ્રવાસ તો ઘણો કષ્ટપ્રદ રહ્યો, આ પછીનો પ્રવાસ કુદરતી તોફાનોનો સામનો કરવાનો ન હોવાથી કંઈક સુગમ ગણી શકાય, એવો હતો. એથી મથુરા વટાવીને જ્યાં ફાહિયાન પાટલિપુત્રમાં પ્રવેશ્યો, ત્યાં સમ્રાટ અશોકના રાજમહેલના દર્શને જ એની આંખો આનંદ અને આશ્ચર્યથી વિભોર બની જવા પામી. 'વિનયપિટક'નું દર્શન જોકે હજી સુધી થવા પામ્યું ન હતું. પણ ભારતની જે ભવ્યતા ડગલે ને પગલે જોવા મળી રહી હતી, એથી ફાહિયાનને જાણે એવી હર્ષાનુભૂતિ થતી હતી કે, અન્ય અન્ય સ્વરૂપે વિનયપિટકનાં જ દર્શન મળી રહ્યાં હોય?

પાટલિપુત્રમાં સમ્રાટના રાજમહેલના માધ્યમે ફાહિયાનને ભારતની ભવ્યતાનાં જે દર્શન થવા પામ્યાં, એથી જ ફાહિયાનને આજ સુધી વેઠેલાં કષ્ટો એકદમ સાર્થક થઈ ગયેલાં જણાવા માંડ્યાં, તેમજ જ્યારે

'વિનયપિટક'નાં દર્શન થશે, એ વખતનો હર્ષ તો કેટલો બધો કલ્પનાતીત હશે ! એની કંઈક ઝાંખી પણ એને અનુભવવા મળી. એનું હૈયું પોકારી ઊઠ્યું કે, ભારતની આ ધરતી તો ધન્યાતિધન્ય ગણાય. કેમકે અહીંની શિક્ષણ પદ્ધતિ અજબગજબની અને સર્વાંગ સંપૂર્ણ છે. રાજકુમાર અને રંક વિદ્યાર્થી અહીં કોઈ પણ જાતના ભેદભાવ વગર શિક્ષણ મેળવી શકે છે. આપણા ચીન દેશની સરખામણીમાં ભારત દેશ તો અનેક રીતે ચડિયાતો જ નહિ, સર્વશ્રેષ્ઠ છે.

આ રીતે ભારત પર ઓળઘોળ બની ગયેલા ફાહિયાનને બિહાર પ્રાંતમાં બૌદ્ધની જન્મભૂમિનાં દર્શનપૂર્વક જ્યારે 'વિનયપિટક'નાં દર્શન થયાં, ત્યારે તો ફાહિયાન આ ધર્મગ્રંથને મસ્તકે લઈને એ રીતે નાચી ઊઠ્યો કે, જાણે સાક્ષાત બુદ્ધનું જ દર્શન ન મળવા પામ્યું હોય!

'વિનયપિટક'ના દર્શનથી જ ફાહિયાને સંતોષ ન અનુભવ્યો, ખરો પુરુષાર્થ તો હવે જ આદરવાનો હતો. ખૂબ જહેમત ઉઠાવ્યા બાદ આ ગ્રંથની પ્રતિલિપિ કરાવવામાં એ સફળ બન્યો અને ચીન પહોંચીને 'વિનય પિટક'ના અધ્યયન અધ્યાપનનો શુભારંભ એ કરાવી શક્યો, ત્યારે જ ફાહિયાનને પોતાનું જીવન સફળ અને સાર્થક થયાની સંતોષાનુભૂતિ થવા પામી.

ફાહિયાન પછી ચીનથી ભારતની જ્ઞાનયાત્રાર્થે આવેલા અનેકાનેક યાત્રીઓમાં જાણીતું એક નામ હ્યુ એન સંગનું ગણાય છે. એણે જાનના જોખમે અનેક ગ્રંથો મેળવ્યા, અને ચીનના બૌદ્ધાનુયાયીઓને પઠન-પાઠનાર્થે સુલભ બનાવ્યા. આવા જ્ઞાનપ્રેમ માટે હ્યુ એન સંગનાં નામ-કામ ભારત અને ચીન બંને દેશોમાં આજેય સુપ્રસિદ્ધ અને શ્રદ્ધેય છે. હ્યુ એન સંગ પછી પચાસેક વર્ષે ચીનથી ભારત આવેલ ઈત્સિંગ તો નાલંદા વિદ્યાપીઠમાં ૧૦ વર્ષ સુધી રોકાયો અને એણે અનેક ગ્રંથોના અધ્યયનપૂર્વક પ્રતિલિપિઓ પણ કરી. ઈ.સ. ૬૭૩ થી ૬૮૮ સુધીનાં ૧૫ વર્ષ પર્યંત ભારતભ્રમણ કરવાપૂર્વક ભારતની સંસ્કૃતિને મન ભરીને

માણનારો તથા જ્ઞાનાર્જન પણ કરનારો એ જ્ઞાનપ્રેમી જ્યારે ભારતમાંથી વિશિષ્ટ વિદ્યાવારસો લઈને ચીન પાછો આવ્યો, ત્યારે ચીનની રાણી (ઓવુ-કી-વૂ-હાઉ)એ એનું અતિભવ્ય સ્વાગત કર્યું હતું.

ફાહિયાનથી માંડીને ઈત્સિંગ સુધીના ચીનના જિજ્ઞાસુ યાત્રીઓએ જ્ઞાનપ્રાપ્તિ માટે જે પુરુષાર્થ કર્યો, એ આજના કાળમાં જૈન સંઘમાં જ્ઞાન અંગે જે રીતનો ઉપેક્ષાભાવ સેવાઈ રહેલો જોવા મળે છે, એ ઉપેક્ષા-ઊંઘને ઉડાડી મૂકવાપૂર્વક જાગૃતિનો શંખનાદ જગવવા સમર્થ બને એવો છે. તેમ જ આ ચીની-યાત્રીઓએ ભારતભ્રમણ કરતાં કરતાં જે કોઈ નોંધો લખી છે, એ ભૂતકાલીન ભારતની જ્ઞાન-સમૃદ્ધિ, નાલંદા વિદ્યાપીઠની અદ્ભુત વાતો તેમજ ભારતની ભાતીગળ ભવ્યતાનાં સ્મૃતિ-ચિત્રો નજર સમક્ષ હૂબહૂ ઉપસાવવા સહાયક બની જાય, એવાં હોવાથી એ બધી નોંધોના સારભૂત સંકલન પર એક દૃષ્ટિપાત કરીએ:

ચીની યાત્રિકોની નોંધ - લેખો મુજબનું નાલંદા વિદ્યાપીઠ કેટલું બધું વિસ્તૃત અને જ્ઞાનના કેવા મહાસાગર સમું હતું, એ જોઈએ:

તત્કાલીન નાલંદા વિદ્યાપીઠમાં અધ્યાપકોની સંખ્યા જ ૧૫૦૦ જેટલી હતી, આની પરથી વિદ્યાર્થીઓની સંખ્યા હજારોની અંદાજી શકાય. વર્તમાન વિશ્વની કોઈ યુનિવર્સિટીમાં આટલી સંખ્યામાં પ્રોફેસરો હોય, અને એક જ સંકુલમાં આવું અધ્યયન-કાર્ય થતું હોય, એ જોવા-સાંભળવા મળતું નથી.

*વિદ્યાપીઠમાં આઠ તો મોટા મોટા અધ્યયન-ખંડો હતા, જ્યાં જ્ઞાનાધ્યયનનું કાર્ય અહર્નિશ ચાલુ રહેતું. તદુપરાંત મોટી વેધશાળા હતી,* જે ગ્રહ-નક્ષત્ર-તારા વગેરેનો અભ્યાસ કરનારા ને કરાવનારા ખગોળ-શાસ્ત્રીઓની ઉપસ્થિતિથી ગાજતી રહેતી.

નવ નવ માળનું ૩ જ્ઞાનભવનોમાં વિવિધવિષયક શાસ્ત્રોનો અઢળક ખજાનો સંગૃહીત હતો. એ ત્રણ જ્ઞાનભવનોનાં નામ હતાંઃ રત્નોદધિ,

રત્નસાગર તથા રત્નરંજક. આ ભંડારો એટલા બધા સમૃદ્ધ હતા કે વિદ્યાર્થીને ગમે તે વિષયક ગ્રંથની આવશ્યકતા હોય, તો તે ગ્રંથ તરત જ મળી રહેતો.

તક્ષશિલાની જેમ ત્યારે બીજું નામ વલ્લભી વિદ્યાપીઠનું વિખ્યાત હતું. ગુજરાતના ગૌરવ સમી વલ્લભી વિદ્યાપીઠમાં મુખ્યત્વે જૈન-દર્શનનું અધ્યયન-અધ્યાપન સવિશેષ રીતે થતું હતું.

છઠ્ઠાથી બારમા સૈકા સુધી જાહોજલાલી જાળવી જાણનારા નાલંદા વિદ્યાપીઠને વેરણછેરણ કરીને એના જ્ઞાનભંડારોને બાળી-બાળીને ખંડેર બનાવવા બખ્તિયાર ખીલજી નામનો એક આક્રમણખોર પાક્યો. એણે પેટાવેલી આગમાંથી વર્ષો સુધી ધુમાડાં નીકળતા રહ્યા. ઈ.સ. ૫૦૦ આસપાસ હૂણલોકોએ તક્ષશિલાને એ રીતે નષ્ટભ્રષ્ટ કરી નાખી કે, ખંડેરમાં ફેરવાઈ ગયેલી તક્ષશિલા-વિદ્યાપીઠ આજેય ખંડેર રૂપે જ જોવા મળે છે.

ઝડપી ગણાતી ટ્રાન્સપોર્ટ કંપનીઓને માટેય અશક્ય ગણાય, એવું માલની હેરફેરનું કાર્ય ત્યારની વણઝારાની પોઠો દ્વારા થતું. વણઝારાની પોઠો એ વખતે માઈલો સુધીના પડાવોમાં ફેલાયેલી રહેતી. હજારો લાખો તોલા સોના-ચાંદી ઉપરાંત અઢળક કરિયાણાની હેરફેર વણઝારાની પોઠો દ્વારા નિર્ભયતાથી વિનાવિઘ્ને થતું રહેતું.

ચીનીયાત્રીઓની સ્મૃતિનોંધમાંથી ઊપસી આવતી ભારતની આવી ભવ્યતા અને જ્ઞાનસમૃદ્ધિમાંથી બોધપાઠ લઈને આપણે કદાચ નાલંદા જેવી વિદ્યાપીઠનું સર્જન હજી ન કરી શકીએ, એ બને, પણ આજનો જૈનસંઘ ધારે, તો વલ્લભી જેવી વિદ્યાપીઠોના પુનરાવતાર માટે સંકલ્પબદ્ધ ન બની શકે શું?

## ૧૦

# દર્દી તરફ કેવી હમદર્દી !

ઝંડુ ભટ્ટજી એક એવા વૈદ્યરાજ થઈ ગયા કે, જામનગરમાં જન્મવા છતાં એવી નામના-કામનાની કીર્તિ-કમાણી તેઓ પોતાની પાછળ મૂકતા ગયા કે, એક સંસ્થાના સ્વરૂપનો ફેલાવો ધરાવનારા તેઓને જામનગર ઉપરાંત સમગ્ર ગુજરાત પોતાના ગણવામાં અનેરું ગૌરવ અનુભવે. આજના મોટા ભાગના ડોક્ટરો દ્વારા થતા કડવા અનુભવો તો જગજાહેર છે ત્યારે એક વૈદ્ય તરીકે દર્દી સાથે કેવી હમદર્દી દર્શાવવી જોઈએ, એની પ્રેરક પ્રતીતિ કરાવી જતો એમના જીવનનો એક પ્રસંગ ખાસ જાણવા જેવો છે.

ઝંડુ ભટ્ટજી એવા વૈદ્યરાજ હતા કે, શ્રીમંતો જેમ સારવાર કરાવવા એમની પાસે દોડ્યા દોડ્યા જતા, એમ આર્થિક ભીંસ અનુભવતા ગરીબો પણ આશાભેર દોડતા જવામાં જરાય સંકોચ ન અનુભવતા. એક વાર એક માજી પોતાના જુવાનજોધ દીકરાને લઈને ઝંડુ ભટ્ટજી પાસે આવ્યાં. રડતી આંખે દીકરાની વિગત દર્શાવતાં એમણે કહ્યું : વૈદ્યરાજજી, મારા કાળજાના કટકા સમા આ દીકરાની દવા કરાવવા આવી છું. અનેક રોગોથી ઘેરાયેલા આના શરીરમાં કયો રોગ નથી એ જ સવાલ છે. આની કાયાને લાગુ પડેલો કોઢ તો નજરે દેખાય છે. આપ આની નાડી તપાસશો, તો છક્ક થઈ જશો કે, અનેક રોગો વચ્ચે આ કઈ રીતે જીવી શકે છે?

વાત પૂરી કરતાં કરતાં માજી રડી પડ્યા. દર્દીના હમદર્દી બનવા ઉત્કંઠિત બનેલા વૈદ્યરાજે માજીની વાત સાંભળીને દીકરાની નાડી હાથમાં

લીધી. નાડીપરીક્ષા દ્વારા એક પછી એક રોગનાં લક્ષણ પકડાતાં ગયાં, એમ વધુ ને વધુ ચિંતિત બનતા જતા એમણે અંતે જણાવ્યું કે, માજી! તમે બહુ મોડાં નથી પડ્યાં, થોડાં વહેલાં આવ્યાં હોત, તો આ દીકરાને ઓછી મહેનતે સાજો કરી શકાત, પણ હજી વ્યાધિ સાધ્ય જણાય છે, માટે મહેનત કરવી પડશે, દર્દીએ કડક પથ્યપાલન પણ કરવું પડશે. અને મારી નજર-તળે રહીને દવા લેવી પડશે. ઉપચાર કરવાનો મારો ધર્મ છે. બાકી રોગ દૂર કરનારો તો ઉપરવાળો જ છે. ઉપરવાળાને સહાયક બનવા હું તો તૈયાર જ છું. અહીં રહીને દવા કરવાની તમારી તો તૈયારી છે ને?

હકારસૂચક જવાબ આપવામાં માજી જરાક સંકોચાતાં હતાં, કેમ કે વૈદ્યરાજના નિદાન મુજબ રોગોપચાર કષ્ટસાધ્ય હોવાનું અનુમાન જેમ કરી શકાય એમ હતું, એ જ રીતે રોગોપચાર પાછળ ઠીકઠીક ધન-વ્યય થવાનું અનુમાન પણ થઈ શકે એમ હતું. માજીની આ ચિંતા કળી જઈને વૈદ્યરાજે ચોખવટ કરતાં કહ્યું કે, માજી! મારા તરફથી તમને ઓટલો અને રોટલો મળી રહેશે, પછી દવા કરવા માટે અહીં રહેવામાં તમને શો વાંધો છે? મને વિશ્વાસ છે કે, આ દર્દી જો મારા કહ્યા મુજબના પથ્યપાલન કરવાપૂર્વક દવા કરશે, તો જરૂર રોગમુક્ત બની શકશે, માટે થોડી અગવડ-સગવડ વેઠીનેય આ દીકરાના ભાવિનો વિચાર કરો અને દવા માટે થોડો સમય અહીં જ રોકાઈ જાવ, એવો મારો આગ્રહ છે.

માજી દીકરાને સાજો કરવા ખાતર જે ભોગ આપવો પડે, એ આપવા તો તૈયાર જ હતાં. રોટલા અને ઓટલાનો જે સવાલ હતો, એને તો વૈદ્યરાજે ઉકેલી દીધો હતો, એથી માજીએ તરત હકાર દર્શાવતાં જણાવ્યું કે, આ દીકરો તો મારા કાળજાનો જ કટકો અને હૈયાનો હાર છે. એના આરોગ્ય ખાતર તો જે કંઈ કરવું પડે, એ કરવાની મારી તૈયારી છે. આપ જ્યારે આટલી બધી હમદર્દીપૂર્વક દર્દીની દવા કરવાની તૈયારી દર્શાવો છો, ત્યારે તો મારે બીજું કંઈ વિચારવાનું જ શું હોય?

માજીએ મનોમન નક્કી કરી નાખ્યું કે, ધન ભલે હું ખરચી શકું એમ નથી, પણ શરીર-શક્તિનો સદ્‌વ્યય કરવા તો હું સમર્થ જ છું એથી શક્તિની ઉપરવટ જઈનેય વૈદ્યરાજના ઘર સંબંધી કામકાજ એવી રીતે કરતી રહીશ કે, જેથી વૈદ્યરાજ ઉપરાંત આસપાસ વસનારા લોકો પણ સંતુષ્ટ થઈને સુપ્રસન્ન રહે.

એ જ દિવસથી વૈદ્યરાજે માજીના દીકરાની સારવાર શરૂ કરી દીધી, જ્યારે બીજી તરફ માજીએ એ સારવાર સાથે સ્પર્ધા કરતી વૈદ્યરાજના ઘરની સારસંભાળ લેવાનો શુભારંભ પણ કરી દીધો. આથી થોડા જ દિવસોમાં વૈદ્યરાજની આસપાસ રહેનારા લોકોનાં પણ દિલ માજીએ જીતી લીધાં. ઘરની સાફસફાઈ ઉપરાંત વૈદ્યરાજનો જ્યાં નિવાસ હતો, એ પૂરી શેરીની સાફસફાઈ પણ માજીની સારસંભાળમાં આવી જતી હોવાથી માજીના દીકરાની દવા શરૂ થઈ, ત્યારથી જ એ પૂરા વિસ્તારનીય રોનક પલટાઈ જવા પામી. વૈદ્યરાજે પણ એવી હમદર્દીપૂર્વક માજીના દીકરાની સારવાર કરવા માંડી કે, દર્દથી ઘેરાયેલા એના દેહમાંથી એક પછી એક દર્દે વિદાય લેવા માંડી.

મહિના બે મહિનાની સારવાર પછીના દિવસો વીતતા ગયા, એમ વૈદ્યરાજ વધુ રસપૂર્વક માજીના એ દીકરાનું ધ્યાન રાખવા માંડ્યા, કેમ કે ધાર્યા કરતાં દવા વધુ સફળ બની રહી હતી, ઘણાખરા રોગો મટી જતાં હવે માત્ર કોઢના આછા આછા ડાઘના ઉપચાર પાછળ જ ધ્યાન કેન્દ્રિત કરવાનું હતું. ઔષધોપચાર સફળ થતાં વિશ્વસ્ત બનેલા વૈદ્યરાજની પંદરેક દિવસની સારવાર સફળ બની, કોઢના આછા ડાઘ પણ અદશ્ય બની જતાં વૈદ્યરાજના સંતોષાનંદનો કોઈ પાર ન રહ્યો. માજી અને દીકરાની પ્રસન્નતાનો તો પાર જ પમાય એમ ન હતો. આવા વાતાવરણમાં વૈદ્યરાજે એક દહાડો માજીને કહ્યું કે, અસાધ્ય જેવા જણાતા રોગોને નિર્મૂળ બનાવીને આરોગ્યને ખેંચી લાવવા માટે આયુર્વેદ કેટલું બધું સફળ થઈ શકે છે, એનું પ્રયોગાત્મક પ્રત્યક્ષ-દર્શન મેળવવાનો મોકો

મને તમારા પ્રતાપે મળવા પામ્યો, એનો આનંદ હું વ્યક્ત કરી શકું એમ નથી. તમે અહીં રહ્યાં અને તમારા આ દીકરાએ કડક પથ્યપાલનપૂર્વક ઔષધોપચાર કર્યો, તો કોઢીકાયા પણ આજે કંચનવર્ણી બની જવા પામી, આવો આયુર્વેદનો અજબગજબનો ચમત્કાર સૌને જોવા મળ્યો.

વૈદ્યરાજનાં આ વચન સાંભળતાં મા-દીકરાનું હૈયું ભરાઈ આવ્યું અને એમની આંખેથી આંસુધાર વહી નીકળી. ગદ્‌ગદ કંઠે મા-દીકરાએ બોલવાની શરૂઆત કરી : આ બધો આપનો જ ઉપકાર ગણાય. દર્દીને આપે હમદર્દી આપી, એનો જ આ ચમત્કાર ગણી શકાય. આરોગ્યપ્રાપ્તિની દક્ષિણા રૂપે આપના ચરણે ફૂલ તો નહિ, ફૂલપાંખડી ધરવાનીય અમારી શક્તિ નથી. એથી વિદાય થતાં હૈયું ભરાઈ આવે છે. આપે મુક્તહાથે જે આપ્યું છે, એને અમે આંખ મીંચીને લેતા જ રહ્યા છીએ. આ ઋણમાંથી અમે ક્યારે મુક્ત થઈ શકીશું ? એ જ પ્રશ્ન અમને આજીવન સાલતો રહેશે. આજે તો આપના ઋણનો કણ પણ વાળવાની શક્તિ નથી, પણ ઈશ્વર પાસે એવી શક્તિની પ્રાર્થના કરીએ છીએ કે, ભવિષ્યમાં અમે આ ઋણને ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે ચૂકવવા સમર્થ બનીએ.

અંતરના અવાજ રૂપે આટલા શબ્દો માંડ માંડ વ્યક્ત કરી શકનારાં મા-દીકરો વિદાય થયાં, ત્યારે એમની આંખેથી આંસુની અભિષેકધારા વહી રહી હતી, આવી જ લાગણીની લહરમાં લપેટાઈને વૈદ્યરાજ પણ આંસુધારને ખાળી ન શક્યા.

•

જામનગરમાં ત્યારે રાજવી તરીકે જામ વિભાનું રાજ્ય તપતું હતું, અને રાજ્યવૈદ્ય તરીકે ઝંડુ ભટ્ટનાં નામકામ ચોમેર ફેલાયેલાં હતાં. અમીરવર્ગ દર્દી બનીને એમની પાસે દવા માટે આવતો, ત્યારે એમનામાં

એવો લોભ સળવળી ન ઊઠતો કે, દવાના ખર્ચ ઉપરાંત પૈસા પડાવી લઉં તેમજ ગરીબની નાડી તપાસતી વખતે એવી કંજૂસાઈના ઘરનો વિચાર પણ ન આવતો કે, ગાંઠનું ગોપીચંદન ખરચીને દવા કરવી પડશે! આ રીતના લોભ ઉપરાંત કંજૂસાઈથી પણ પર રહીને હમદર્દીપૂર્વક દર્દીની સારવાર કરનારા ઝંડુ ભટ્ટનું પ્રજામાં જામ વિભા જેવું માન-સન્માન હોય, એમાં આશ્ચર્ય શું?

ત્યારે અંગ્રેજસત્તાનું આક્રમણ અનેક રાજ્યોને હડપ કરવા ઝાંવા નાંખતું હતું. એમાં જામનગર પર પણ આ સત્તાની કરડી નજર હતી. પણ જામ વિભાજી અંગ્રેજોને ફાવવા દેતા ન હતા. કાળક્રમે જામ વિભાજીનું અવસાન થયું, આ પછી અંગ્રેજી સત્તાના પંજાની પકડમાં જામનગર પણ આવી ગયું. જામવિભાજીના સ્થાને અંગ્રેજી હકૂમત સ્થાપિત થઈ. જામ વિભાજી અવસાન પામી ચૂક્યા હોવા છતાં એમની નામના-કામના જે રીતે અકબંધ જોવા મળતી હતી, એ જોતાં લોકપ્રિયતા પામવા માટે અંગ્રેજીસત્તાએ જામ વિભાજીની 'કાંસ્ય પ્રતિમા'ની સ્થાપના કરવાનો નિર્ણય કરીને આ માટેનો ફંડફાળો પ્રજા પાસેથી જ એકત્રિત કરવાની જવાબદારી અંગ્રેજી હકૂમતે દીવાન-નગરશેઠ આદિ અગ્રણીઓને સોંપી.

અંગ્રેજી હકૂમતનો આ નિર્ણય પ્રજાને પ્રસન્ન બનાવી ગયો. જામ વિભાજીને પ્રજા કાળજાની કોરની જેમ ચાહતી હતી. એથી આવા નિર્ણય બદલ પ્રજાએ અંગ્રેજી હકૂમત પર અભિનંદનની વર્ષા કરી. આ માટે એક સભાનું આયોજન થતાં દીવાન, નગરશેઠ આદિ અગ્રણીઓ એમાં સામેલ થવા સ્વયંભૂ પ્રેરણાથી એકત્રિત થયા. એમાં ઝંડુ ભટ્ટજીનું પણ સ્થાન-માન હતું. જામ વિભાજીની કાંસ્ય-પ્રતિમા સ્થાપવાના અંગ્રેજી હકૂમતના નિર્ણયની જાણકારી રજૂ કરવાપૂર્વક આ માટેનો ફંડફાળો એકત્રિત કરવાનો ઉદ્દેશ જણાવીને જ્યાં સભાની શરૂઆત થવા પામી, ત્યાં જ સભામાંથી એવી માંગ ઊભી થવા પામી કે, સૌથી પહેલાં

રાજ્યવૈદ્ય ઝંડુ ભટ્ટજી આંકડો માંડે, પછી જ આ ફાળાને આગળ વધારવામાં આવે.

ઝંડુ ભટ્ટજીનું નામ કંઈ એવા શ્રીમંત તરીકે પ્રતિષ્ઠિત નહોતું કે, એમનો આંકડો લખાય, પછી જ ફંડફાળો આગળ વધી શકે, પરંતુ પ્રજામાં પરગજુ વ્યક્તિત્વ તરીકેની જે લોકપ્રિયતા એમને વરી હતી, એથી જ અન્ય અન્ય અગ્રણીઓએ પણ આ જાતની માંગને દોહરાવી. એથી એને માન્ય રાખીને ઝંડુ ભટ્ટજીએ હજારનો આંકડો લખ્યો. આટલી રકમ પણ જોકે એમના માટે વધારે પડતી હતી. કેમ કે ઔષધોપચારની સાથે અર્થનું ઉપાર્જન એમણે સાંકળ્યું  નહોતું. આટલી રકમ ભરવા પણ 'કરકસર'નો આશ્રય લીધા વિના ઝંડુ ભટ્ટજીને ચાલે એમ ન હતું. છતાં એમણે આનાકાની વિના હજારનો આંકડો લખ્યો, ત્યાં બીજા બીજા અગ્રણીઓએ એવો અનુરોધ કર્યો કે આમાં માત્ર એક મીંડું જ વધારી દો, જેથી અમને સૌને તમારા આંકડા મુજબ દાન કરવાનો લાભ મળી શકે.

૧૦ હજારનો આંકડો માત્ર લખવાનો જ ન હતો. ૧૦/૧૫ દહાડામાં જ રોકડા ૧૦ હજાર ચૂકવવાના હતા. ઝંડુ ભટ્ટજી માટે આ ગજા બહારની વાત હતી, એથી એઓ વિચારમગ્ન બની ગયા, પણ ચારે તરફથી એવો આગ્રહ થયો કે, છેવટે ઝંડુ ભટ્ટજીને એક મીંડાનો વધારો નછૂટકે સ્વીકારવો પડ્યો. શક્તિ ન હતી, છતાં ભગવાન લાજ રાખશે, એવા વિશ્વાસપૂર્વક ૧૦ હજારનો આંકડો એમણે માંડ્યો. એથી થોડી જ વારમાં ધારણા મુજબ આંકડા નોંધાઈ જતાં અંતે નગરશેઠે જાહેર કર્યું કે, વધુમાં વધુ ૧૫ દિવસમાં જ લખાયેલ આંકડા મુબજના રોકડા રૂપિયા રાજભંડારમાં જમા કરાવી જવા, જેથી જામ વિભાની કાંસ્યમૂર્તિનું નિર્માણકાર્ય વહેલી તકે શરૂ કરીને પૂર્ણ કરી શકાય.

સભા વિસર્જિત થઈ, ત્યારે સૌના મુખ પર રાજવી પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કર્યાનો સંતોષ છવાયેલો જોવા મળી રહ્યો હતો. એક માત્ર ઝંડુ

ભટ્ટજીના ચહેરા પર જ ચિંતાની રેખાઓ અંકિત થવા પામી હતી. હજાર પણ જયાં માંડ માંડ ભેગા થઈ શકે એમ હતા, ત્યાં રોકડા ૧૦ હજાર ઊભા કરવાના હતા. ઉધાર રકમ મેળવીને આટલી રકમની ભરપાઈ કરવા ઝંડુ ભટ્ટજીનું મન માનતું ન હતું. એક બાજુ એમના અંતરમાં દુવિધાઓ દોડધામ મચાવી રહી, તો બીજી બાજુ બધાં સારાંવાનાં થશે એવી શ્રદ્ધા પણ અંતરના એક ખૂણે અકબંધ હતી. એ શ્રદ્ધાના સહારે દિવસો વિતાવવા ઝંડુ ભટ્ટજીની નજર નિરાશાના અંધારામાં જ ૧૩/૧૩ દિવસ સુધી અટવાતી રહી અને ૧૪મા દિવસે એકાએક જ એ નરી નિરાશાને પૂરી આશામાં પલટો આપી જતો એક ચમત્કાર સરજાયો.

આકાશ ભણી આશાભરી મીટ માંડીને તાકી રહેલા ઝંડુ ભટ્ટજીની સમક્ષ ૧૪મા દિવસે એક યુવાન વેપારી ખડો થઈ ગયો. એણે ઝંડુ ભટ્ટજીના પગ પકડતાં કહ્યું કે, મને ઋણમુક્ત કરો. ૧૦ હજાર રોકડા રૂપિયાની આ થેલી સ્વીકારી લેશો, તો હું ઋણમુક્તિ અપાવ્યા બદલ આપનો ઉપકાર કદી નહિ ભૂલું.

આગંતુક વેપારી સમક્ષ પ્રશ્નસૂચક ચહેરે ઝંડુ ભટ્ટજીએ પૂછ્યું : ઋણ શું અને ઋણમુક્તિ શું? કંઈક ચોખવટ કરો, તો બધો ખ્યાલ આવે. આપણે આ પૂર્વે મળ્યા હોઈએ, એવું યાદ આવતું નથી. આંખની પણ ઓળખાણ ન હોય, ત્યાં ઋણ કઈ રીતે સંભવે? પછી ઋણમુક્તિની તો વાત જ ક્યાં રહી?

ભૂતકાળની સ્મૃતિ કરાવતા યુવા વેપારીએ કહ્યું : વૈદ્યરાજજી ! એક માજીની સાથે આવેલા એના દીકરાની આપે સારવાર કરી હતી, એવું કંઈક યાદ આવે છે ખરું ? દવાના પૈસા લેવાની વાત તો દૂર રહી, ઉપરથી રોટલો અને ઓટલો પૂરો પાડીને આપે જે દીકરાને અનેક રોગોમાંથી ઉગારી લેવાનો ઉપકાર કર્યો હતો, આપના આવા ઋણભારથી

લદાયેલો માજીનો એ દીકરો હું પોતે જ છું. આરોગ્ય મળ્યા બાદ હું પરદેશ કમાવા ગયો, તો સૌભાગ્ય આડેના અવરોધો ખસી જતા મારો ભાગ્યભાનુ પ્રકાશી ઊઠ્યો. પરદેશમાં કમાઈને અહીં આવ્યા બાદ આજે જ મને જાણવા મળ્યું કે, જામ વિભાની કાંસ્ય-પ્રતિમાના નિર્માણ ખાતે આપે ૧૦ હજાર આપવાના જાહેર કર્યા છે. મને થયું કે, આપના ઋણભારથી મુક્તિ મેળવવાની આ તક સાધી લઉં, તો વર્ષોના કરજમાંથી મુક્ત બની શકું! માટે જ હું આપની સમક્ષ ખડો થયો છું અને મને ઋણમુક્ત કરવા કરગરી રહ્યો છું.

ઝંડુ ભટ્ટજીની નજર સામે એ ભૂતકાળ સજીવન બની ઊઠ્યો : માજીના દીકરાની સારસંભાળ પોતે કરેલી, એના પ્રભાવે કોઢી કાયા ધરાવતો એ દીકરો કંચનવર્ણી કાયા ધરાવનારો બની શક્યો હતો, માજી પાસે ધનશક્તિ ન હતી, પણ તનશક્તિનો તો ભંડાર ભર્યો પડ્યો હતો. એ ભંડાર ખુલ્લો મૂકી દઈને માજીએ પોતાના ઘર ઉપરાંત પૂરા વૈદ્યવાસની સાફસફાઈ કરવા દ્વારા એ રીતે રોનક પલટી નાખેલી કે, પૂરો વૈદ્ય-વાસ પ્રસન્ન બની ઊઠ્યો હતો.

વર્ષો પૂર્વેનું આ ચિત્ર વૈદ્યરાજ સમક્ષ તરવરી ઊઠતાં એમની આંખે ઝળઝળિયાં આવી ગયાં. એ નિઃસ્વાર્થ સેવા ટાણે એવી કોઈ કલ્પનાય વૈદ્યરાજને આવી ન હતી કે મારી સમક્ષ એવી આર્થિક કટોકટીની પળ ઉપસ્થિત થશે અને ત્યારે નિઃસ્વાર્થ સેવા આ રીતે ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે પ્રતિફલિત થશે, તેમજ મારી આબરૂને અણદાગ રાખશે.

ઝંડુ ભટ્ટજીની નજર સમક્ષ વર્ષો પૂર્વેનો એ ભૂતકાળ ઊપસી આવ્યો, સાથે સાથે વર્તમાનકાળની વિષમતા તો પ્રત્યક્ષ જ હતી. આવતીકાલે ૧૦ હજાર રોકડા રૂપિયા રાજભંડારમાં જમા કરવાના હતા. આબરૂને અણદાગ રાખવાની કટોકટીની આ પળે જ નિઃસ્વાર્થસેવા જાણે ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે પ્રતિફલિત બની રહી હોય, એમ જણાતાં વૈદ્યરાજે એ ૧૦

હજાર રૂપિયા આનાકાની વિના સ્વીકારી લીધા અને વળતી જ પળે ઝંડુ ભટ્ટજી રાજભંડારમાં એને જમા કરાવવા ચાલી નીકળ્યા.

દર્દીના હમદર્દી બનીને વૈદ્યરાજે જે નિઃસ્વાર્થ સેવા કરી હતી, અણીના અવસરે એ નિઃસ્વાર્થ સેવા આ રીતે પરમાર્થનો પોલાદી પાયો રચી જશે, એ ત્યારે કોઈની કલ્પનામાં ન હતું. પણ આ પ્રસંગ જાણ્યા પછી તો આવી ફલશ્રુતિના આપણે તો પ્રત્યક્ષ-દર્શી બની શકવા ભાગ્યશાળી બની શકયા છીએ, એમ કહેવામાં જરાય અતિશયોક્તિ ન જ ગણાય.

૧૧

# અહિંસા પ્રેમી રાજવી

દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદ સાથે સંકળાયેલો પ્રદેશ આજે 'ડાંગ' તરીકે ઓળખાય છે. ભીલ અને આદિવાસી તરીકે ઓળખાતી પ્રજાનું બાહુલ્ય ધરાવતા ડાંગ જિલ્લાની વસ્તી અજ્ઞાન, અંધશ્રદ્ધા અને વહેમના વમળમાં ફસાયેલી અને ધર્મના નામે પશુબલિ, સુરાપાન, શિકાર જેવાં પાપોથી ઘેરાયેલી છે. આવી અધર્મી પ્રજાને મુખ્યનગર તરીકે મળેલા શહેરનું નામ ધરમપુર અને ત્યાંના રાજવીનું નામ મોહનદેવજી.

ઈ.સ. ૧૮૯૧માં ધરમપુરની ગાદીએ અભિષિક્ત થયેલા આ રાજવી જેટલા અહિંસાપ્રેમી હતા, ધરમપુર આસપાસનાં જંગલોમાં અને ખાબોચિયા જેવડાં ગામડાંઓમાં વસવાટ કરતી ભીલપ્રજા એટલી જ હિંસાપ્રેમી હતી. એથી રાજ્યાભિષેક બાદ સમય જેમ જેમ વીતતો ગયો અને આસપાસનાં ગામડાંઓમાં થતી હિંસા તથા પ્રજાના હિંસક માનસનો અહેવાલ મળતો ગયો, એમ એમ અહિંસાપ્રેમી આ રાજવીનું ધર્મદિલ વધુ ને વધુ દુભાતું ચાલ્યું. એમાં પણ યજ્ઞયાગમાં પંડિતો દ્વારા થતી હિંસા ઉપરાંત દશેરા જેવા દિવસોમાં રાજવીઓ દ્વારા થતી પાડા આદિ પશુઓની હત્યાનો વિચાર આવતા તો રાજવીની ખિન્નતાનો પાર ન રહેતો.

રાજવીને એવો વારંવાર વિચાર આવતો કે, ધરમપુર જેવું ગૌરવાસ્પદ નામ ધરાવતા નગરમાં રહીને શું મારે આવી હિંસાને મૂંગે મોઢે સાંભળી જ લેવાની અને આંખમીંચામણાં કરીને જોયા જ કરવાની ?

ધરમપુરના રાજવી તરીકે તો મારી એ ફરજ ગણાય કે, અહિંસાનું વર્તન અને પ્રવર્તન કરાવીને મારે આ નગરના નામને સાર્થક બનાવવા કટિબદ્ધ બની જવું જોઈએ, જો હું આવું કંઈ ન કરી શકું, તો ધરમપુર ગામનું નામ બોલતા પૂર્વે અ અક્ષર જોડવાનું ફરમાન બહાર પાડીને મારે તો અહીંની રાજગાદીનો ત્યાગ કરી દેવો જોઈએ.

રાજવી અહિંસાપ્રેમી હતા, એથી આવા વિચારો રાજવીને આવે, એ સહજ ગણાય. ધર્મના નામે થતી હિંસાને બંધ કરવી હોય, તો સૌ પ્રથમ ધર્મ અને અહિંસા વચ્ચેના સંબંધની સત્યાસત્યતાનો નિર્ણય થઈ જવો જોઈએ. જો ધર્મનો હિંસા સાથે સંબંધ ન જ હોઈ શકે, આવો નિર્ણય થવા પામે, તો ધર્મપ્રેમી લોકો દ્વારા ધર્મના નામે થતી હિંસાને અટકાવવામાં જરૂર સફળતા પામી શકાય. પરંતુ જો ધર્મ તથા હિંસા વચ્ચેનું જોડાણ સાચું સાબિત થાય, તો તો પછી હિંસાને અટકાવવી, એ ધર્મને અટકાવવા બરાબર ગણાય. આમાં તો સફળતા ક્યાંથી મળે?

રાજવી મોહનદેવજીના અહિંસાપ્રેમી અંતરમાં દિવસો અને કલાકો સુધી ઉપર મુજબની વિચારણાનાં ઘમ્મરવલોણાં ચાલતાં જ રહ્યાં. આવી આવી વિચારણાઓની ફલશ્રુતિ રૂપે એમણે મનોમન એવો નિર્ણય લઈ લીધો કે, પશુબલિ આદિની હિંસા ધર્મના નામે થતી હોવાથી પહેલાં તો મારે પંડિતો પાસેથી એવો નિર્ણય કરાવી લેવો જોઈએ કે, પશુબલિ આદિમાં થતી હિંસાને શું ધર્મ ખરેખર ટેકો આપે છે ખરો?

રાજવી જેમ અહિંસાપ્રેમી હતા, એમ એમની આસપાસ ગોઠવાયેલો દીવાન, સેનાપતિ વગેરે સત્તા-સૂત્રોનો સંચાલકગણ પણ અહિંસામાં આસ્થા ધરાવનારો હોવાથી નીચે મુજબ જાહેર વિજ્ઞપ્તિ ધરમપુરના રાજવી તરફથી એ કાળે બહોળો ફેલાવો ધરાવતા 'મુંબઈ-સમાચાર, દેશીમિત્ર, કાઠિયાવાડ ટાઇમ્સ, ગુજરાત' જેવાં અનેક દૈનિકોમાં પ્રકાશિત કરવામાં આવી. અબુઝ ભીલો ઉપરાંત રાજવીઓ દ્વારા દશેરાના દિવસે ભેંસ-પાડા આદિની હિંસા/વધ, પંડિતો દ્વારા યજ્ઞયાગમાં બલિરૂપે બોકડા-બકરી

આદિનો વધ થતો રહેતો હોવાથી આવી હિંસાને સ્પર્શતા સાતેક મુદ્દાઓને વિસ્તારપૂર્વક સમાવતી એ વિજ્ઞપ્તિનો સાર-સંક્ષેપ કંઈક નીચે મુજબનો તારવી શકાય.

(૧) પશુહિંસાનું વિધાન ક્યા શાસ્ત્રમાં જોવા મળે છે? (૨) જો આવું વિધાન શાસ્ત્રમાં જોવા મળતું હોય, તો તે શાસ્ત્રો આર્યપ્રજામાં બહુમાન્ય ગણાય છે ખરાં? આવાં શાસ્ત્રોથી વધુ બળવાન ગણાતા કોઈ શાસ્ત્રોમાં પશુહિંસાનો નિષેધ જોવા મળે છે ખરો ? (૩) રાજવીને માટે કેટલાક યજ્ઞોમાં પશુવધ વિહિત છે ખરો? (૪) પશુવધને બદલે પશુના નાક/કાન અંગોનો છેદ શું યોગ્ય ગણાય?

આ વિજ્ઞપ્તિ જાહેર પત્રોમાં પ્રકાશિત થવા પામી. તા.ક. તરીકે એમાં એવી નોંધ કરવામાં આવી કે, અભ્યાસપૂર્ણ જવાબ આપનાર ૫૧ રૂપિયાના ઇનામને પાત્ર ગણાશે. ગુજરાતમાં ગામેગામ અનેક વિદ્વાનોનું ત્યારે અસ્તિત્વ હતું. એથી આ વિજ્ઞપ્તિ જાહેર થયા બાદ ઠેર ઠેર વિદ્વાનોની મંત્રણા-સભાઓ એકત્રિત થવા માંડી. એમાં શાસ્ત્રજ્ઞ વિદ્વાનો તો મોટી સંખ્યામાં જોડાવા લાગ્યા. અને ધર્મ સાથે હિંસાનો સંબંધ હોઈ શકે કે નહિ? આ વિષય પર શાસ્ત્રાધારિત ચર્ચા-વિચારણા થવા માંડી.

ધરમપુર નરેશ દ્વારા આ વિષય પર પ્રથમ વાર જ આવી વિજ્ઞપ્તિ પ્રકાશિત થવા પામી હતી, એથી ખૂબ ખૂબ રસ-રુચિપૂર્વક મંત્રણા-સભાઓમાં ભાગ લેતા વિદ્વાનોને ચર્ચા-વિચારણાના અંતે જે સત્ય જણાય, એ શાસ્ત્રાધાર સાથે લખીને ધરમપુર પાઠવવાનું હતું. ધરમપુરમાં રાજવીએ આ માટે ખાસ સમિતિ-કમિટીની રચના કરી હતી. આવેલા અભિપ્રાયોની આ કમિટી દ્વારા તારવણી થવાની હતી, એમાં સર્વશ્રેષ્ઠ અભિપ્રાયોના આધારે રાજવી મોહનદેવજી એવા નિર્ણય પર આવવાના હતા કે, હિંસક યજ્ઞ-યાગ પર પ્રતિબંધ જાહેર કરવો કે જે રીતે હિંસા ચાલી જ રહી છે, એ ચાલવા જ દેવી?

નિર્ધારિત સમયાવધિમાં વિદ્વાનો તરફથી પ્રકાશિત વિજ્ઞપ્તિના પ્રતિભાવ રૂપે ૭૫ જેટલા સ્પષ્ટ અભિપ્રાયો ધરમપુરના રાજવીને મળવા પામ્યા. લગભગ બધા જ વિદ્વાનોએ નીચેના ભાવનો સ્પષ્ટ અભિપ્રાય વ્યક્ત કર્યો કે,

'શ્રુતિ-સ્મૃતિ-પુરાણ આદિ શાસ્ત્રોમાં કોઈ પણ જગાએ પશુવધરૂપ હિંસાનું વિધાન જોવા મળતું નથી. તાંત્રિક શાસ્ત્રોમાં સુખ-શાંતિ માટે પશુ-વધ વિહિત હોવાનું જોવા મળે છે, પણ શ્રુતિ-સ્મૃતિ આદિ બહુમાન્ય ગ્રંથોમાં તો ક્યાંય આવું વિધાન વાંચવા મળતું નથી. માટે તાંત્રિક-ગ્રંથોની વાતને પ્રાધાન્ય ન આપી શકાય. પશુવધ ન કરવાથી રાજા-પ્રજાને કોઈ પણ પ્રકારનો આપત્તિયોગ સર્જાવાની શક્યતા નથી. માટે અહિંસા પરમો ધર્મઃ આ સૂત્રની સત્યતા સ્વયંસિદ્ધ ગણી શકાય.

અહિંસાપ્રેમી રાજવીએ અનેક દૈનિકોમાં વિજ્ઞપ્તિ છપાવવાનો જે પ્રયાસ કર્યો હતો, એ ધાર્યા કરતાં વધુ સફળ થયો હતો અને પોતાની ધારણા મુજબની જ ફલશ્રુતિ આવી હતી. એનો રાજવીને મન અત્યાનંદ હતો. ધર્મના નામે થતી હિંસા પર કડક પ્રતિબંધ મૂકીને 'અહિંસા પરમો ધર્મઃ'ની ઠેરઠેર પ્રતિષ્ઠા કરવાના મનોરથની સિદ્ધિ મેળવવી હવે રાજવીને હાથવેંતમાં જણાવા માંડી. એમણે વિદ્વાનોનાં મંતવ્યો ટાંકીને એક એવું નિવેદન પ્રકાશિત કર્યું કે, જેના પ્રભાવે ધરમપુરમાં દશેરાના દિવસે થતી 'પાડા-વધ'ની હિંસાને તિલાંજલિ આપવાની જાહેરાત ઢોલ પીટીને રાજવીએ કરાવી. આની પરથી બોધપાઠ લઈને અનેક રાજવીઓએ પણ પોતાના રાજ્યમાં થતા પશુવધ પર પ્રતિબંધ મૂકવાનું પ્રશંસનીય પગલું ઉઠાવ્યું.

ધર્મના નામે થતી હિંસા પર પ્રતિબંધ મૂકવાની વિક્રમસર્જક સિદ્ધિ મેળવવા બદલ ધરમપુરના રાજવી મોહનદેવજી ઠેર ઠેર બહુમાનના પાત્ર બન્યા. એમાં પણ સુરત શહેરની પ્રજા તરફથી સન ૧૮૯૪માં ૮મી

નવેમ્બરે જે સન્માનપત્ર રાજવી મોહનદેવજીને અપાયું એ તો ઐતિહાસિક બની જવા પામ્યું. એનો સારભાગ નીચે મુજબ તારવી શકાયઃ

'ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ ધર્મધુરંધર ધરમપુરના મહારાણા શ્રી મોહનદેવજી! આપ નામદારની સુરતમાં પધરામણી મુંબઈના ગવર્નર સાહેબની પધરામણીની સાથે થઈ રહી છે, આ તકને ઝડપી લઈને 'અહિંસા પરમો ધર્મઃ'ની જયપતાકા લહેરતી મૂકનારા આપને સન્માનપત્ર આપતાં સુરત શહેર આજે ધન્યતા અનુભવે છે.

દશેરાને દિવસે દેશી રાજ્યોમાં પશુવધ કરવાનો કુરિવાજ વર્ષોથી ચાલતો હતો, આ નિર્દય રિવાજ બંધ કરાવવા આપે વિદ્વાન શાસ્ત્રીઓને વિનંતી કરીને પુછાવ્યું કે, પશુવધ સશાસ્ત્ર છે કે અશાસ્ત્ર ? અશાસ્ત્ર જણાવાથી પોતાના રાજ્યમાં પશુવધ પર પ્રતિબંધ મૂકવાની પહેલ કરવાનું સ્તુત્ય પગલું આપના તરફથી ભરવામાં આવ્યું. વર્તમાનપત્રોમાં આ બધી વિગત વાંચવાથી અતિહર્ષિત બનેલી સુરતની પ્રજા આપને અંતઃકરણથી મુબારકવાદી આપવાપૂર્વક એમ ચાહી રહી છે કે, આપની જેમ બીજા રાજાઓના અંતઃકરણમાંય જીવદયાની આવી ભાવના જાગે.'

૧૮૯૧માં ધરમપુરના રાજવી તરીકે અભિષિક્ત મોહનદેવજીએ ૧૮૯૪માં પશુબલિદાન પર પ્રતિબંધ મૂક્યો તથા રાજ્યમાં પણ જીવદયા અંગે સુંદર જાગૃતિ લાવવાનો પુરુષાર્થ કર્યો. આજે હિંસામાં જ રાચતા-માચતા નેતાઓ પાસે આવી આશા પણ રખાય ખરી?

૧૨

# કુનેહભરી કોઠાસૂઝ

ભારતમાં જે રાજપરંપરા ચાલી, એમાં હિન્દુ રાજવીઓ ઘણા મોટા પ્રમાણમાં થવા પામ્યા. એ પરંપરામાં થોડા મુસ્લિમ નવાબો પણ થયા. પરંતુ ધર્મ અને સંસ્કૃતિને નેવે મૂકીને એમણે હિન્દુઓ કે મુસ્લિમોના જ અંગત હિતને પ્રધાનતા આપીને રાજ્ય ચલાવ્યું હોય, એવું ઓછું જોવા મળે છે. હિન્દુ અને નવાબી રાજાઓ બંને જાતની પ્રજા પર વાત્સલ્ય વહાવતા રહીને રાજ્ય કરતા રહ્યા હતા, એથી આજેય એમના નામ-કામ લોકજીભે રમતાં જ રહેલાં જોવા મળે છે. કુનેહભરી કોઠાસૂઝ ધરાવતા આવા જ એક રાજવી તરીકે ગોંડલ રાજવી બાપુ ભગતસિંહજીનાં નામકામ આજેય અવિસ્મરણીય ગણાય છે. તેઓ એવી કુનેહપૂર્વક બંને પ્રજાનાં હિતને જ મુખ્યતા આપતા, એથી હિન્દુપ્રજા એમને હૈયાના સિંહાસને પધરાવતી એમ મુસ્લિમોનાં મનમાંય એમનું માનનીય સ્થાન-માન રહેવા પામતું.

ગોંડલ રાજ્યમાં હિન્દુ-મુસ્લિમ બંને પ્રજાનો વસવાટ હતો, બંનેની ધાર્મિક લાગણીઓ ટકરાય, એવી ઘટનાઓ અવારનવાર ઉપસ્થિત થતી, ત્યારે બંનેનાં મન સચવાય અને ટકરામણ પણ ટળી જાય, એવી કુનેહ દાખવીને બાપુ કઈ રીતે સમાધાનનો વચલો રસ્તો કાઢતા, એને સૂચવતી એક બે ઘટનાઓ જાણવા જેવી છે.

ગોંડલમાં મંદિરો હતાં, એમ મસ્જિદોય હતી. મંદિરો આરતી ટાણે ઘંટનાદથી ગુંજી ઊઠતાં, તો મસ્જિદોના મિનારેથી બાંગનાં બ્યૂગલો ધ્વનિત

બની ઊઠતાં. મંદિરોમાં આરતી ટાણે ઘંટનાદ થાય અને મસ્જિદોમાં બાંગ પુકારાય, એમાં તો વાંધો કોણ ઉઠાવે?

હિન્દુ-મુસ્લિમ વચ્ચે વાંધાજનક મુદ્દો એક એ જ હતો કે, આરતી અને બાંગનો સમય એક જ ન હોવો જોઈએ. કાં પહેલાં આરતી ઊતરે, કાં પહેલાં બાંગ પુકારાય. વાંધામાં સાંધો કરવા માટેનો આ ઉપાય તો ઉભયને સ્વીકાર્ય જ હતો, પણ આ પછી સવાલ એ ઊભો થયો કે પોતપોતાના સમયમાં પરિવર્તન કોણ કરે? રજનું ગજ થઈ જતાં બંને પક્ષ પોતપોતાના આરતી અને બાંગના સમયમાં પરિવર્તન કરવા દ્વારા નાના બાપના બનીને પીછેહઠ કરવા તૈયાર ન હતા. એથી આરતી અને બાંગ એકી સાથે જ થતા અને આ અંગે અરસપરસ સંઘર્ષ જેવું વાતાવરણ પણ સરજાતું રહેતું.

ઉભયપક્ષે જે ડાહ્યા આગેવાનો હતા, એઓ વાતનું વતેસર થાય, એવી સ્થિતિને ટાળવા મંત્રણા કરવા એકત્રિત થયા. બંને પક્ષના આગેવાનોને એવી ખાતરી થવા પામી કે, આપણે આ વાત અને વાદને વિવાદ બનતાં ટાળી શકવા સમર્થ નથી, માટે બાપુ સમક્ષ જઈને બધી વિગત રજૂ કરીએ, તેમજ બાપુ જે નિર્ણય આપે, એને સહર્ષ સ્વીકારવા વચનબદ્ધ બનીએ. મંત્રણાની ફલશ્રુતિ રૂપે એવો નિર્ણય કરીને બંને પક્ષ ઊભા થયા કે, બાપુ સમક્ષ ઉપસ્થિત થઈને આપણે બંનેએ આપણું મંતવ્ય રજુ કરી દેવું કે, અમે વિવાદિત બાબતમાં આ જાતનો નિર્ણય ઇચ્છીએ છીએ.

બાપુ ભગતસિંહજી પર બંને પક્ષને વિશ્વાસ હોવાથી બંને પક્ષના આગેવાનોએ બાપુ સમક્ષ ઉપસ્થિત થઈને વિવાદની પૂર્વભૂમિકા જણાવ્યા બાદ વિવાદને મૂળથી જ નાબૂદ કરવા એ જાતની માંગણી મૂકી કે, આરતી અને બાંગનો સમય એક જ હોવાથી આ વિવાદ એ રીતે ચગ્યો છે કે, હવે સંવાદ ન સધાય તો ક્યારે સંઘર્ષ ભડકી ઊઠે એ ન કહી

શકાય. માટે વિવાદને સ્થાને સંવાદ સર્જવા હવે આપે મધ્યસ્થ બનીને ફેંસલો ફાડવાનો.

બંને પક્ષની વાતો બરાબર સાંભળી લીધા બાદ બાપુએ મનોમન એક વ્યૂહ વિચારી લઈને તરત જ જવાબ વાળ્યો : આજે સાંજે હું સ્થળ પર આવીને નિર્ણય આપીશ. માટે આરતી ઉતારતા કે બાંગ પોકારતા પૂર્વે મારી રાહ જોશો. બરાબર હું સાતના ટકોરે આવી જઈશ.

બાપુની આ વાત સાંભળીને બંને પક્ષે પ્રસન્નતા અનુભવી. બાંગનો સમય સાત વાગ્યાનો જ હતો, એથી આ વાત મુસ્લિમો માટે સ્વીકાર્ય બને એવી હતી. આરતીનો સમય પણ આ જ હોવાથી હિન્દુઓને પણ આ વાતને વધાવી લેવામાં વાંધો ન હતો.

આશા ધરીને આવેલા બન્ને પક્ષ હસતાં હસતાં રવાના થયા, ત્યારે કોઈને એ વાતની સ્પષ્ટતા કરવાનું સૂઝયુ નહિ કે, બાપુ સાતના ટકોરે મંદિરમાં આવશે કે મસ્જિદમાં.

બાપુ સમયને સાચવવામાં સજાગ હતા, એથી સાતના ટકોરા પડવામાં થોડી વાર હતી ત્યારથી જ મંદિર અને મસ્જિદમાં બાપુની *કાગડોળે પ્રતીક્ષા થવા માંડી, મનમાં વિચારી રાખેલા વ્યૂહ મુજબ સમય* ચૂકી જવાનો દેખાવ કરતાં બાપુ સાતના ટકોરે મસ્જિદ તરફ જવા રવાના થયા. મસ્જિદમાં તો બરાબર સાતના ટકોરે બાંગ પોકારવાનો પ્રારંભ થઈ ગયો હોવાથી બાપુ ત્યાં પધાર્યા, ત્યારે તો બાંગની પૂર્ણાહુતિ થઈ જવા પામી હતી. પોતાની રાહ ન જોતાં બાંગ પુકારાઈ ગયા બદલ થોડીક ગ્લાનિ વ્યક્ત કરીને બાપુ મંદિર તરફ આગળ વધ્યા. મંદિરમાં બાપુની રાહ જોતા ભક્તો હાથમાં આરતી લઈને ખડા હતા. એ જોઈને ખુશખુશાલી વ્યક્ત કરીને બાપુએ કહ્યું : સાડા સાત થવા આવ્યા છે. છતાં તમે બધાએ મારી રાહ જોઈ, એનો મને આનંદ છે. હું ઈચ્છું છું કે. હવે પ્રતિદિન તમે આ જ સમયે આરતી ઉતારવાનું રાખશો, તો આજ જેવો આનંદ, રોજેરોજ હું અનુભવી શકીશ.

બાપુને એવી ખાતરી હતી કે, બાંગનો સમય બદલવાનો પોતે આદેશ કરે, તો એ શિરોધાર્ય બને એ શક્ય જ ન હોવાથી, જાણી જોઈને આદેશનું અવમૂલ્યન કરાવવાના બદલે કુનેહથી આરતીના સમયનો ફેરફાર શક્ય જણાતાં બાપુએ આ રીતે આરતીના સમયનો ફેરફાર હિન્દુપ્રજા પાસે ગૌરવભેર કરાવીને વિવાદને સંવાદમાં પલટાવવામાં સફળતા હાંસલ કરી.

આને મળતી જ બીજી એક ઘટના પણ જાણવા જેવી છે. મુસ્લિમ પ્રજાનો વસવાટ હોય, ત્યાં તાજિયાનો તહેવાર ન ઊજવાય, એ બને જ નહિ. ગોંડલમાંય તાજિયાનો તહેવાર ઊજવાતો. કોઈ તાજિયા ફૂલના, કોઈ ચાંદીના તો કોઈ તાજિયા ધૂળધોયા તરીકે ઓળખાતા. આમાં ધૂળધોયા તાજિયામાં મુસ્લિમ પ્રજા મોટા પ્રમાણમાં જોડાતી. કારણ કે સમાજમાંથી પાઈપૈસો એકઠો કરીને મેળવેલા પૈસામાંથી આ તાજિયો તૈયાર કરવામાં આવતો.

આ ધૂળધોયો તાજિયો જે રસ્તેથી પસાર થતો, એ જ રસ્તામાં એક વડલાનું વિશાળ વૃક્ષ આવતું. થોડાં વર્ષો સુધી તો એ વડલાની નીચેથી તાજિયો અણનમ રહીને પસાર થઈ જતો રહ્યો. પણ એની વડવાઈઓ અને શાખા-પ્રશાખા છેલ્લા વર્ષમાં એ રીતે વિસ્તરતી જતી હતી કે, તાજિયાને એ વૃક્ષ નીચેથી પસાર કરાવવો હોય, તો એની વડવાઈઓને અને શાખા-પ્રશાખાઓને કાપી નાખવી જ પડે, તો જ એ વૃક્ષની નીચેથી તાજિયો અણનમ રહીને પસાર થઈ શકે.

તાજિયાનો માર્ગ બદલાય અથવા તો વડલાની વડવાઈઓની કાપકૂપી થાય, તો જ તાજિયાના પ્રશ્ને કોઈ સંઘર્ષ ન જાગે. પણ મુસ્લિમો તાજિયાનો માર્ગ બદલે એ જેમ શક્ય ન હતું, એની જેમ જ હિન્દુઓ પવિત્ર અને પૂજ્ય ગણાતા વડવૃક્ષની કાપકૂપી માન્ય રાખે એ પણ શક્ય નહોતું. આ કારણે એક વર્ષે તાજિયાનો તહેવાર નજીક આવતો ગયો, એમ તાજિયાના પ્રશ્ને તંગદિલીનું વાતાવરણ સરજાતું ગયું.

મુસ્લિમ પ્રજા વટ કે સાથ કહેતીઃ વડલાવાળા રસ્તા પરથી જ તાજિયાનું જુલુસ વર્ષોથી નીકળે છે, માટે આ વર્ષે પણ અમે રસ્તો નહિ જ બદલીએ. તાજિયો અણનમ રીતે પસાર થઈ શકે, એ માટે વડલાની થોડી કાપકૂપી કરવા હિન્દુઓએ સંમતિ આપવી જ જોઈએ.

હિન્દુપ્રજા હુંકારપૂર્વક જડબાતોડ જવાબ વાળતી કે, વડલો તો હિન્દુઓને મન પવિત્ર અને પૂજ્ય છે. એથી એની કાપકૂપી અમે કોઈ કાળે મંજૂર ન જ રાખીએ. તાજિયાને અણનમ રાખવો જ હોય તો, તમારે રસ્તો બદલી નાખવો જોઈએ. એના બદલે તમે અમારા પવિત્ર વૃક્ષ પર કુહાડો ચલાવવાનું દબાણ કરો, તો તે કેમ ચાલે ?

આમ, બંને પક્ષમાં તંગદિલી વધતી ચાલી ત્યારે ડાહ્યા માણસોએ બાપુ ભગતસિંહજી પાસેથી ન્યાય મેળવવાની વાત રજૂ કરતાં બંને પક્ષે તૈયારી દર્શાવી. કારણ કે બાપુને વરેલી કુનેહભરી કોઠાસૂઝ પર બંનેને એવો વિશ્વાસ હતો કે, બાપુ કોઈ એવો વચલો રસ્તો કાઢશે કે, એકે પક્ષને અન્યાયની અનુભૂતિ નહિ થાય અને આ મામલો થાળે પડી જશે. શાણા પુરુષોની આ રજૂઆત એવી હતી કે, ઉભયપક્ષને માન્ય રાખવી જ પડે. બાપુ સમક્ષ પહોંચી જઈને બંને પક્ષે પોતપોતાની વાત રજૂ કરી.

બંને પક્ષની રજૂઆત સાંભળ્યા બાદ બાપુએ પોતે કાઢેલા તારણની સચ્ચાઈને પાકી કરવા પૂછ્યું કે, હિન્દુઓ એમ ઈચ્છે છે કે, વડલાનું વૃક્ષ અખંડ રહે અને તાજિયા આ રસ્તે પસાર થાય, તો અમને કોઈ વાંધો નથી. મુસ્લિમોની માંગણી એવી છે કે, વર્ષોથી આ તાજિયા જે રસ્તેથી પસાર થાય છે એ જ રસ્તેથી પસાર થવા જોઈએ. અને તાજિયા અણનમ રહેવા જોઈએ. બંને પક્ષની આવી વાત સાંભળીને હું આ જાતના તારણ ઉપર આવ્યો છું. મારું આ તારણ બરાબર છે, એમ સમજીને વિવાદને સંવાદમાં પલટાવવા હું એવો માર્ગ દર્શાવું છું કે, વડલાની આસપાસની જમીન ફૂટ દોઢ ફૂટ જેટલી ખોદાવી નાખવાથી બંનેની

માંગણી સચવાઈ જશે. આ રીતે જમીન ખોદાઈ જવાથી તાજિયા સારી રીતે અણનમ રહીને જ પસાર પણ થઈ જશે.

બાપુએ દર્શાવેલ આ માર્ગ સાંભળીને બાપુની આવી કુનેહ બદલ હિન્દુઓ હરખાઈ ઊઠ્યા, એમ મુસ્લિમો પણ મુક્તમને મન-પ્રસન્નતા વ્યક્ત કર્યા વિના ન જ રહી શક્યા. પૂર્વના રાજવીઓ આ રીતે વિવાદમાં સંવાદ સર્જનારા હતા, ખૂબ જ દુઃખ સાથે લખવું પડે છે કે, વર્તમાનકાલીન નેતાઓ આથી સાવ જ વિપરીત રીતે સંવાદમાં વિવાદ ઊભો કરીને પોતાનો સ્વાર્થ સાધી લેવાની વૃત્તિ-પ્રવૃત્તિમાં જ રચ્યાપચ્યા હોવાનું તેમજ ભાગલા પાડીને રાજ કરવા દ્વારા દેશને તારાજ કરવા બેઠા હોય, એવું સ્પષ્ટ લાગવા છતાં આવું બધું મૂંગે મોઢે આજે જ્યારે જોઈ લેવું જ પડતું હોય, ત્યારે બાપુ ભગતસિંહજી જેવાની સ્મૃતિ વધુ સતેજ બને, એ સહજ ન ગણાય શું ?

૧૩

# રૈયતના રક્ષણ કાજે

ધોલેરાસર તરીકે જે વિસ્તારનો લાખો-કરોડોના ખરચે વિકાસ કરવાની યોજનાઓ આજે તો કાગળ પર કંડારાઈને કાગારોળ જ મચાવી રહી છે, એ ધોલેરા બંદરનો એક ભવ્ય ભૂતકાળ વીતી ગયો. એ જમાનામાં ધોલેરા બંદરની ધજાઓ ચારે દિશામાં ફરકતી જ રહેતી હતી. સાપ સરકી ગયા પછી એના લિસોટા તો રહી જ જાય, પરંતુ જાજ્વલ્યમાન ભૂતકાળ ધરાવતું ધોલેરા આજે લિસોટાનેય જાળવી શક્યું નથી, એ જુદી વાત. બાકી ભૂતકાળમાં ધોલેરા અનેરી જાહોજલાલી ધરાવતું ધમધમતું બંદર હતું. એ જ્વલંતતાને ઝગમગતી રાખવામાં નગરશેઠની પરંપરામાં આવેલા એવા શ્રેષ્ઠીઓનો ફાળો નાનોસૂનો ન હતો. જે શ્રેષ્ઠીઓ ગમે તેવી સત્તા સામે શેહશરમમાં તણાયા વિના ન્યાય ખાતર લડી લેવાના અવસરે પાછું વળીને જોતા નહીં.

આવા શ્રેષ્ઠી તરીકે શેઠ મોહનલાલ ડગલીએ એક વાઘરણના પક્ષે રહીને અંગ્રેજ અમલદારને ધોલેરામાં સત્તાના સિંહાસનેથી ઉઠાડી મૂકવામાં કઈ રીતે સફળતા મેળવી જાણી હતી, એનો પ્રસંગ જાણવા જેવો છે. આજે જ્યારે શ્રીમંતો પણ શ્રીમંત માટે વગનો ઉપયોગ કરીને શ્રીમંતની વહારે ધાવામાં આંખ આડા કાન કરવાની ઉપેક્ષાવૃત્તિનો ભોગ બનતા જોવા મળે છે, ત્યારે વાઘરણ ગણાતી વ્યક્તિ માટે શેઠ મોહનલાલે કેટલી લાંબી લડત ચલાવી અને એમાં સફળતા મેળવીને જ સંતોષનો શ્વાસ લીધો, એનો બોધપ્રદ ઇતિહાસ ખાસ જાણવા જેવો છે.

એ જમાનામાં અંગ્રેજોની કોઠી અમદાવાદમાં હતી. ગુજરાતનાં નાનાં મોટાં ગામનગરોમાં અંગ્રેજ સત્તા પોતાના આજ્ઞાતંત્રને જીવંત રાખવા ફોજદાર તરીકે કોઈ ને કોઈ અંગ્રેજની નિયુક્તિ કરતી. સત્તાની રૂએ એ ફોજદારો ક્યાંક પોતાનો રોફ જમાવીને સામાન્ય પ્રજાજનને કનડવાનો પ્રયાસ પણ કરતા, પરંતુ શેઠ મોહનલાલ જેવા મર્દો એ ફોજદારોને ફાવવા દેતા નહિ. એથી વટકે સાથ આવેલા ફોજદારોને દૂમ દબાવીને ભાગતા કૂતરાની જેમ એ ગામ-નગર છોડવાની અથવા દોરદમામ અને રોફથી  મુક્ત બનીને વિનમ્ર વર્તણૂક અપનાવવાની ફરજ પડતી.

શેઠ મોહનલાલ પૂરા ભાલ વિસ્તારમાં પાંચમાં પુછાય, એવું પ્રતિષ્ઠિત વ્યક્તિત્વ ધરાવતા હતા, પછી ધોલેરામાં તો તેઓની નામના/ કામના અનોખી હોય, એમાં આશ્ચર્ય શું ? તેઓ એક વાર બજારમાં ફરવા નીકળ્યા ત્યારે એમની નજર એક વાઘરણ સાથે રોફભર્યો વ્યવહાર કરતા અંગ્રેજ ફોજદાર પર પડી.

વર્ષોથી એક જ સ્થાન પર બેસીને બાવળનાં દાતણ વેચતી એક વાઘરણ પર નજર જતાં જ ફોજદાર રોફ ઠાલવવાનું મન ન રોકી શક્યા. રોફ સાથે એણે રાડ પાડી : આ બજાર કંઈ તારા બાપનો બગીચો છે કે, આમ રસ્તો રોકીને બેઠી છે ? અહીંથી હઠી જઈને ખૂણામાં બેસ. લોકોને જતાં આવતાં કેટલી તકલીફ પડે છે.

વાઘરણે ગભરાતાં ગભરાતાં જવાબ વાળ્યો : સાહેબ! આ જગા પર તો બાપદાદાના વખતથી અમે દાતણ વેચવા બેસતા આવ્યા છીએ. આજ સુધી કોઈએ આની સામે વાંધો ઉઠાવ્યો નથી.

ફોજદારે સોટી ઉગામીને જવાબ વાળતાં કરડાકી સાથે કહ્યું : વાઘરણ થઈને સામો જવાબ આપે છે ? આ રીતે લબલબ કરતાં તને શરમ નથી આવતી? તારા બાપદાદાઓએ ગુનો કર્યો , એટલે શું તને પણ ગુનો કરવાનો પરવાનો મળી જાય ખરો?

આવો અણિયાળો પ્રશ્ન કરવાપૂર્વક ફોજદારે વાઘરણના વાંસા પર જોરથી સોટી ફટકારી, એથી વાઘરણના મોઢામાંથી એક ચીસ નીકળી જવા પામી.

ફોજદાર તો પોતાની હાકધાક જમાવવા હજી વધુ કડકાઈ કરવાની ધૂનમાં જ હતો, એના મનમાં તો એવી જ રાઈ ભરાઈ ગઈ હતી કે, અહીં મને પૂછનાર કોણ છે? ત્યાં તો મોહનલાલ શેઠે રાડ પાડી : ખબરદાર! કોઈ બહેન-બેટી પર હાથ ઉગામ્યો છે, તો હાડકાં ખોખરાં થઈ ગયા વિના નહિ જ રહે.

પોતાની સામે થયેલા પડકારથી ધૂંઆપૂંઆ બની ઊઠેલો ફોજદાર ગુસ્સો કાબૂમાં ન રાખી શક્યો, વાઘરણ પર ઉગામેલી સોટી જ્યાં મોહનલાલ શેઠ પર ઉગામવાની એ ફોજદારે તૈયારી કરી, ત્યાં જ નજીકની દુકાનમાંથી એક પરોણો ખેંચી લઈને શેઠે ફોજદારની સોટી સામે ધર્યો, એથી શેઠ બાલબાલ બચી ગયા ને સોટીના બે કટકા થઈ ગયા. વાઘરણ બાજુ પર રહી ગઈ. અને ફોજદાર તથા શેઠની વચ્ચે સંઘર્ષ છેડાઈ ગયો, ફોજદાર નવો હોવાથી મોહનલાલ શેઠના વ્યક્તિત્વથી તે પરિચિત નહોતો. એણે હુકમ કર્યો કે, મારી સોટીના બે ટુકડા કરી નાખનારા આ ગુનેગારને પકડી લો.

શેઠના વ્યક્તિત્વથી ફોજદાર ભલે અપરિચિત હતો, પણ ગામના લોકો તો શેઠના વ્યક્તિત્વથી પૂરેપૂરા પરિચિત હોવાથી ફોજદારના હુકમનો અમલ કરવાની હિંમત કોઈનામાં ન હતી. એનો હુકમ હવામાં વિખરાઈ ગયો. શેઠ ભીનું સંકેલવામાં માનતા ન હતા. સંઘર્ષ છેડ્યો, તો હવે સંપૂર્ણ વિજય મેળવીને જ જંપવાનો એમનો નિરધાર હતો.

ફોજદાર અને શેઠ વચ્ચે થયેલી ચડભડના કારણે ધોલેરામાં એવી સનસનાટી મચી ગઈ હતી કે, પળ પછી હવે શું થશે? આ સળગતો સવાલ સૌને દઝાડી રહ્યો હતો. ત્યાં તો મારતે ઘોડે અમદાવાદ જવા

રવાના થઈ ગયેલા મોહનલાલ શેઠને જોઈને જ સૌએ ધરપત અનુભવી. સૌને એવો વિશ્વાસ બેસી ગયો કે, શેઠનો વાળ પણ વાંકો નહિ થાય, જે કંઈ વેઠવું પડશે, એ ફોજદારને જ વેઠવું પડશે.

મારતે ઘોડે અમદાવાદ પહોંચીને શેઠે સીધા જ અંગ્રેજી કોઠીનાં બારણાં ખખડાવ્યાં, કોઠીનો અફસર શેઠના નામકામથી પરિચિત હતો, મારતે ઘોડે આવેલા શેઠને જોતાં જ કોઈ ગંભીર પ્રશ્નનો અણસાર આવી જતાં અફસરે સામેથી પૂછ્યું કે, શેઠ! મારતે ઘોડે ધોલેરાથી જ આવ્યા હશો. અમારા ફોજદાર તો મજામાં છે ને?

સામેથી જ આવો સવાલ પૂછાતાં શેઠને સીધી જ વાત કરવામાં વાંધો ન જણાયો. એમણે કહ્યું : વાંધો જ ફોજદારનો છે. આપે મોકલેલ ફોજદારને ધોલેરા સાચવી શકે એમ નથી. પોતાનો રોફ જમાવવા બહેન-બેટીઓ પર ફોજદાર સોટી ચલાવે, એને કઈ રીતે ક્ષંતવ્ય ગણી શકાય! માટે એવી વિનંતી કરવા જ મારતે ઘોડે મારે આવવું પડ્યું છે કે, ધોલેરા જેને સાચવી શકે, એવા કોઈ ફોજદારની તાત્કાલિક નિમણૂક આપે કરવી જ રહી.

પૂર્વભૂમિકા રચાઈ ગયા બાદ શેઠે ઓફિસર સમક્ષ અથથી ઇતિ સુધીની વિગત કહી સંભળાવી. એ સાંભળીને ઓફિસરને પણ લાગ્યું કે, ફોજદાર તરીકે આવો રોફ તો ન જ ચલાવી લેવાય. વાઘરણને પણ બહેન બેટી જેવું જ બહુમાન આપનારા આવા શેઠની રૈયતને રક્ષણ આપવાની પરગજુવૃત્તિ બદલ અફસરના અંતરમાં અનેરો અહોભાવ જાગ્યો, તેમજ પોતાની વાતને વજૂદ આપીને આટલી ઝડપે નવા ફોજદારની નિમણૂંક કરવા સજ્જ બનેલ ઓફિસરની આવી ન્યાયપ્રિયતા બદલ શેઠનું અંતર પણ અહોભાવથી છલકાઈ ઊઠ્યું.

શેઠ મોહનલાલ અમદાવાદથી મારતી ઘોડીએ ધોલેરા જવા રવાના થયા, એમના પગલે પગલે બીજો એક અશ્વસવાર ધોલેરાની દિશા ભણી

ચાલી નીકળ્યો. એની પાસે અંગ્રેજ કોઠીના અફસર તરફથી હુકમનામું પાઠવવામાં આવ્યું હતું કે, જેના આધારે જૂના ફોજદારની હકાલપટ્ટીપૂર્વક નવાને બહાલી દર્શાવવામાં આવી હોય.

શેઠ મોહનલાલ ધોલેરા પહોચ્યા ત્યારે પ્રજા પ્રસન્ન બની ઊઠી, એમની પાછળ પાછળ એક અશ્વસવાર પ્રવેશ્યો, ત્યારે ફોજદારની ફિશિયારીનો ફુગ્ગો ફુસ થઈને ફૂટી જવા પામ્યો. એવી ધારણા તો ફોજદારે સ્વપ્નેય સંભવિત નહોતી ગણી કે, શેઠ મોહનલાલ રૈયતના રક્ષણ કાજે આ રીતે અમદાવાદ પહોંચશે અને એમની વગ હેઠળ આવીને અંગ્રેજ અફસર આટલી હદ સુધીનાં કડક પગલાં ભરશે.

૧૯૨૭માં જન્મીને ૧૯૭૬માં સ્વર્ગવાસી બનનારા શેઠ મોહનલાલના સુપુત્ર હરગોવનદાસ આઝાદીસંગ્રામના એક લડવૈયા તરીકેનું ગૌરવ પામ્યા હતા. તેમના પૌત્ર રતિભાઈ ડગલીએ નિવૃત્ત ન્યાયાધીશ તરીકે ઘણાં વર્ષો અમદાવાદમાં ગાળ્યાં હતાં.

રૈયત પર રોફ જમાવનારી જમાતમાં આજના જમાનામાં દિન-પ્રતિદિન વધારો થતો જ જાય છે, ત્યારે રૈયતના રક્ષણ કાજે આ રીતે મથનારા મોહનલાલ શેઠ વધુ ને વધુ યાદ આવે એ સહજ ન ગણાય શું ?

## ૧૪

# હિતકારક હોડદોડ

હોડદોડ અને હુંસાતુંસી જેવા દુર્ગુણોનું સામ્રાજ્ય તો કાળ અનંતથી ઓછાવત્તા પ્રમાણમાં આ સંસારમાં રાચનાર રાજા-પ્રજાના દિલમાં છવાયેલું રહેતું જ આવ્યું છે. આમાં રાજા જો શાણપણ ધરાવતા હોય, તો પ્રજાને દુર્ગુણોના દુષ્પ્રભાવથી બચાવી શકે. તથા પ્રજા જો શાણી હોય, તો રાજાને દુર્ગુણોના દુષ્પ્રભાવથી ઉગારી શકે. બંને જો ડાહ્યા હોય તો તો પછી પૂછવાનું જ શું હોય? પરંતુ બેમાંથી એકમાં પણ જો ડહાપણ જીવતું-જાગતું હોય, તો બંનેનો ઉગાર અવશ્ય શક્ય બની શકે. આ સચ્ચાઈની પૂરી પ્રતીતિ કરાવતી વઢવાણની એક ઘટના જાણવા જેવી અને માણવા જેવી પણ છે.

ત્યારે વઢવાણના સત્તાસિંહાસનને બાલસિંહજી શોભાવી રહ્યા હતા. એ શોભામાં મહાજનનું દૂરંદેશીપણું ઓર આભા વધારી રહ્યું હતું. એ વખતે નગરમાં શેઠ અને સખીદાના નામે ઓળખાતા બે પરિવારોની નામના-કામના તો કોઈ અનેરી જ જોવા મળતી. પૈસા અને પ્રતિષ્ઠાના ક્ષેત્રે બેમાંથી એકે પરિવાર પાછો પડે એમ ન હતો. એથી અવારનવાર બંને પરિવારો વચ્ચે હોડદોડ અને હુંસાતુંસીને પ્રેરતા પ્રસંગો તો બનતા જ રહેતા, પણ એમાં એ જાતની ઉગ્રતા ભળતી નહિ કે, જેથી એની અસરના ભોગ અન્યને પણ બનવું પડે. આવાં છમકલાં બનતાં ત્યારે બંને પરિવારોના મનમાં વવાયેલાં હુંસાતુંસીના બીજ ઊંડાં ઉતરતાં જતાં હતાં. એમાં એક દહાડો તો એવી ઘટના બની જવા પામી કે, વાત

પરથી વાદ, વાદ પરથી વિવાદ અને વિવાદ પરથી મામલો વિખવાદ પર પહોંચી જવા પામ્યો.

શેઠ અને સખીદા : આ બંને પરિવારના ઘરઆંગણે દીકરાના લગ્નનો અવસર એકીસાથે જ નક્કી થવા પામ્યો. એથી સમગ્ર વઢવાણનું વાતાવરણ જાણે લગ્નનાં ગીતગાનથી ગુંજી ઊઠ્યું. કેમ કે બંને પરિવારોનો કુટુંબ-કબીલો વડલાની જેમ વઢવાણમાં વિસ્તરેલો હતો. એથી જાણે ઘરેઘરમાં લગ્નમંડપ નંખાયા જેવો માહોલ જામવા માંડ્યો. એકાદ બે દિવસ સુધી તો આ માહોલ વધુ ને વધુ જમાવટ સાધતો જ રહ્યો, પણ જ્યાં ત્રીજા દિવસની રાતે ફુલેકા રૂપે વરઘોડો નીકળ્યો અને એક સાંકડી શેરીમાં શેઠ અને સખીદાના વરઘોડા સામસામા ભેગા થઈ ગયા, ત્યાં જ આગળ વધવાના પ્રશ્ને બંને વચ્ચે ચકમક ઝરવાની શરુ થતાં જામી રહેલા રંગમાં એવો ભારે ભંગ પડ્યો કે, એ રંગને પાછો અભંગ બનાવવા ડાહ્યા ડાહ્યા માણસોની મહેનત પણ જ્યારે એળે ગઈ, ત્યારે આ મામલાને રાજા સમક્ષ લઈ જવા બંને પરિવારોને મજબૂર બનવું પડ્યું.

બંને પરિવારો હોડદોડ અને હુંસાતુંસીમાં હોમાયા હોવાથી બંને એ જ એક મુદ્દા પર અડી ગયા હતા કે પૈસા-પ્રતિષ્ઠા-પરિવાર-પુણ્યાઈની દૃષ્ટિએ અમે પણ કંઈ કમ નથી કે, અમારો વરઘોડો પારોઠનાં પગલાં ભરે! બીજાના વરઘોડાને આગળ વધવા માટે પોતાના વરઘોડાને પાછો વાળવા માટે જ્યારે એક પણ પરિવારે તૈયારી ન જ દર્શાવી, ત્યારે બંને પરિવારો વતી થોડા ડાહ્યા માણસો રાજવી બાલસિંહજીની પાસે પહોંચી ગયા અને પોતપોતાની વાત બાંયો ચડાવીને બંનેએ એ રીતે રજૂ કરી કે, રાજવી પણ આ પ્રશ્નનો સુખદ ઉકેલ કઈ રીતે લાવવો એની મૂંઝવણ અનુભવી રહ્યા.

શેઠના પરિવારની રજૂઆત એવી હતી કે, સખીદાના પરિવાર કરતાં અમારો પરિવાર કોઈ રીતે ઊતરતો નથી કે, એમના વરઘોડાને આગળ વધવાનો રસ્તો ખુલ્લો કરી આપવા માટે અમારે પાછા હઠવું પડે!

સખીદાના પરિવાર વતી થયેલી રજૂઆતનો સૂર એવો હતો કે, તો અમે પણ ક્યાં કમ છીએ? શેઠનો પરિવાર નમવા તૈયાર નથી, તો અમારે પણ શા માટે નમતું તોળવું જોઈએ! ભલે આખી રાત સાંકડી શેરીમાં જ ગાળવી પડે, આ માટેની અમારી પૂરતી તૈયારી છે. જેની આવી તૈયારી ન હોય, એ ભલે હોડદોડમાંથી ખસી જાય. બાકી અમે તો આબરૂ અને આંટ જાળવવા અણનમ અને અડીખમ જ રહેવાના!

રજ જેવી નાનકડી વાતને ગજ જેવું મોટું સ્વરૂપ આપવાની ભૂલનો ભોગ બની બેઠેલા બંને પરિવારોની વાત સાંભળ્યા પછી બાલસિંહજીને થયું કે, મહારાજ કરતાં મહાજનની બુદ્ધિ જ આ પ્રશ્નનો ઉભયમાન્ય નિર્ણય લાવવામાં સમર્થ નીવડી શકે. એથી એમણે બંને પરિવારો સમક્ષ નવી જ દિશા દર્શાવતું સૂચન કરતાં કહ્યું કે, મને એમ લાગે છે કે, તમે આ પ્રશ્નના ઉકેલ માટે મહાજનની મદદ લીધા વિના સીધા જ અહીં આવ્યા લાગો છો. પણ હજીય કંઈ બગડ્યું નથી. મને વિશ્વાસ છે કે, બંને પરિવારોને માન્ય થાય, એવો રસ્તો ચોક્કસ મહાજન સૂચવશે, અને આ મડાગાંઠનો ઉકેલ આવી જશે. આમ છતાં મહાજનનું માર્ગદર્શન કદાચ ઉભયપરિવારો માટે શિરોધાર્ય ન બની શકે, તો પછી રાજસભાના આ દરવાજા તમારા માટે ખુલ્લા જ છે.

બંને પરિવારના પ્રતિનિધિઓને માટે તો પ્રશ્નનો ઉકેલ જ મહત્ત્વનો હતા, એ ઉકેલ મહાજન કે મહારાજવી દર્શાવે, એ કંઈ એટલું બધું મહત્ત્વનું ન હતું, એથી એ પ્રતિનિધિઓ વળતી જ પળે મહાજન સમક્ષ ખડા થઈ ગયા અને એમણે પોતપોતાની વાત ઝનૂનપૂર્વક રજૂ કરી, એ ઝનૂન જોઈને સૌને થયું કે, આ પ્રશ્ને મહાજન જે નિર્ણય પર આવશે, એ નિર્ણય જો બંને પરિવારોને સ્વીકૃત નહિ થાય, તો લગ્નના રંગમાં પડેલા ભંગથી જાગેલા જંગનો અંત પછી કોણ આણી શકશે?

મહાજને બધી વાત સાંભળી લીધી. કોઈને નાના કે મોટા ગણવાથી પ્રશ્નનો ઉકેલ આવે, એ શક્ય ન હતું, એથી તો પ્રશ્ન વધુ ગૂંચવાય

એવી પૂરી શક્યતા હતી. માટે આ પ્રશ્ન એ રીતે ઉકેલાવો જોઈએ કે, કોઈની માનહાનિ ન થાય. પરંતુ અરસપરસની વચ્ચે જે હોડદોડ થાય, એથી પણ એમનાં હિત અને કલ્યાણની સાથે સાથે અબોલ જીવોનું ભાગ્ય પણ ખૂલી જવા પામે.

અગમબુદ્ધિ ધરાવતા મહાજનના મોવડીએ બંને પક્ષને બરાબર સાંભળી લીધા બાદ મનોમન કોઈ નિર્ણય પર આવી જઈને એ નિર્ણયને અનુકૂળ ભૂમિકા રચવા બંનેની સામે નજર કરીને પૂછ્યું કે, મહાજન જે નિર્ણય આપશે એ એકે પક્ષની માનહાનિ કરનારો નહિ હોય, બંને પક્ષને પ્રતિષ્ઠા અપાવનારો અને બે વચ્ચેની હોડદોડને હિતકારક બનાવવા ઉપરાંત બંને પરિવારોને જીવદયામાં પ્રેરક તથા પ્રોત્સાહક બનાવનારો એ જાતનો નિર્ણય હશે. બોલો, આ જાતના નિર્ણયને શિરોધાર્ય કરવાની બંને પરિવારોની તૈયારી હોય, તો જ આ પ્રશ્ને આગળ વધી શકાય ?

મહાજને બંને પરિવારો તરફ પ્રશ્નસૂચક નજર કરી. મહાજને જે જાતની પૂર્વભૂમિકા રચી હતી, એથી શેઠ અને સખીદા : આ બંને પરિવારો પૂરા વિશ્વસ્ત બની ચૂક્યા હોવાથી બંનેએ સમસ્વરે મહાજનની વાત સ્વીકારી લેતાં કહ્યું કે, મહાજન જે પણ ફેંસલો આપશે, એને અમે બંને પરિવારો સહર્ષ સ્વીકારી લઈશું.

આવું વચન મળતા જ મહાજન વતી મોવડીએ ફેંસલો સંભળાવવાની શરૂઆત કરતાં પૂર્વે ભૂમિકા બાંધતાં કહ્યું કે, શેઠ અને સખીદા : આ બંને પરિવારોને એવા તો પુણ્યવંતા ગણી શકાય કે, હોડદોડ અને હુંસાતુંસી હાનિકારક દોષો ગણાતા હોવા છતાં આને હિતકારક તરીકેનો પલટો આપી શકાય, એવી ઉદારતાપૂર્વકની જીવદયાની ભાવનાથી પણ આ પરિવારો સમૃદ્ધ છે. વઢવાણમાં ચાલતી પાંજરાપોળમાં જે પરિવાર વધુ રકમ આપવાની બોલીમાં અગ્રેસર રહેવાનો જંગ જીતી જાય, એ પરિવારના ઊજવાતા લગ્નનો વરઘોડો આગળ રહેવાનો અધિકારી

ગણાશે! બોલો, ક્યો પરિવાર વરઘોડામાં આગળ રહેવા માટે વધુ રકમ બોલવા માંગે છે?

મહાજનનો આ નિર્ણય સાંભળીને બંને પરિવારો નાચી ઊઠ્યા. આ નિમિત્તે પણ જીવદયા માટે વધુ રકમનું દાન થાય, એ બંનેને ઇષ્ટ હોવાથી દાનની રકમનો આંકડો વધે, એ માટે એ પરિવારો પ્રેરક અને પ્રોત્સાહક બનતા વરઘોડાના બહાને જીવદયામાં વધુ રકમના દાતા બનવાની હોડદોડ બંને વચ્ચે આરંભાઈ. શેઠ પરિવારે હજારથી પ્રારંભ કર્યો, સખીદા પરિવારે આ આંકડાને બેવડાવ્યો. વરઘોડા કરતાં પણ દાનમાં આગળ રહેવાની એ અવનવી હોડદોડ વઢવાણ માટે નવી અને નવાઈભરી હતી. એમાં અંતે સખીદા પરિવારની જીત થતાં એ વર્ષે પાંજરાપોળને ત્રણ હજારથી વધુ મણની જુવારનો લાભ થયો.

એ દહાડે સખીદા પરિવારનો લગ્નનો વરઘોડો આગળ વધવા ભાગ્યશાળી નીવડ્યો, પણ આ નિમિત્તે પાંજરાપોળનાં પશુઓનું ભાગ્ય પણ ખૂલી ગયું હોવાથી એનો આનંદ શેઠ પરિવારના અંતરમાંથી પણ છલકાઈ રહેલો જોવા મળતો હતો. વઢવાણના ઇતિહાસના પાનેથી એ વરઘોડો હજી ભૂંસાયો નથી, કારણ કે હોડદોડને હિતકારક બનાવ્યા બાદ સખીદા પરિવારનો એ વરઘોડો અગ્રેસરતા જાળવવામાં વિજયી નીવડ્યો હતો.

## ૧૫

# ધાર્મિકતા સાથેની ધનિકતા : સોનામાં સુગંધ

ધાર્મિકતા અને ધનિકતા : આ બંને 'ધ'થી શરૂ થતા શબ્દો ગણાય, ધાર્મિકતા પૂર્વકની ધનિકતા સ્વપર માટે કેટલી બધી ઉપકારક નીવડી શકે, એની સચોટ પ્રતીતિ કરાવતા ભૂતકાળના ધર્મસમૃદ્ધ ધનવાનોના જીવનના અનેક પ્રસંગો ઈતિહાસના પાને અંકિત છે. આવું જ એક પાનું પોતાનાં નામ-કામથી અંકિત કરી જનારા હતા : શેઠશ્રી મોરારજી ગોકુળદાસ! જેમણે જૂનાગઢ-ગિરનારના જૈન મંદિરો અંગેના વિવાદને ઉકેલવામાં મહત્ત્વની ભૂમિકા ભજવવા ઉપરાંત સોમનાથનો મુંડકાવેરો બંધ કરાવવામાં મુખ્ય ભાગ ભજવ્યો હતો.

૧૮૩૪ની સાલમાં જન્મેલા મોરારજીને ૯ વર્ષની વયે પિતા ગોકુળદાસનો વિયોગ થયો. પછી મોરારજી કાકાઓની દેખરેખ નીચે આગળ વધવા લાગ્યા. પિતા ગોકુળદાસ પોરબંદરની વતનભૂમિનો ત્યાગ કરીને ભાગ્ય અજમાવવા ૧૮૧૮ની સાલમાં મુંબઈ આવી ગયા હોવાથી મોરારજી પ્રાથમિક શિક્ષણ લઈને કાકા સાથે ધંધામાં જોડાયો. ભાટિયા પરિવારમાં અને વૈષ્ણવ સંસ્કારોમાં ઉછેર થયો હોવાથી મોરારજીને તીર્થયાત્રા પ્રત્યેની રૂચિ નાનપણથી જ વારસામાં પ્રાપ્ત થવા પામી હતી. ચુસ્ત વૈષ્ણવ હોવા છતાં આ ભાટિયા પરિવાર સોમનાથ મહાદેવ અને દ્વારકાધીશ તરફ ભારોભાર ભક્તિભાવ ધરાવતો હતો. એથી અવારનવાર આ તીર્થોની યાત્રા ભાટિયા પરિવાર વિશાળ કાફલા સાથે કરતો રહેતો.

કાકા સાથે ધંધામાં જોડાયેલા મોરારજીએ થોડા જ વર્ષો બાદ સ્વતંત્ર ધંધો શરૂ કર્યો, પછીનાં વર્ષોમાં પુણ્યપ્રભાવે મોરારજી ગોકુળદાસની પેઢીનાં નામકામ એવી રીતે ગાજવા લાગ્યાં કે, વર્ષો જૂની બીજી બીજી પેઢીઓની પ્રતિષ્ઠા કરતાંય વધુ પ્રતિષ્ઠિત પેઢી તરીકેની નામના શેઠ મોરારજી ગોકુળદાસને સ્વતઃ વરી.

ત્યારે એક તરફ અંગ્રેજી રાજ્ય તપતું હતું, એમ બીજી તરફ મોરારજી ગોકુળદાસની પુણ્યાઈ પણ ઝગારા મારી રહી હતી. એથી અંગ્રેજો પણ *વૈષ્ણવધર્મી આ શેઠને એટલું જ માનપાન આપતા.* વેપારધંધો ચોમેર વિસ્તરેલો હોવા છતાં ખાસ ફુરસદ મેળવીને વર્ષમાં એક વાર યાત્રા કરવા જવાનો એમનો દઢસંકલ્પ હતો, આ મુજબ ૩૦/૪૦ કુટુંબીજનોના રસાલા-કાફલા સાથે તેઓ એક વાર સોમનાથની યાત્રા કરવા નીકળ્યા. ત્યારે વેરાવળ સોરઠ-રાજ્ય હસ્તક હતું. સોરઠના નવાબ તરફથી સોમનાથની યાત્રા માટે આવનાર પ્રત્યેક યાત્રીદીઠ એક પૈસાનો મુંડકાવેરો લેવાતો હતો, જે આ વેરો ન ભરે, એને યાત્રા કર્યા વિના જ પાછું ફરવું પડતું.

મોરારજી શેઠ લક્ષ્મીસંપન્ન હતા, એથી મુંડકાવેરો ભરીને યાત્રા કરવાની સમર્થતા ધરાવનારા એમને પ્રજાહિતનો એવો એક વિચાર આવ્યો કે, શ્રીમંતો તો મુંડકાવેરો ભરીને યાત્રા કરી શકશે, પરંતુ જે સ્થિતિસંપન્ન ન હોય, એ તો યાત્રાનો લાભ ન મેળવી શકે ને? માટે મારે એવો પ્રયત્ન કરવો જોઈએ કે, આ મુંડકાવેરો મૂળથી જ રદબાતલ થઈ જવા પામે. જેથી સૌ કોઈ યાત્રાનો લાભ મેળવી શકે.

એ યુગમાં યાત્રા બહુ ઝડપથી થઈ શકતી ન હતી. બળદ-ગાડાં, પાલખી, ઘોડા, ઊંટના માધ્યમે આવી યાત્રાઓ થતી. મુંબઈથી નીકળ્યાને ઠીક ઠીક દિવસો વીતવા છતાં હજી સોમનાથનું તીર્થક્ષેત્ર દૂર હતું. શેઠે એક દહાડો જાહેરાત કરી દીધી કે, તમામ પ્રજા યાત્રાનો લાભ લઈ શકે, એ માટે સોમેશ્વરમાં લેવાતો મુંડકાવેરો રદ થવો જ જોઈએ. આ મુંડકાવેરો રદ જાહેર કરવામાં આવશે, તો જ હું સોમેશ્વરની યાત્રા કરીશ,

નહિ તો યાત્રા કર્યા વિના જ મુંબઈ પાછો ફરી જઈને 'મુંડકાવેરા' સામેના વિરોધને હું એટલો બધો વ્યાપક બનાવીશ કે, જેથી અંતે નવાબી રાજ્યને આ વેરો રદ કરવાની ફરજ પડે.

શેઠ મોરારજીએ કરેલ આ જાહેરાતથી સોરઠ-સરકારના અધિકારીઓનાં હૈયાં હલબલી ઊઠ્યાં. આ પૂર્વે પ્રજામાંથી મુંડકાવેરોની સામે અવારનવાર વિરોધી સૂર પેદા થતો રહેલો. પણ એની કોઈ ચિરસ્થાયી અસર પેદા થવા પામી ન હતી. પરંતુ શેઠ મોરારજીએ પહેલી જ વાર કરેલી આવી મૌખિક જાહેરાતે રાજ્યતંત્રને હચમચાવી મૂક્યું.

આ જાહેરાતની ગંભીરતા કળી જઈને રાજ્યતંત્રે સૌ પ્રથમ જૂનાગઢના નવાબ મહોબતખાનને બધી પરિસ્થિતિ જણાવવાપૂર્વક 'મુંડકાવેરા' અંગે ફેરવિચારણા કરવાની અરજ ગુજારી. રાજ્યના દીવાન બહાઉદ્દીન શેખ ખૂબ વિચક્ષણ હતા. પરિસ્થિતિની ગંભીરતા સમજી જઈને એમણે મંત્રણાને એવો વળાંક આપ્યો કે, અંતે સૌ 'મુંડકાવેરો'ની નાબૂદી માટે એકમત થઈ જવા પામ્યા અને મંત્રણાની સફળ ફલશ્રુતિ સૂચવતો નીચેના ભાવનો એક રુક્કો-પત્ર શેઠ મોરારજીભાઈને ઉદ્દેશીને લખવામાં આવ્યો:

મહેરબાન મોરારજી ગોકલદાસ!

જમાદાર બહાઉદ્દીન વલદ હાથમભાઈના સલામ

વેરાવળ બંદરે ઊતરનાર લોકો પાસેથી 'મીરબારી' નામનો કર લેવાય છે. લોકોના કલ્યાણ અર્થે તે માફ કરવો, એવી લોકોપયોગી આપની નેક સલાહ ખુદાવંત દોલતમદારે ઘણી જ ખુશી સાથે માન્ય કરી, એ લાગો માફ કરવા વેરાવળના વહીવટદાર પર રુક્કો લખીને પાઠવ્યો છે. બાકી આપ અહીંની સરકારના પૂર્ણ કૃપાપાત્ર છો. હંમેશાં આવો સંબંધ રાખવા કાગળ-પત્ર લખાવતા રહેશો.

સંવત ૧૯૨૯ કારતક વદ ૧૩, વાર બુધ
તા. ૨૭મી નવેમ્બર સન ૧૮૭૨ ઈસ્વી.
સહી શેખ બહાઉદ્દીનના સલામ વાંચશોજી.

વેરાવળ બંદરે ઊતરનાર દરેક પ્રવાસી પાસેથી લેવાતો કર એ સમયે 'મીરબારી' નામથી ઓળખાતો. આની પરથી સોમનાથની યાત્રા માટે આવતા યાત્રી પાસેથી એક પૈસાનો મુંડકાવેરો લેવાની શરૂઆત થઈ હતી. પણ જ્યાં 'મીરબારી' તરીકે ઓળખાતો લાગો ઉપર મુજબના રુક્કાથી રદ થયો, ત્યાં 'મુંડકાવેરો' તો પછી ક્યાંથી ટકી શકે? આ બંને કર રદ થતાં પ્રજાના આનંદનો પાર ન રહ્યો. સૌથી વધુ પ્રસન્નતા અનુભવતા શેઠ મોરારજી ગોકુળદાસે આ વખતે જેવો હર્ષોલ્લાસ અને જેવી ભાવભક્તિ સોમેશ્વરની યાત્રામાં અનુભવી, એ અનુપમ કક્ષાની હોય, એમાં આશ્ચર્ય શું ? 'મુંડકાવેરો' રદ કરાવવાની સિદ્ધિ મેળવ્યા બાદ તો શેઠ મોરારજીની નામના-કામના ઠેર ઠેર ગવાવા માંડી.

સોમેશ્વરની યાત્રા કરીને જૂનાગઢ આવવા નીકળેલા શેઠને સામેથી આમંત્રીને જૂનાગઢના નવાબે 'રાજ્યના અતિથિ'તરીકેના દબદબા સાથે પ્રવેશ કરાવ્યો. શેઠ મુંબઈ પહોંચ્યા, આ પછીનાં વર્ષોમાં મુંબઈ ધારાસભાએ એમને સભ્ય તરીકે ચૂંટ્યા. લોર્ડ નોર્થ બુકે જ્યારે અંગ્રેજી હકૂમત હેઠળના ભારતીય રાજવીઓનો દરબાર મુંબઈ ખાતે ભર્યો, ત્યારે એમાં હાજરી આપવા જૂનાગઢથી આવેલ નવાબે ગિરનારનાં જૈનમંદિરો અંગે જાગેલા વાદવિવાદને ઉકેલી આપ્યો, આ પછી તો શેઠની પુણ્યાઈ કેઈ ગણી વૃદ્ધિ પામી. તેમજ જૈનજગતમાં પણ એમની કીર્તિ-ગાથા ગવાવા માંડી.

બાહોશ વેપારી તરીકે ધીમે ધીમે મોરારજી શેઠની એવી આબરૂ જામતી ગઈ કે, મોટી મોટી બ્રિટિશ કંપનીઓ ઉપરાંત ઔદ્યોગિક કંપનીઓએ ભાગીદાર તરીકે એમને ગૌરવભેર આમંત્ર્યા.

ઈ.સ. ૧૮૭૭માં શેઠ મોરારજીની અનેકવિધ સેવાઓને બિરદાવવા દિલ્હી દરબારે શેઠને આમંત્રણ આપ્યું. પણ એ વર્ષોમાં સોલાપુર-વિસ્તારમાં દુકાળ વ્યાપક બની રહ્યો હતો, એથી શેઠે દિલ્હી-દરબારમાં

ઉપસ્થિત થઈને માનપાન પામવા કરતાં દુષ્કાળગ્રસ્તોની વહારે ધાઈને પ્રજાની સેવા કરવાના પરમાર્થને જ અગ્રિમતા આપી અને એવી સેવા બજાવી કે, જેથી ખુશ થઈને અંગ્રેજ સરકારે શેઠને 'સી આઈ આઈ'જેવા ઇલકાબથી બિરદાવ્યા.

ધાર્મિકતા અને ધનિકતા સ્પર્ધાપૂર્વક શેઠના જીવનમાં વૃદ્ધિંગત બનતી ચાલી, એમ એમ એમની પ્રવૃત્તિઓમાં પરમાર્થ અને લોકહિતની ભાવનાની ભરતી આવતી જ ગઈ. અનેક હિન્દુ તીર્થોમાં ધર્મશાળાના નિર્માણ ઉપરાંત સામાજિક દૃષ્ટિએ સેવાનાં ગણાય, એવાં અનેક કાર્યો પાછળ સંપત્તિનો પાણીની જેમ સદ્વ્યય કરનારા મોરારજી શેઠે ઈ.સ. ૧૮૮૦માં વેપાર ધંધામાંથી નિવૃત્ત બનીને ધાર્મિકક્ષેત્રે જ પ્રવૃત્ત રહેવાની ભાવના એક અંગ્રેજ મિત્ર સમક્ષ વ્યક્ત કરી હતી, ત્યારે એમની વય માત્ર ૪૬ વર્ષની જ હતી.

શેઠ આવી ભાવના-સૃષ્ટિમાં વિચરી રહ્યા હતા, પણ વિધાતાના વિધાનમાં એંધાણ કોણ કળી શકે! એ વિધાન તો એકદમ ચિત્રવિચિત્ર જ હતાં. પૂનાના પ્રવાસે ગયેલા મોરારજી શેઠ ઘોડા પરથી ગબડી પડ્યા અને પથારીવશ બન્યા. આ પથારી એમના માટે મૃત્યુશય્યા બનતાં તા. ૧૬/૧૦/૧૮૮૦ના સ્વર્ગવાસી બન્યા. એ વખતના વગદાર અને માતબર ગણાતા અખબાર 'ટાઈમ્સ ઓફ ઇન્ડિયા' એ સ્વતંત્ર તંત્રીલેખ લખીને શેઠને શ્રદ્ધાંજલિ આપી.

એ શ્રદ્ધાંજલિમાંથી જાણે એવી સૂરાવલિ રેલાઈ રહી હતી કે, ધાર્મિકતા સુવર્ણ સમી છે, જ્યારે ધાર્મિકતા સહિતની ધનિકતા તો સુવર્ણમાં સુગંધના સંગમ સમી છે. શેઠ મોરારજી ગોકુળદાસનું જીવન એટલે જ સુવર્ણ અને સુગંધનો સમાગમ !

૧૬

# આયુર્વેદની આસ્થાને અખંડ જાળવવા કાજે

રૂપે-રંગે રળિયામણા મોરની ખોડખાંપણ કાઢવાની ગુસ્તાખી કરીને અઢારે વાંકાં અંગ ધરાવતો ઊંટ જગતના ચોક વચ્ચે ખડો થઈ જાય, અને બરાડા પાડે, બરાબર આવો જ વિચિત્ર ઘાટ એ દહાડે મુંબઈની અંગ્રેજ કોઠીએ આયુર્વેદના આસવારિષ્ટ આદિ ઔષધો અંગે એવો ફતવો બહાર પાડવા દ્વારા ઘડાયો કે, આ તો દારૂ જ ગણાય, માટે આવાં ઔષધો પર કડક પ્રતિબંધ જ લાદી દેવો જોઈએ.

અંગ્રેજો તો લગભગ પાણીની જેમ જ દારૂ ઢીંચતા રહીને મદમસ્તી માણવાની આદતથી નખશિખ મજબૂર-લાચાર હતા, એમના મોઢે આસવારિષ્ટ જેવી અમુક ઔષધિઓ વિરુદ્ધ એકાદ અક્ષરનો પણ બકવાસ શોભતો ન હતો, કેમ કે વૈદ્યના હાથમાં ગયેલું ઝેર પણ અમૃતમાં પલટાઈ જઈને મૃત્યુશૈયા પર પોઢેલા માણસને જિવાડવા અમૃતની ગરજ સારતું હોય છે. આ સત્યને સરાસર વીસરી જઈને મુંબઈની અંગ્રેજ સરકારે વિ.સં. ૧૯૬૮માં આયુર્વેદમાં પ્રચલિત અમુક ઔષધો સામે વિરોધનું બ્યૂગલ બજાવ્યું. એમાં મૂળ મુદ્દો એ આગળ કર્યો કે, થોડાઘણા અંશે પણ દારૂનો આમાં ઉપયોગ કરવો પડતો હોવાથી એ કેમ નભાવી લેવાય? ભલે આવું ઔષધ આયુર્વેદ આમ્નાય મુજબ પણ કેમ ન બન્યું હોય. માટે આસવારિષ્ટ જેવી ઔષધિઓ પર કડક પ્રતિબંધ લાદી જ દેવો જોઈએ.

દારૂ-માંસની મિજબાનીઓમાં જ મહાલનારા અંગ્રેજો દ્વારા રજૂ કરાયેલો આ મુદ્દો સરાસર સાચો ન હતો. મોરની મનોહરતાને પડકારવા અઢારે વાંકાં અંગ ધરાવનારો ઊંટ ઊછળી ઊછળીને ઊભો થઈ જાય,

આના જેવો જ બેઘાઘંટો આ ઘાટ હતો, પણ સત્તા આગળ શાણપણ દર્શાવવા કોણ આગળ આવે ? મુંબઈની અંગ્રેજ સરકારે સત્તાના મદથી અંધ બનીને આવો અયોગ્ય મુદ્દો આગળ કરીને જે ઝુંબેશ ઉઠાવી હતી, એના મૂળમાં તો જોકે પ્રજાના માનસમાં આયુર્વેદ તરફની જે અવિચલ આસ્થા બદ્ધમૂલ હતી, એના મૂળમાં જ કુઠારાઘાત કરવાની મેલી મુરાદ હતી. એથી અંગ્રેજ સરકારના આવા ફતવા સામે સમસમી ઊઠનારાઓની સંખ્યા તો સીમાતીત હોય, એમાં કહેવાનું જ શું હોય ? પરંતુ સત્તા આગળ શાણપણ દર્શાવવાની હિંમત તો બધામાં ક્યાંથી હોય ? એમાં પણ આયુર્વેદના અનન્ય ઉપાસક વૈદ્યો આ પ્રશ્ને વીરતાપૂર્વક આગેવાની લઈને જનજુવાળ જગાડે એવી સૌની અપેક્ષા હતી.

ઠેર ઠેર ફેલાયેલા વૈદ્યો પણ આવી જ અપેક્ષા રાખી રહ્યા હતા કે, આપણે બધા એકઠા થઈને અવાજ ઉઠાવીએ, તો આ ફતવાના ફનાફાતિયા થઈ જતાં વાર ન લાગે. પણ સવાલ એક એ જ હતો કે, સત્તા સામે શાણપણ દર્શાવવા કયો શક્તિશાળી આગળ આવે ? આ સવાલના જવાબ રૂપે જ જાણે અમદાવાદના ઓવારેથી એવો એક અવાજ ઊઠ્યો કે, આસવારિષ્ટને દારૂમાં ખતવનાર અંગ્રેજ સરકારનો કાન આમળવો જ જોઈએ.

જે વાવાઝોડામાં ફેરવાઈ જનારી હતી, એવી લડતનો સામાન્ય વંટોળના રૂપે આ રીતે શુભારંભ કરનારા હતાઃ સુપ્રસિદ્ધ વૈદ્યરાજ શ્રી બાપાલાલ હરિશંકર! એ જમાનાની મોટી મોટી હસ્તીઓ તરીકે જેઓની ગણના થતી હતી એવા સંતો, મહંતો અને શેઠ-શાહુકારોના અંગત વૈદ્યરાજ તરીકેનું સ્થાન-માન શોભાવનાર વૈદ્યરાજ તરીકે બાપાલાલની નામના- કામના અમદાવાદ ઉપરાંત સમગ્ર ગુજરાતમાં ગુંજતી હતી. એથી અંગ્રેજ સરકાર વિરુદ્ધ એમના મુખેથી નીકળેલા આ સૂરમાં ધીરે ધીરે અનેક સૂરોનો સંગમ સધાતાં થોડા જ દિવસોમાં બાપાલાલ વૈદ્યમાં એવી હિંમત જાગી કે, વગદાર વૈદ્ય-મંડળી એકત્રિત કરીને તેઓ મુંબઈ

પહોંચી ગયા, અને જેની સામે હરફ ઉચ્ચારવાનીય કોઈની હિંમત ચાલતી ન હતી, એ અંગ્રેજ સરકારના વિરોધમાં ઊભા રહીને હજારો લોકોએ એવો અવાજ ઉઠાવ્યો કે, આસવારિષ્ટ જેવી ઔષધિઓ સામેના આ આક્રમણને ભારતીય વૈદ્યો કોઈ પણ ભોગે નહિ જ સાંખી લે.

સૈંકડો વૈદ્યોના સરઘસના સેનાની તરીકે શોભતા બાપાલાલની સિંહસમી આ ત્રાડ સાંભળીને અંગ્રેજ સરકાર એક વાર તો સન્ન થઈ ગઈ. અણધાર્યું આ આક્રમણ હતું. પણ બાપાલાલના અવાજમાં જે વીરતા ઘૂમરાઈ રહી હતી, એથી કંઈક ડઘાઈ જવા છતાં થોડી હિંમત એકઠી કરીને સરકાર તરફથી એવો પ્રતિપ્રશ્ન રજૂ કરાયો કે, દારૂનો અંશ પણ આસવારિષ્ટમાં નથી આવતો, એમ તમે છાતી ઠોકીને કહી શકશો ખરા ?

બાપાલાલ વૈદ્યે ઠાવકાઈથી સવાલ પૂછ્યો કે, દારૂ વધુ ખતરનાક કે ઝેર વધુ ખતરનાક? વૈદ્યે જેવો ધાર્યો હતો, એવો જ જવાબ મળ્યો : દારૂ કરતાં તો ઝેરની ખતરનાકતા જ વધુ હોય, આમાં પૂછવા જેવું જ શું છે? બહુ બહુ તો દારૂ નશો પેદા કરે, જ્યારે ઝેર તો પ્રાણનો જ સર્વનાશ નોતર્યા વિના ન રહે.

ધાર્યા મુજબનો જ જવાબ મળતાં વૈદ્યરાજે સણસણતો સવાલ કર્યો કે, વૈદ્યના હાથમાં આવેલું ઝેર પણ અમૃતમાં પલટાઈ જઈને ઔષધ બની જતું હોય છે, આ પણ તમે જાણતા જ હશો. ઝેર વૈદ્યરાજના હાથમાં જઈને જો અમૃતમાં પરિવર્તિત થઈ જતું હોય, તો તો દારૂ દવામાં પલટાઈ જાય, એમાં આશ્ચર્ય શું ? આસવારિષ્ટ સામે વાંધો હોય, તો જે દવાઓમાં ઝેર અમૃતમાં રૂપાંતરિત બનીને વપરાતું હોય, એવી દવાઓ સામે પણ તમારો ઉગ્રવિરોધ હોવો જ જોઈએ ને? તો તો કેટલીય અંગ્રેજી-દવાઓની સામે પણ તમારે મોરચો માંડવો જ જોઈએ.

સણસણ છૂટતા બાણ જેવા આ સવાલનો અંગ્રેજ સરકાર પાસે કોઈ જ જવાબ ન હતો. દારૂના મુદ્દા કરતાં તો ઝેરનો મુદ્દો એટલો બધો

જડબેસલાક હતો કે, હકારમાં કે નકારમાં જવાબ વાળવાની અસમર્થતા જોઈને તો વૈદ્ય બાપાલાલ હવે ઝાલ્યા રહી શકે ખરા? એમણે હવે જવાંમર્દીભર્યો જડબાતોડ જવાબ વાળતાં આક્ષેપાત્મક શબ્દોમાં એવો પ્રહાર કર્યો કે, દારૂના નશામાં જ મદહોશ રહેનારા અંગ્રેજોના મોઢે દારૂનો મુદ્દો શોભે છે ખરો? ખરી રીતે તો તમે પ્રજામાં બદ્ધમૂલ બનેલી આયુર્વેદ તરફની આસ્થા પર જ કુઠારાઘાત કરવાની મેલી મુરાદ ધરાવો છો પણ એ આસ્થા સાથે છેડછાડ થાય, તો પ્રજાનો વિરોધ ખાળવો ભારે પડી જાય, એથી દારૂ જેવા મામૂલી મુદ્દાને આગળ કરીને તમે આ રીતે આયુર્વેદ તરફ અણગમો પેદા કરવાના હવાઈ કિલ્લા રચવામાં રાચો-માચો છો. પણ એટલું કાળજે કોતરી રાખજો કે, ભારતીય પ્રજાના હૈયામાં વર્ષોથી આયુર્વેદ તરફની જે આસ્થા બદ્ધમૂલ છે એને તમે જરાક હલાવી પણ નહિ જ શકો.

કાળજામાં સીધો જ કાપો પાડે, એવા આ શાબ્દિક પ્રહારો હતા, પણ એને મૂંગે-મોઢે સહી સાંભળી લેવા સિવાય અંગ્રેજ સરકાર વધુ કંઈ જ કરી શકે એમ ન હોવાથી, સરકારના એ મૌનને જ પોતાનો જ્વલંત-ઝળહળતો વિજય સમજીને વૈદ્યરાજ બાપાલાલ જ્યારે મુંબઈથી અમદાવાદ પાછા ફર્યા, ત્યારે આયુર્વેદની આસ્થાને અખંડ જાળવી જાણનારા એમને પ્રજાએ એ રીતે આવકાર્યા કે એમની નામના-કામનાને જાણે એકાએક જ તેજીનો તેજલિસોટો ચમકાવી ગયો.

૧૯૬૮માં આ બનાવ બન્યા બાદ બાપાલાલ વૈદ્યે 'વૈદ્ય-સભા'ની સ્થાપના કરીને એવું મજબૂત વૈદ્યોનું એકમ ઊભું કર્યું કે, જે આયુર્વેદ સામેના આવા કોઈ આક્રમણને ડાબા હાથનો ખેલ સમજીને ખાળી શકવામાં સફળ સાબિત થઈ શકે. તા. ૨૮/૧૦/૧૯૧૫ના રોજ સ્વર્ગસ્થ બનનારા બાપાલાલ વૈદ્ય આજેય કીર્તિદેહે જીવતા-જાગતા નથી, એમ કોઈ કહી શકે ખરું ?

૧૭

# આવી હતી મહાજનની આણ, આન, બાન ને શાન!

કહેવાતું સ્વરાજ્ય હજી મળ્યું ન હતું અને અંગ્રેજોની સત્તા હજી ઠીક ઠીક બદ્ધમૂલ જણાતી હતી, એ કાળની આ એક ઘટના છે. ત્યારે અંગ્રેજોની સામે હરફ પણ ઉચ્ચારવાની હિંમત કોઈ ન કરતું. 'સત્તા આગળ શાણપણ શા કામનું ? 'આ કહેવત આગળ કરીને અંગ્રેજોની ગમે તેવી જોહુકમી કે ધર્મવિરુદ્ધ વૃત્તિ-પ્રવૃત્તિને ત્યારે સામાન્ય લોકો તો મૂંગે મોઢે સહી લેતા, પણ મહાજનની સત્તા આવા અવસરે અંગ્રેજોની સામે મક્કમ બનીને મુકાબલો કરતી, એથી અહિંસા-ધર્મનો વાવટો અણનમ રહીને લહેરાતો જ રહેતો.

ઊંઝામાં બનેલો એક પ્રસંગ આ વાતની સાખ પૂરતો આજેય ઈતિહાસનાં પાને સુવર્ણાક્ષરે અંકિત છે. ઊંઝા સ્ટેશન પર લટાર મારી રહેલો એક અંગ્રેજ શિકારનો શોખીન હતો. એક વૃક્ષ પર અનેક પંખીઓ આરામથી બેઠાં હતાં, એ જોઈને એનો હાથ બંદૂક પર ગયો. એને મન તો શિકાર જાણે એક જાતની રમત જ હતી અને પંખીઓ જાણે માટીનાં પૂતળાં સમાં પ્યાદાં જ હતાં. જે આ રમતને રસાકસીપૂર્વક આગળ વધારવામાં ઉપયોગી બની શકે. પહેલી જ વાર ભારતમાં એણે પગ મૂક્યો હતો. એથી પોતે જેને રમત અને શોખ ગણતો હતો, પણ ભારતમાં તો એનો અર્થ ક્રૂર હિંસા જ થતો હતો, એવો તો એને ખ્યાલ ક્યાંથી હોય ?

વૃક્ષના વિસામે શાંતિથી બેઠેલાં પંખીઓને જોતાં જ અંગ્રેજોનો હાથ બંદૂક પર ગયો, બંદૂકમાંથી સનસન કરતી ગોળીઓ છૂટી અને કાચી

પળમાં જ ચાર-પાંચ પંખીઓ લોહીલુહાણ બનીને નીચે પટકાયાં, હસતાં, ખેલતાં અને ચૈતન્યથી ધબકતાં પંખીઓને તરફડી તરફડીને નિષ્પ્રાણ બનતાં જોઈને આસપાસના લોકોની આંતરડી કકળી ઊઠી, ત્યારે આનંદથી ખુશખુશાલ બની ઊઠેલા અંગ્રેજને જોઈને એક ખેડૂત મૌન ન રહી શક્યો, એણે કહ્યું : ઓ સાહેબ! પંખીઓની હત્યા જ ગુનો ગણાય, આવી હત્યા પર હર્ષ વ્યક્ત કરવો, એને તો અક્ષમ્ય ગુના તરીકે ખતવી શકાય. આ ભૂમિ તો ભારતની છે. અહીં તો આવા અક્ષમ્ય ગુનાની સામે મૌન રહેવું પણ ગુનામાં જ ખપે. માટે આપ આ બંદૂકને બાજુ પર મૂકી દો, અને આવી હિંસા બદલ સૌ પ્રથમ દિલગીરી વ્યક્ત કરો. આમાંનું કશું નહિ કરો, તો પછી જન-જુવાળની જે જ્વાળાઓ ભભૂકી ઊઠશે, એને ઠારવી આપના માટે ભારે પડી જશે.

જો જરાક પણ શાણપણ એ અંગ્રેજમાં હોત, તો દિલગીરી વ્યક્ત કરીને એ વિદાય થઈ ગયો હોત. પણ એણે તો બળતામાં ઘી હોમવાની અદાથી સંભળાવી દીધું કે, શું રમવું એ ગુનો છે ? આવું ગણિત તો ભારત જ માન્ય રાખે! અમે અંગ્રેજો તો એમ માનીએ છીએ કે, બંદૂકની આ રમતને રસાકસીભરી બનાવવા માટે જ આ પશુ-પંખીઓ જન્મે છે, અને મોતના મુખમાં હોમાઈ જઈને તેઓ બંદૂકધારીને વિજયી જાહેર કરે છે.

આવો નિષ્ઠુર જવાબ સાંભળીને ખેડૂતનું તો કાળજું જ કપાઈ ગયું. એને થયું કે, આ અંગ્રેજ વાતને લાયક નહિ, લાતને જ લાયક લાગે છે. લાતને લાયક કદી વાતથી માને જ નહિ. જો આ અંગ્રેજને પડકારવામાં નહિ આવે, તો અહીં પચીસ-પચાસ પક્ષીઓની લાશો ખડકાઈ જતાં વાર નહિ લાગે. માટે ગામમાં જઈને સૌ પ્રથમ તો મારે મહાજનને જગાડીને આ અંગ્રેજને પડકારવા માટે એની સામે ખડું કરી દેવું જ જોઈએ. *મહાજનની સત્તા જ અંગ્રેજની સામે આક્રમક બનીને* જવાબ માગી શકવા સમર્થ છે.

ખેડૂતે અંગ્રેજ સામે વધુ વાદ-વિવાદમાં ઊતરવાનું માંડી વાળીને ગામ તરફ જવાની તૈયારી કરી, અંગ્રેજને થયું કે, હવે મને પૂછનાર કોણ છે? એણે પોતાના સાગરીતોને આમંત્રીને મુક્તમને શિકાર ખેલવાની તૈયારી કરવા માંડી. સ્ટેશનથી ઊંઝા ગામ કંઈ બહુ દૂર ન હતું. ખેડૂતે ગામમાં પહોંચી જઈને અંગ્રેજના શિકારશોખની વાત રજૂ કરી. દરેક કોમના મહાજનના અગ્રણીઓ ખેડૂતની વાત સાંભળીને ઊકળી ઊઠ્યા અને વિના વિલંબે પોતપોતાની કોમને સ્ટેશન પર હાજર થવાનો હુકમ કરીને સ્ટેશન તરફ રવાના થઈ ગયા.

વડલા જેવા જે વૃક્ષ-વિસ્તારને અંગ્રેજ તો બાપનો બગીચો સમજી લઈને શિકાર ખેલવાની સ્વપ્નસૃષ્ટિ નિશ્ચિંત બનીને સજાવી રહ્યો હતો, એકાએક જ એની નજર ગામ તરફ મંડાઈ અને ટોળેટોળે આવતો લોકપ્રવાહ જોઈને એ કોઈ અનુમાન કરવા પ્રેરાય, ત્યાં તો જુદા જુદા મહાજનોના અગ્રણીઓ તરફથી એક સામટા સવાલો સણસણ કરતા બાણની જેમ છૂટ્યા.

ઓ અંગ્રેજ સાહેબ! આપને ખબર નહિ હોય કે, ઊંઝાની આ ધરતીની રખેવાળી ઉમિયા માતા કરે છે. ઉમિયા માતાજીની એવી અકાટ્ય આણ છે કે, નાનાંમોટાં કોઈ જ પશુપંખીની હિંસા ન કરવી! આ આણ પાળવા સૌ કોઈ બંધાયા છે. આપે છડેચોક આ આણનો અપલાપ કર્યો છે. અમારી થોડીક અસાવધતાનો ગેરલાભ ઉઠાવીને આપે શિકાર તો કર્યો જ છે, તદુપરાંત એ શિકારને એક રમત ગણવાનો બીજો મોટો ગુનો પણ આપના નામ સાથે સંકળાયેલો છે. આ બે જાતના ગુના બદલ આપનો જવાબ માંગવા અમે આવ્યા છીએ. આનો જવાબ ફરજિયાત આપને આપવો જ પડશે.

ખેડૂત સાથેની વર્તણૂકનો વિપાક આટલો બધો ભારે પડી જશે, અને આવા પ્રચંડ પ્રતિકારનો સામનો કરવાનો વખત આવશે, એની તો અંશમાત્ર કલ્પના અંગ્રેજને આવી નહોતી. પોતાનો આ પૂર્વેનો રોફ

હવે ટકી શકે એમ ન હતો. નાકલીટી તાણીનેય દિલગીરી જાહેર કર્યા વિના પોતાનો છુટકારો હવે શક્ય ન જણાતાં શિકારના શોખીન એ અંગ્રેજે ગરીબ ગાય જેવા બનીને જવાબ વાળ્યો કે, ઉમિયા માતાની આણનો ભંગ થયા બદલ હું દિલગીરી વ્યક્ત કરું છું અને હવે ક્યારે પણ ઉમિયા માતાની આણને નહિ ઉલ્લંઘવાનો કોલ આપું છું.

થરથર ધ્રૂજતો એ અંગ્રેજ આટલો જવાબ પણ માંડ માંડ વાળી શક્યો. મહાજનના મોવડીઓને આ જવાબથી પૂરો સંતોષ તો થયો ન હતો, બીજા કોઈએ આવો ગુનો કર્યો હોત તો કડક શિક્ષા કર્યા વિના મહાજન એને છોડત નહિ. આ તો અંગ્રેજ હતો, એથી માત્ર દિલગીરીથી જ સંતોષ માન્યા વિના ચાલે એમ ન હતું. છતાં મહાજન એટલી હિતશીખ સંભળાવ્યા વિના તો ન જ રહી શક્યું કે,

આ તો ભારત અને એમાં પણ ગુજરાતની ગૌરવવંતી ધરતી છે. અહીં શિકારનો અર્થ શોખ કે રમત નથી થતો, અહીં તો શિકારને નિર્દય જીવસંહાર ગણવામાં આવે છે. ભારતમાં જ્યાં પણ ભ્રમણ-વિચરણ કરો, ત્યાં આટલી વાત કાળજે કોતરી રાખશો, તો આજે નાલેશીભરી જે સ્થિતિનો સામનો કરવો પડ્યો, એનું પુનરાવર્તન નહિ થવા પામે. મહાજનની આટલી વાત આપ નહિ જ ભૂલો, એવી અપેક્ષા રાખીને વધુ પડતી કંઈ બોલચાલ થઈ ગઈ હોય, તો અમે પણ દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

આટલી હિતશીખ સંભળાવીને મહાજને વિદાય લીધી. આવી હતી મહાજનની આણ, આન, બાન અને શાન!

१८

# સ્વમાનની સાચવણી કાજે

ઈ.સ. ૧૬૧૦થી ૧૬૭૦ સુધીના કાળપટ પર છવાઈ ગયેલા ઓશવાલ વંશીય નૈણસી મહેતા વીરયોદ્ધા અને અજોડ ઈતિહાસ-લેખક તરીકે આજેય રાજસ્થાનની તવારીખમાં અમર નામના-કામના ધરાવે છે. ઈતિહાસ લેખક, વીરયોદ્ધા અને કુશળ સેનાની : આવી ત્રિવિધ વિશેષતા એક જ વ્યક્તિમાં ઓછી જોવા મળે, આવો ત્રિવેણી સંગમ નૈણસી મહેતાના જીવનમાં સધાયો હતો.

જોધપુરના મહારાજા ગજસિંહ પ્રથમ અને જશવંતસિંહજી પ્રથમના રાજ્યકાળ દરમિયાન વીરયોદ્ધા તરીકે સેનાની નૈણસી અનેક યુદ્ધોમાં વિજયી બન્યા હતા. સેનાની ઉપરાંત સાહિત્યકાર તરીકે પણ અમર નામના પામનારા નૈણશીએ ઓસવાલ-જૈનત્વને પણ દીપાવ્યું હતું.

સેનાની તરીકે નૈણશીનું વીરત્વ અજોડ હતું. એ વીરત્વની વધુ વાતો જાણવા તો રાજસ્થાનના ભૂતકાળમાં ભ્રમણ કરવું પડે, પણ સાહિત્યકાર તરીકેનું એમનું પ્રદાન તો 'मुंहता नैणसी री ख्यात' અને 'मारवाड रा परगनांरी विगत' આ બંને ઐતિહાસિક ગ્રંથો દ્વારા આજેય અવિસ્મરણીય છે અને ભવિષ્ય માટેય એટલું જ સંસ્મરણીય બની રહેશે. રાજસ્થાનનો ઉત્તરકાલીન અને મધ્યકાલીન ઈતિહાસ લખવો હોય, તો આ બે ગ્રંથોના વાચન-મનન વિના એ ઈતિહાસના આલેખનમાં આગળ વધી જ ન શકાય. અનેકવિધ જવાબદારીઓના જકડામણ વચ્ચેય એ સેનાનીએ આવું ઐતિહાસિક સાહિત્ય સર્જન કઈ રીતે કર્યું હશે? આવો

પ્રશ્ન જેના વાંચનની પળે જાગી શકે, એવી આ ગ્રંથોની વિશેષતા એ છે કે, આનું આલેખન રાજસ્થાની-મારવાડી ભાષામાં થવા પામ્યું છે.

કલમ અને કટારીના ક્ષેત્રે તેજસ્વિતા પ્રદાન કરી જનારા નૈણસીના જીવન સાથે સંકળાયેલા એક પ્રસંગનો રંગ પણ માણવા જેવો છે, મુખ્યત્વે જોધપુર રાજ્યની જવાબદારી અદા કરનારા તેઓના વૃષભસ્કંધે જાલોર રાજ્યની જવાબદારી સોંપાઈ હતી, એ સમયની આ એક ઘટનામાં એમની સ્વમાનપ્રિયતાની એક ઝલક જોવા મળી શકે એમ છે.

નૈણસીના કાંડામાં શૂરવીરતા અને સરસ્વતીનો વાસ હતો, એમ એમની કાયા કામદેવની કૃપાપાત્ર બનવા સૌભાગ્યશાળી બની હતી. એથી બાડમેરના કામદાર કમારાજે પોતાની પુત્રી કમલાના પાણિગ્રહણ માટે નૈણસી પર પસંદગી ઉતારીને શ્રીફળ પાઠવ્યું. કમલાનું સામેથી આવેલું એ શ્રીફળ નૈણસીએ સ્વીકારી લેતાં ઉભયપક્ષે આનંદ-મંગલ છવાઈ ગયો.

આનંદમંગલ ભર્યા આવા વાતાવરણમાં એક દહાડો બાડમેરથી ઘડિયાં લગન લેવાની માંગણી રજૂ કરતાં નૈણશી વિચારમગ્ન બની ગયા. જાલોરની જવાબદારી ઘણી મોટી હતી, એને બાજુ પર મૂકીને બાડમેર જાન લઈને જવાની શક્યતા ન હતી એથી અનુભવીઓએ માર્ગ ચીંધતાં કહ્યું કે, આવી કટોકટીના અવસરે વરરાજા ન જઈ શકે એમ હોય, તો પોતાના પ્રતિનિધિ તરીકે તલવાર પાઠવીને પણ લગ્ન-વિધિ પતાવી શકાય.

ભૂતકાળમાં આ રીતે થયેલા લગ્નના દાખલા જ્યારે નૈણસીની સમક્ષ રજૂ કરાયા, ત્યારે પોતાના પ્રતિનિધિ તરીકે તલવારને મ્યાનમાં પધરાવીને જાન રવાના કરવા નૈણસી સંમત થઈ ગયા. ઘડિયાં લગ્ન માટે નૈણસી સંમત થઈ જતાં બાડમેરમાં તડામાર તૈયારીઓ થવા માંડી. જાલોર તરફથી આવનારી જાનનું જાહોજલાલીભર્યું સામૈયું કરવાની સ્વપ્ન-સૃષ્ટિ સરજનારા બાડમેરને તો સ્વપ્નેય એવો ખ્યાલ ક્યાંથી આવે કે, વરરાજા તરીકે નૈણસીના બદલે એમની તલવાર લઈને જાન આવી રહી હશે. બાડમેર તો વરરાજા તરીકે નૈણશીને જ વધાવવા સજ્જ હતું.

જાલોરથી જાન રવાના થઈ એ જેટલું જગજાહેર હતું, એથી કેઈગણું વધુ ગુપ્ત-રહસ્ય એ હતું કે, વરરાજા વિહોણી એ જાનમાં નૈણસીની સ્થાનપૂર્તિ કરવાનું કાર્ય તલવારને સોંપવામાં આવ્યું હતું. આ રહસ્ય કદાચ ગુપ્ત ન રહ્યું હોત, તો તો આ રીતે ઘડિયાં-લગ્ન જ ન લેવાત. પણ આ રહસ્ય પડદા પાછળ ક્યાં સુધી ગુપ્ત રહી શકવાનું હતું!

જાલોરથી રવાના થયેલી જાન જ્યાં બાડમેરના આંગણે આવી, અને વરરાજાનાં દર્શન મેળવવા જ્યાં મ્યાનાની આસપાસના પડદા દૂર થયા, ત્યાં જ બધો ભેદભરમ ખુલ્લો થઈ જવા પામ્યો કે, વરરાજા જાલોરની જવાબદારી છોડીને જાનમાં જોડાઈને બાડમેર આવી શકે એમ ન હોવાથી પોતાના પ્રતિનિધિ તરીકે તલવાર પાઠવીને નૈણસીએ સંતોષ અનુભવ્યો હતો.

વરરાજા તરીકે નૈણસીના બદલે પ્રતિનિધિ રૂપે આવેલી તલવાર જોતાં જ કન્યાપક્ષમાં સોપો પડી ગયો, પણ બધી જ તૈયારીઓ થઈ ચૂકી હોવાથી રંગમાં ભંગ પાડવાનો હવે કોઈ અર્થ ન હતો. લગ્ન હવે ભગ્ન થઈ શકે એમ ન હતું. એથી મનને મનાવી લેવા પૂર્વક કન્યાપક્ષે તમાચો મારીને મોં લાલચોળ રાખીનેય રંગેચંગે એ લગ્નપ્રસંગ ઊજવી જાણ્યો.

કન્યાપક્ષ મનોમન ધૂંધવાઈ ઊઠ્યો હતો, વરરાજા તરફથી જેવું વર્તન થવા પામ્યું હતું, એવો જ પ્રતિ-પડઘો પાડવાનો વ્યૂહ બાડમેરે ઘડી કાઢ્યો. કન્યાની વિદાયનો વરઘોડો ઠાઠમાઠ સાથે જાલોરના પંથે રવાના થઈ ગયો, આ સમાચાર જાલોર પહોંચતાં જ વરપક્ષ ઝૂમી ઊઠ્યો. વરરાજાના પ્રતિનિધિ તરીકે તલવાર રવાના કરાઈ હોવા છતાં એ તલવાર કન્યા કમલાને વરીને આવી હોવાનો બધાને આકંઠ વિશ્વાસ હતો. એથી જાલોરે કન્યાપ્રવેશની જોરદાર તૈયારી કરી રાખી હતી. એ સનાતન સત્ય જાલોર ભૂલી ગયું હતું કે, જેવો ધ્વનિ પાડીએ, એવો જ પ્રતિધ્વનિ સાંભળવા મળે.

બાડમેરથી કન્યાવિદાયનો નીકળેલો વરઘોડો એક દિ' જાલોરના આંગણે આવી ઊભો. વરપક્ષ કન્યાદર્શન કરવા આતુર હતો. જ્યાં કન્યાના મ્યાનાના પડદા દૂર થયા, ત્યાં જ આશ્ચર્યાઘાત અનુભવતું જાલોર પૂછી બેઠ્યું: કન્યા ક્યાં ? કમલાસુંદરીના દર્શન માટે અમે સૌ ભારે ઉત્સુક છીએ.

જવાબ મળ્યો : જેવા વરરાજા આવ્યા હતા, એવી જ કન્યા વળાવવી પડે ને? તલવાર સાથે તો મુસલનાં લગ્ન જ શોભે ને? સરખે સરખાનો સંબંધ ન ગોઠવાય, તો કજોડું કહેવાય.

કન્યા કમલાના સ્થાને આવેલા મુસલનું જેમ અપમાન ન કરી શકાય, એમ એને આવકારતાં અંતરમાં આનંદ ઊભરાય, એ શક્ય ન હતું. એથી જાલોરે ઔચિત્ય જાળવવા એ મૂસલને આવકાર તો આપ્યો, પણ સ્વમાન સામે થયેલા ઘા સ્વરૂપ આ પ્રતિધ્વનિને સમજી લઈને આનો બદલો લેવાની ગાંઠ પણ જાલોરે એ જ પળે મનોમન સજ્જડ રીતે બાંધી.

ઈતિહાસ કહે છે કે, સ્વમાનને અણનમ રાખવા વીરયોદ્ધા નૈણશીએ બાડમેર સામે જંગ ખેલ્યો. બાડમેરને હરાવીને એની એક પોળના દરવાજાને વિજયના પ્રતીક રૂપે લઈ આવીને એ દરવાજો એમણે જાલોરના કિલ્લામાં ચણ્યો. જે આજે પણ નૈણસી-પોળ તરીકે પ્રસ્તુત ઘટનાની સ્મૃતિ કરાવતો અડીખમ ખડો છે.

સ્વમાનને સાચવવા ખેલાયેલા આ સંગ્રામ પછી બંને પક્ષ સંગ્રામ ભૂલી ગયા હોય અને નૈણશીએ કન્યાને આવકારી હોય, તેમજ જાલોર-બાડમેર સ્નેહના તાણાવાણાથી બંધાયા હોય, એવું અનુમાન અવશ્ય કરી શકાય. વરરાજા રૂપે તલવાર પાઠવવાના કિસ્સા તો અનેક જોવા મળે, પણ કન્યાના બદલે મુસલને વિદાય અપાઈ હોય, એવો કિસ્સો તો કદાચ આ પહેલો-છેલ્લો જ જોવા મળે, તો તે નવાઈ ન ગણાય.

## ૧૯

# શેરની સામે સવા શેર

ભારત-વર્ષના ઈતિહાસમાં મેવાડ રાજ્ય અને મેવાડી રાણાઓનું સ્થાનમાન પહેલેથી જ એવું અનોખું રહ્યું હતું કે, પ્રચંડ આંધીના તોફાન સામે પણ મેવાડ અણનમ તો રહી જ શક્યું, તદુપરાંત એણે અન્યાય સામે અવાજ ઉઠાવવામાં પણ જરાય પાછી પાની ન કરી જાણી. જ્યારે લગભગ ઘણાખરા ભારતીય રાજરજવાડાં અંગ્રેજ સત્તાને ઘૂંટણિયે પડવામાં નાનમ નહોતા સમજતા, ત્યારે એક માત્ર મેવાડ જ એવું રાજ્ય રહ્યું હતું કે, અણનમતાની ટેક જાળવી જાણવા ઉપરાંત જ્યારે અન્યાયની વાત આવી, ત્યારે અંગ્રેજો સામે ઘૂરકિયાં કરીને એને પણ ડરાવવા જે સમર્થ રહ્યું હોય.

આજ સુધી તો દરદાગીના કે મકાનને જપ્ત કરનારી જવાંમર્દી તો હજી જોવા મળતી રહી છે, પણ પૂરી રેલગાડીને જપ્ત કરી જાણનારી જવાંમર્દી જોવા-સાંભળવા પણ નહિ મળી હોય. આવી જવાંમર્દી મેવાડ રાણા ફત્તેહસિંહજીએ દાખવી હતી અને અંગ્રેજ સરકાર તરફથી ચાલતી બી.બી.એન્ડ .સી.આઈ.ના નામે ઓળખાતી રેલગાડીને જપ્ત કરવામાં ફત્તેહસિંહજીને જે ફતેહ મળી હતી, એને તો આજેય મેવાડ ભૂલ્યું નથી.

આખી ને આખી રેલગાડીને જ જપ્ત કરવાની ઘટના ઈતિહાસનાં પાને પ્રથમ વાર જ આ રીતે નોંધાવા પામી હતી. અંગ્રેજ-સરકારનો સૂર્ય મધ્યાહ્ને એ રીતે ઝગારા મારતો હતો કે, ભલભલા ભારતીય રાજા-રજવાડાંઓ એથી અંજાઇ ગયાં હતાં અને અંગ્રેજોની આરતી ઉતારવામાં

ગૌરવ અનુભવતા હતા, ત્યારે પણ અણનમ રહેલા મેવાડી મહારાણા ફત્તેસિંહજી અંગ્રેજ સરકારની આંખમાં કણાની જેમ ખૂંચે, એ સહજ હતું. એથી નાનું મોટું કોઈ છિદ્ર ઉપજાવી કાઢીને અંગ્રેજ સરકાર મેવાડને ગુનામાં સપડાવવાની તક ગોતી જ રહી હતી. ત્યાં ચોમાસાની ઋતુમાં એક પ્રસંગ એવો બન્યો કે, એને ઝડપી લઈને અંગ્રેજ સરકારે ફત્તેહસિંહજીને ગુનેગારના સાણસામાં સપડાવવાની બાજી ગોઠવવા માંડી.

એ જમાનામાં ઉદયપુર-ચિત્તોડગઢ વચ્ચેની રેલવે અંગ્રેજ સરકાર હસ્તક ચાલતી હતી. આ રેલવેલાઈન ભોપાલસાગર તળાવ પાસેના વિસ્તારમાંથી પસાર થતી હતી. રાજસમુંદ તરીકે પ્રખ્યાત આ તળાવ સાગરસમું સુવિશાળ હતું. આના સર્જક મેવાડી મહારાણા હતા. બન્યું એવું કે, ચોમાસાની ઋતુમાં આ તળાવની પાળમાં ભંગાણ પડતાં આસપાસ પાણી એવી રીતે ફરી વળ્યું કે, જેથી અમુક વિસ્તાર સુધી રેલવેના પાટા ધોવાઈ જવા પામ્યા. આ રીતે ધોવાઈ ગયેલી રેલવેલાઇનને કેન્દ્રમાં રાખીને અંગ્રેજ સરકારે ફત્તેહસિંહજી પર એક એવો પત્ર લખ્યો કે, જેના જવાબ વાળવા રૂપે ૧૬ લાખ રૂપિયા દંડ તરીકે ફત્તેહસિંહજીને ચૂકવવો પડે!

અંગ્રેજ સરકારે મેવાડ રાજ્ય પર પાઠવેલા પત્રમાં લખ્યું હતું કે, મહારાણા ! અંગ્રેજ સરકારને એ વાતનો તો આનંદ છે કે, મેવાડી પ્રજાની સેવા-સુવિધાનો લાભ ઉદયપુર-ચિત્તોડગઢ વચ્ચે આવતી જતી રહેતી 'બી.બી.એન્ડ સી.આઈ.'રેલવે દ્વારા મળી રહ્યો છે. પણ આમાં જે એક અવરોધ ઊભો થવા પામ્યો છે અને એમાં દોષનું ભાગીદાર મેવાડી રાજ્ય બની રહ્યું હોવાથી અમને આ પત્ર લખવાની ફરજ અદા કરવી પડે છે. ન છૂટકે અમારે એ જણાવવું પડે છે કે, મહારાણા દ્વારા નિર્મિત તળાવની પાળ તૂટી જતાં અમારી રેલવેલાઈન ધોવાઈ જવાના કારણે અંગ્રેજ સરકારને ૧૬ લાખ રૂપિયાનું નુકસાન થવા પામ્યું છે. એથી મેવાડરાજ્યે તરત જ ૧૬ લાખ વળતર રૂપે અંગ્રેજ સરકારને ચૂકવી

આપવા જોઈએ, જેથી પ્રજાને મળતી રેલવેની આ સુવિધા તરત જ અંગ્રેજ સરકાર પૂર્વવત ચાલુ રાખી શકે.

અંગ્રેજ સરકાર તરફથી લખાયેલો આ પત્ર હાથમાં આવતાં જ મહારાણા ફત્તેહસિંહજીની જવાંમર્દી ખળભળી ઊઠી. આ પત્ર લખવા પાછળની મેલી મુરાદને પકડી પાડતા એમને વાર ન લાગી. કોઈ પણ રીતે મેવાડની અણનમતાને અંગ્રેજ સરકાર ઝુકાવવા માંગતી હતી. પણ મેવાડ કંઈ એવું નમાલું ન હતું કે, આવો કાગળ વાંચીને એ કાયરતા સ્વીકારી લે. એમણે અંગ્રેજ સરકારને જ દોષિત સાબિત કરીને ગળે પડવાની નીતિ અપનાવતો વળતો જ પત્ર રવાના કરાવ્યો.

ફત્તેહસિંહજીએ પત્રમાં લખાવ્યું કે, અંગ્રેજ સરકારે જવાબમાં એટલું જાણવું જરૂરી છે કે, તળાવ વર્ષોથી ત્યાં જ હતું, રેલવે લાઇન પાછળથી ત્યાં નાખવામાં આવી છે. આ સચ્ચાઈનો કોઈનાથી અપલાપ થઈ શકે એમ નથી. આ સચ્ચાઈના આધારે તો મેવાડરાજ્યને અંગ્રેજ સરકારે બત્રીસેક લાખ રૂપિયા આપવાના રહે છે. કારણ કે રેલગાડીના ઘરઘરાટથી જ તળાવની પાળના પાયા હચમચી ઊઠતાં પાળમાં ભંગાણ પડ્યું હતું અને એથી જ આસપાસનાં કેટલાંય ગામો તારાજીનો ભોગ બન્યાં હતાં તેમજ ખેતરોનો પાક સાફ થઈ જવા પામ્યો હતો, આ તારાજીના કારણે મેવાડ રાજ્યને થયેલ નુકસાનીનો અંદાજ બત્રીસેક લાખ રૂપિયાનો થવા પામે છે. માટે અંગ્રેજ સરકાર આ વળતર ચૂકતે નહિ કરે, ત્યાં સુધી સરકારની રેલવે ગાડી મેવાડરાજ્યના કબજામાં રહેશે. અંગ્રેજ સરકારને આટલી નોંધ લેવા ઉપરાંત કડક પગલાં ઉઠાવવાની ફરજ મેવાડને ન બજાવવી પડે અને અંગ્રેજ સરકાર સ્વતઃ જ આ પત્રને માન્ય કરી લેવાનું ડહાપણ દાખવે, એવો મેવાડને વિશ્વાસ છે.

મેવાડનો મર્દાનગીભર્યો આ પત્ર મળતાં જ અંગ્રેજ સરકાર દિંગ બની ગઈ. એને અભિમાન હતું કે, પોતાના પક્ષે શેર જેવું સામર્થ્ય હતું. શેરની સામે સવાશેર સમી મેવાડની મર્દાનગી જોઈને મનોમન તો

આવી ખમીરી બદલ અંગ્રેજો અહોભાવિત બની ગયા, અંગ્રેજ સરકારના હાથ લાંબા હતા, છતાં મેવાડની જપ્તીમાંથી એ રેલવેને છોડાવી જવી, આ તો અંગ્રેજો માટે ગજા બહારની જ વાત હતી. અંગ્રેજ સરકાર મનોમન હેબતાઈ ગઈ. બીજાને ફસાવવા માટે બિછાવેલી જાળમાં જ પોતાને ફસાઈ જવું પડ્યું હતું, આ ફસામણમાંથી ઊગરવાનો કોઈ રસ્તો નજરે ન પડતાં અંગ્રેજ સરકારને મને-કમને પણ રેલવે પરની એ જપ્તી અંગે મૌન બની જવું પડ્યું. આવી હતી મેવાડ-મહારાણાઓની જવાંમર્દી!

૨૦

# માલિકની ખાતર મરી ફીટનાર શ્વાનઃ મોતી

કોઈ લેખક પોતાની કૃતિને ગુરુના કરકમળમાં સમર્પિત કરે, કોઈ સર્જક વળી માત-પિતા કે મિત્રની યાદમાં પુસ્તકની અર્પણવિધિ કરે, કોઈ સાહિત્યકાર વડીલો કે પૂજ્યોને અર્પણ સમયે યાદ કરે, પણ કોઈ લેખકે કૂતરાને પુસ્તક સમર્પિત કર્યું હોય, એવું બને ખરું ? આવી સમર્પણવિધિ કરનાર લેખકને કોઈ ડાહ્યો ગણે ખરું ? કૂતરાને તો કોઈ જ લેખક પુસ્તક સમર્પિત કરે જ નહિ. આમ છતાં મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ લેખક અને નાટ્યકાર શ્રી ગણેશ ગડકરી લિખિત પુસ્તક ‘રાજસંન્યાસ’નાં પાનાં ઉથલાવીએ, તો અર્પણના પાને એવા અક્ષરો વાચવા મળે કે, ૩૦૦ વર્ષ પૂર્વે થઈ ગયેલા કૂતરા મોતીને સાદર સમર્પિત!

પ્રશ્નો થવો સંભવિત ગણાય કે, કૂતરાને અને એ પણ ૩૦૦ વર્ષ પૂર્વે થઈ ગયેલા કૂતરા મોતીને ગણેશ ગડકરી જેવા નાટ્યકાર ‘રાજસંન્યાસ’ પુસ્તકને સમર્પિત કરે, એની પાછળ કોઈ ઇતિહાસ કે રહસ્ય ગર્ભિત ન હોય એ બને જ નહિ.

મોતી નામ ધરાવતા અને ૩૦૦ વર્ષ પૂર્વે થઈ ગયેલા એક કૂતરાને સમર્પણના પાને ગડકરીએ શા માટે સંભાર્યો હશે? જાણવા જેવો છે આનો ઇતિહાસ અને આનું રહસ્ય.

છત્રપતિ શિવાજી મહારાજને ચિત્તાના સંભવિત હુમલાથી બચાવી લેનાર વફાદાર એક કૂતરાનું નામ મોતી હતું. શિવાજીનો પડછાયો બનીને જીવનાર મોતીની વિરલ વિશેષતા એ હતી કે, શિવાજીના મૃત્યુ બાદ

અગ્નિસંસ્કારના સમયે આહુતિ તરીકે હોમાઈ જવા સુધીની વફાદારી આ કૂતરાએ અદા કરી જાણી હતી.

વફાદારીની આવી અંતિમ સીમા સર કરી જાણનાર શ્વાન મોતીની વીતક-વાર્તા કંઈક આવી હતીઃ શિવાજીને સૈનિકો અને સેવકો જ કંઈ વફાદાર નહોતા મળ્યા. પશુ તરીકે હાથી, અશ્વ અને શ્વાન(કૂતરા) જેવાં પ્રાણીઓ પણ વફાદારીની અંતિમ સીમા સમાં મળ્યાં હતાં. એમાં એક કૂતરો તો ઇતિહાસાંકિત બની જવા પામ્યો. જે મોતીના હુલામણા નામે સંબોધાતો હતો! શિવાજીની કાયાના પડછાયા તરીકે સાથે ને સાથે રહેનાર મોતીએ એક વાર જંગલમાં ચિત્તાના સંભવિત હુમલાથી શિવાજીને આબાદ બચાવી લીધા હતા.

શિવાજી એક વાર ઝાડ નીચે આરામ કરવા આડા પડ્યા. મોતી જેવો જાગ્રત ચોકીદાર સાથે હોય, પછી કોઈ રાની પશુનો ડર રાખવાનો હોય ખરો? શિવાજી નિશ્ચિંત બનીને આરામની પળો માણી રહ્યા, પણ થોડી જ વાર પછી મોતી જોરજોરથી ભસવા માંડ્યો. આ રીતે ભસવા દ્વારા મોતી કોઈ વાર શિવાજીની ઊંઘ ઉડાડવામાં કારણ બનતો નહોતો. એથી જાગી ગયેલા શિવાજીએ જ્યાં આંખ ખોલી, ત્યાં જ મોતીના ભસવાનું કારણ જડી આવ્યું. થોડેક દૂર એક ચિત્તો છુપાઈને પોતાની પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યો હતો, પોતાને એ ચિત્તાથી ચેતવવા જ મોતી જોરજોરથી ભસી રહ્યો હતો. એના અવાજથી જાગી ગયેલા શિવાજી સાવધ બની જતા, ચિત્તાની ચાલ નિષ્ફળ ગઈ, એ ચિત્તો જીવ લઈને દૂર દૂર ભાગી છૂટ્યો ને શિવાજી બાલબાલ બચી ગયા.

જોરજોરથી ભસીને કૂતરાએ જો શિવાજીની ઊંઘમાં ખલેલ ન પહોંચાડી હોત, તો કદાચ શિવાજીની જીવનબાજી સંકેલાઈ જવા પામી હોત. આ રીતે પોતાને મોતના મુખમાં કોળિયો બની જતાં આબાદ બચાવી લેનાર મોતીને શિવાજીએ વહાલથી પંપાળી પંપાળીને સ્નેહથી એ રીતે ભીંજવી દીધો કે, બીજાને એની ઈર્ષા જાગ્યા વિના ન રહે.

આ ઘટના બન્યા બાદ તો મોતીનાં માનપાન કેઈ ગણાં વધી ગયાં. એની જેમ શિવાજી પ્રત્યેની મોતીની વફાદારીની માત્રા-યાત્રા પણ વૃદ્ધિંગત બનતી જ રહી. કોઈ વાર શિવાજી માંદગીના ભોગ બને અને ખાવા-પીવાની અરુચિના કારણે એમને લાંઘન થઈ જાય, તો મોતી પણ શિવાજીની પથારીની પાસે ને પાસે જ ખાધાપીધા વિના બેઠો રહે. ઘણા માણસો એને ખવરાવવા મથે, પણ એ મથામણ મિથ્યા જ ઠરે. આ રીતની મોતીની વફાદારીની વાતો જેમ જેમ ફેલાવો પામતી રહી, એમ એમ મોતીને જોવા માટે આવનારા લોકોની સંખ્યામાં વધારો થતો જ ગયો.

વર્ષો બાદ શિવાજી બીમાર પડ્યા અને બીમારીએ ગંભીરરૂપ ધારણ કર્યું, ત્યારે શિવાજીની સેવામાં સજ્જ સ્નેહીઓ કંઈ ચોવીસે કલાક તો ખડે પગે હાજર ન રહી શકે. પણ મોતી જ એક એવો વફાદાર સેવક સાબિત થયો કે, જે શિવાજીની શય્યાની આસપાસ ચોવીસે કલાક ખડે પગે હાજર રહેતો હોય, એટલું જ નહિ, શિવાજી ભોજન ન કરે, તો મોતી પણ ખાવાનું ટાળતો. એ ગંભીર બીમારીમાં વૈદ્યો-હકીમો પણ શિવાજીને સ્વસ્થ ન બનાવી શક્યા. અને ગોઝારી એક ઘડી-પળ એવી આવી કે, શિવાજીનો જીવનદીપ બુઝાઈ જવા પામ્યો.

એ પળે મોતીના મુખ પર અતિગંભીર ગમગીની છવાઈ જવા પામી. એ જોઈને સૌને એવી આશંકા જાગી ઊઠી કે, આ ગમગીની મોતીના જીવનદીપને તો ઓલવી નહીં નાખે ને? આ જાતની આશંકા અંતે કોઈ ને કોઈ રીતે સાચી ઠરી. મોતીનો આયુષ્ય દોર એટલો કાચો નહતો કે, એ અકાળે તૂટી જાય.

શિવાજીના દેહને અગ્નિ સંસ્કારિત કરવા ચિત્તા જ્યારે પ્રજ્વલિત બની ઊઠી, ત્યારે શિવાજીની પાછળ પોતાના પ્રાણની આહુતિ આપવા મોતીએ એ ચિતામાં ઝંપલાવી દેવાનો પ્રયત્ન કર્યો. આની ગંધ રાજસેવકોને આવી જતાં એમણે મોતીને પકડી રાખીને સુરક્ષિત સ્થાને મૂકવાનો પ્રયત્ન કરી જોયો, પણ અંતે એ સેવકોની નજર ચૂકવીને મોતી

તો એ ચિતામાં ઝંપલાવી લઈને વફાદારીનું અંતિમ શિખર હાંસલ કરીને જ જંપ્યો.

રાયગઢના એ કિલ્લા પર શિવાજી મહારાજની સ્મૃતિ સમાધિનું જ્યાં નિર્માણ થયું ત્યાં બરાબર એની નજીકમાં જ વફાદાર મોતીની સ્મૃતિ સમાધિ પણ નિર્મિત થવા પામી. આજે પણ રાયગઢના એ કિલ્લામાં શિવાજીની સમ૧ાધિની નજીક નિર્માણ પામેલી મોતીની એ સમાધિ માલિક પ્રત્યેની વફાદારીની સર્વોચ્ચ ટોચની સ્મૃતિ કરાવતી જોવા મળે છે. રાયગઢના એ કિલ્લાના પ્રવાસે જે જઈ શકે, એવા હજારો-વાચકોને માલિકની ખાતર મરી ફીટનારા શ્વાન મોતીની વફાદારી પર આંસુના બે બિન્દુની શ્રદ્ધાંજલિ આપવાની પ્રેરણા મળે, એ માટે સાહિત્યકાર ગડકરી પોતાની પ્રખ્યાત કૃતિ 'રાજસંન્યાસ'ની અર્પણવિધિ શ્વાન-મોતીને કરે, એમાં નવાઈ શી ?

: નોંધ :





વિ.સં.૨૦૪૯-૨૦૭૨ 'સૂરિપદ રજતોત્સવ'

## ।। नमो आयरियाणं ।।

देसकुलजाइरूवाइएहिं बहुगुणगणेहिं संजुत्ता ।
जे हुंति जुगे पवरा ते आयरिए नमंसामि ॥

દેશ, કુળ, જાતિ, રૂપ આદિ અનેક ગુણોના સમૂહથી યુક્ત જેઓ યુગમાં પ્રધાન પ્રમુખ હોય છે, તે આચાર્ય ભગવંતોને હું નમસ્કાર કરું છું.



મેરુ જેવા અણનમ

પંચ પ્રસ્થાન
પુણ્યસ્મૃતિ
પ્રકાશન
સુરત